



*समानी मन्त्रः* (ઋગ્વેદ) *समानी प्रपा* (અથર્વવેદ)

# પરબ

સ્થાપનાવર્ષ : ૧૯૬૦

વર્ષ : ૧૨ જુલાઈ : ૨૦૧૭ અંક : ૧

પરામર્શનસમિતિ

**ચન્દ્રકાન્ત ટોપીવાળા** — પ્રમુખ

**ઉષા ઉપાધ્યાય** — પ્રકાશનમંત્રી

તંત્રી

**યોગેશ જોષી**

## ગુજરાતી સાહિત્ય પરિષદ

**મેઘાણી જ્ઞાનપીઠ ❖ ક. લા. સ્વાધ્યાયમંદિર**

ગુજરાતી સાહિત્ય પરિષદ (પ્રકાશન વિભાગ), ગોવર્ધનભવન,
ગુજરાતી સાહિત્ય પરિષદ માર્ગ, આશ્રમ માર્ગ, નદીકિનારે, અમદાવાદ-૩૮૦ ૦૦૯
ફોન : ૨૬૫૮૭૯૪૭

**ગુજરાતી સાહિત્ય પરિષદના સભ્યપદ અને 'પરબ'ના લવાજમ અંગે :**

- 'પરબ' દર મહિનાની દસમી તારીખે પ્રકાશિત થાય છે.
- 'પરબ'ના ગ્રાહક તથા પરિષદના સભ્ય વર્ષમાં ગમે ત્યારે થઈ શકાય છે.
- 'પરબ'નું વાર્ષિક લવાજમ રૂ. ૧૫૦ છે.
- વિદ્યાર્થીઓ માટે 'પરબ'નું વાર્ષિક લવાજમ રૂ. ૭૫ છે. સાથે પ્રમાણપત્ર બીડવું.
- ગુજરાતી સાહિત્ય પરિષદના વાર્ષિક તેમજ આજીવન સભ્યપદના શુલ્કમાં 'પરબ'ના લવાજમનો સમાવેશ થઈ જાય છે.
- પરિષદના વાર્ષિક વ્યક્તિગત સભ્યપદનું શુલ્ક રૂ. ૨૦૦ તથા સંસ્થાગત સભ્યપદનું શુલ્ક રૂ. ૩૦૦ છે. સભ્ય થવા ઇચ્છનારે પરિષદના નિયત ફૉર્મમાં અરજી કરવાની રહેશે.
- પરિષદના આજીવન સભ્યપદનું શુલ્ક રૂ. ૨,૦૦૦ છે તથા સંસ્થા આજીવન સભ્ય ફી રૂ. ૩,૦૦૦ છે. (વિદેશવાસીઓ માટે ૭૫ પાઉન્ડ અથવા ૧૩૦ ડૉલર.)
- 'પરબ' લવાજમ તથા પરિષદ સભ્યપદ શુલ્કની રકમ મનીઑર્ડર અથવા ડિમાન્ડ ડ્રાફ્ટથી 'ગુજરાતી સાહિત્ય પરિષદ'ના નામે જ મોકલવી.

**લેખકોને :**

- 'પરબ'માં પ્રગટ થતાં લખાણોમાંના વિચાર-અભિપ્રાયની જવાબદારી જે તે લેખકની રહે છે.
- લેખકોએ પોતાનું લખાણ ફૂલ્સકેપ અથવા A4 સાઇઝના કાગળની એક બાજુએ, સુવાચ્ય અક્ષરે લખી મોકલવું. પોસ્ટકાર્ડ, ઇનલૅન્ડ કે ચબરખીઓમાં કૃતિ મોકલવી નહીં. પ્રત્યેક કૃતિ નીચે પૂરું સરનામું લખવું તથા એક નકલ પોતાની પાસે રાખીને જ કૃતિઓ મોકલવા વિનંતી.
- **સ્વીકૃત કૃતિની જાણ કરાશે. ટપાલ-ટિકિટો ચોંટાડેલું કવર મોકલ્યું હશે તો અસ્વીકૃત કૃતિ પરત કરવામાં આવશે, અન્યથા કૃતિ અસ્વીકૃત ગણવી. પોસ્ટકાર્ડ મોકલ્યું હશે તો અસ્વીકૃતિની જાણ કરાશે.**
- **પત્રવ્યવહારનું સરનામું :** તંત્રી, 'પરબ', ગુજરાતી સાહિત્ય પરિષદ (પ્રકાશન વિભાગ), ગોવર્ધનભવન, આશ્રમમાર્ગ, 'ટાઇમ્સ' પાછળ, નદીકિનારે, પો.બૉ. ૪૦૬૦, અમદાવાદ ૩૮૦૦૦૯

**'પરબ' સંવર્ધક : ગુજરાત સ્ટેટ ફર્ટિલાઇઝર્સ ઍન્ડ કેમિકલ્સ લિ., વડોદરા**

E-mail : gspamd@vsnl.net ફોન અને ફૅક્સ : ૨૬૫૮૭૯૪૭
Web-site : www.gujaratisahityaparishad.org
www.gujaratisahityaparishad.com

ISSNO250-9747 પરબ છૂટક કિં. રૂ. ૨૦/-

માલિક : ગુજરાતી સાહિત્ય પરિષદ વતી મુદ્રક અને પ્રકાશક : ઉષા ઉપાધ્યાય (પ્રકાશમંત્રી), ગોવર્ધનભવન, આશ્રમમાર્ગ, ગુજરાતી સાહિત્ય પરિષદ માર્ગ, અમદાવાદ-૩૮૦૦૦૯ * તંત્રી : યોગેશ જોષી * મુદ્રણસ્થાન : ભગવતી ઑફસેટ, અમદાવાદ-૩૮૦૦૦૬



**અ નુ ક્ર મ**


| | |
|---|---|
| **આ ક્ષણે...** | : ગુજરાત સાહિત્ય અકાદમીની સ્વાયત્તતા વિશે, યોગેશ જોષી 6 |
| **પ્રમુખીય** | : સ્વાયત્તતા : એક મોંઘી જણસ, ચન્દ્રકાન્ત ટોપીવાળા 7 |
| **વિશેષ** | : વાત સ્વાયત્તતાની, પ્રફુલ્લ રાવલ 9 સ્વાયત્તતા એટલે નિષ્ણાતોની નિર્ણાયક સામેલગીરી, રઘુવીર ચૌધરી 12 સાહિત્ય સ્વાયત્ત હોય, સંસ્કાર નહીં, પરેશ નાયક 15 પત્રસેતુ, સિતાંશુ યશશ્ચન્દ્ર 17, વિષ્ણુ પંડ્યા 21, રમણ સોની 22 |
| **કવિતા** | : મૃત્યુને, નિરંજન ભગત 24 પાંચ ગીત, મનોહર ત્રિવેદી 24 બે કવિતા, સંસ્કૃતિરાણી દેસાઈ 27 ટેકરી ટહુકાય એવું, કરસનદાસ લુહાર 29 ઝાડ જીવે ચિક્કાર, ભગીરથ બ્રહ્મભટ્ટ, 30 તમે આવ્યા, દક્ષા વ્યાસ 30 સુખ, વિજય રાજ્યગુરુ 31 તું રાધેશ્યામ શર્મા 31 તમે આવો, મણિલાલ હ. પટેલ 32 ઘાસ મણિલાલ હ. પટેલ 33 |
| **વાર્તા** | : પુસ્તક અને હું, દીવાન ઠાકોર 34 |
| **લલિત ગદ્ય** | : સ્મરણ : લીમડો, ધરમાભાઈ શ્રીમાળી 41 |
| **ભારતીય સાહિત્ય** | : રત્નકરણની પત્ની : અનુવાદ : રમણ સોની 44 |
| **આસ્વાદ** | : સાફલ્યનું સૌંદર્ય સિદ્ધ કરતી કૃતિ : રાધેશ્યામ શર્મા 52 |
| **અભ્યાસ** | : નાઝીર મનસુરીકૃત 'ફિરંગી' વાર્તામાં.., મનોજ માહ્યાવંશી 54 |
| **નવલકથાના અંશો** | : સોનાની ધ્વારકા, હર્ષદ ત્રિવેદી 59 |
| **વક્તવ્ય** | : ધીરુબહેનનો પરિચય : નૌશિલ મહેતા 70 |
| **સમીક્ષા/ગ્રંથાવલોકન** | : રાગ અને રંગના ઉત્સવ, સેજલ શાહ 73, એકાન્તમાં ઊડતાં રહેતાં, સિલાસ પટેલિયા 79, કૃતિકેન્દ્રી લખાણો : 'કૃતિગત' કલ્પના દવે 82 |
| **આપણી વાત** | : સંકલન : પ્રફુલ્લ રાવલ 84 |
| **પત્રસેતુ** | : સુરેશ શુક્લ 87 |
| **આ અંકના લેખકો** | : 88 |
| **આવરણ કલ્પના** | : ચન્દ્રકાન્ત ટોપીવાળા |

## આ ક્ષણે

# ગુજરાત સાહિત્ય અકાદમીની સ્વાયત્તતા વિશે

■ યોગેશ જોષી ■

અત્યાર સુધી ગુજરાત સાહિત્ય અકાદમીની સ્વાયત્તતાના મુદ્દે 'પરબ'માં કશું પ્રગટ થયું નથી. સ્વાયત્તતા વિશે 'પ્રત્યક્ષ'નો તંત્રીલેખ સ્મરણમાં છે. 'નિરીક્ષક'માં તથા વર્તમાનપત્રોમાં એના વિશે ચર્ચાઓ થતી રહી છે. પ્રજામાં ગુજરાત સાહિત્ય અકાદમીની સ્વાયત્તતા વિશે ગેરસમજ વધતી હોવાનું જણાય છે. 'મુઠ્ઠીભર લોકો જ સ્વાયત્તતાના નામે વાતાવરણ બગાડી રહ્યા છે : વિષ્ણુ પંડ્યા', 'ગુજરાતી સાહિત્ય પરિષદ કરતાં અકાદમી વધુ સ્વાયત્ત : વિષ્ણુ પંડ્યા' - જેવાં શીર્ષક બાંધીને અગ્રણી વર્તમાનપત્રમાં કંઈક ને કંઈક જોવા મળ્યું. કવિશ્રી સિતાંશુ યશશ્ચન્દ્ર તથા પરિષદપ્રમુખશ્રી ચન્દ્રકાન્ત ટોપીવાળાના પત્રો પણ અધૂરા છપાયેલા જોવા મળ્યા. વર્તમાનપત્રો તટસ્થ ન હોવાનુંય જણાય છે, તથા સત્યની ઊણપ પણ વરતાય છે. આમ પણ અત્યારે સમૂહમાધ્યમોમાં મૂલ્યોનો હ્રાસ જોવા મળે છે. અંગત સ્વાર્થ સાધવાની વૃત્તિ ઠેર ઠેર દેખાય છે. આ પરિસ્થિતિમાં સ્વાયત્તતાના સત્ય માટે ઝઝૂમનારાઓ 'મુઠ્ઠીભર' જ હોય એ સ્વાભાવિક છે.

સરકાર દ્વારા ચાલતી 'ગુજરાત સાહિત્ય અકાદમી'ને ઉમાશંકર જોશી, દર્શક, યશવંત શુક્લ જેવા સાહિત્યકારોએ અથાક પ્રયત્નો પછી સ્વાયત્ત કરી હતી. લોકશાહી ઢબે અધ્યક્ષ ચૂંટાતા. લોકશાહી ઢબે કાર્ય કરવા માટે બંધારણ ઘડાયું. દર્શક તથા ભોળાભાઈ અધ્યક્ષ તરીકે ચૂંટાયેલા. ભોળાભાઈનો કાર્યકાળ પૂરો થયા પછી 'અધ્યક્ષ' વગર માત્ર મહામાત્ર દ્વારા કાર્યભાર ચાલ્યો. બંધારણને સુષુપ્ત અવસ્થામાં રાખી દેવાયું. બંધારણને ફરી જીવંત કરવા અને અકાદમીને સાચા અર્થમાં સ્વાયત્ત કરવા નારાયણ દેસાઈએ અવાજ ઉઠાવ્યો.

પરંતુ, છેવટે સુષુપ્ત કરી દેવાયેલા બંધારણનોય ધ્વંસ કરી દેવાયો ને સરકાર દ્વારા જ અધ્યક્ષની સીધી નિમણૂક થવા લાગી. ચૂંટાઈને અધ્યક્ષ થવું એ ગૌરવપ્રદ લેખાય. વળી એ રીતે ચૂંટણીની પ્રક્રિયા મારફતે અધ્યક્ષ નિમાય એ હેતુસર તો સ્વાયત્ત અકાદમીનું બંધારણ ઘડાયેલું.

ગુજરાત સાહિત્ય અકાદમીની સ્વાયત્તતાના મુદ્દે પ્રજાની સમજ અને જાગૃતિ વધે એ અત્યંત જરૂરી છે. કેટલાંક વર્તમાનપત્રો સત્યને ઉજાગર કરવાના બદલે ગેરસમજ વધારતાં હોય તેવું જણાય છે. આ સંજોગોમાં સાચી વાત પ્રજાજનો સુધી પહોંચે અને ગુજરાત સાહિત્ય અકાદમીની સ્વાયત્તતા માટેનો અવાજ વધારે બુલંદ બને એ જરૂરી છે. આ માટે આ અંકમાં પ્રમુખીય લેખ ઉપરાંત રઘુવીરભાઈ, મહામંત્રી પ્રફુલ્લભાઈ, પરેશ નાયકના લેખો તથા સિતાંશુ યશશ્ચન્દ્ર, રમણ સોની તથા અન્યોના પત્રો પ્રગટ કર્યા છે.



## પ્રમુખીય

# સ્વાયત્તતા : એક મોંઘી જણસ

■ ચન્દ્રકાન્ત ટોપીવાળા ■

ગુજરાતી અગ્રણી દૈનિક પણ જો એમ માનતું હોય કે 'ગુજરાતી સાહિય પરિષદ' અને 'ગુજરાત સાહિત્ય અકાદમી' સાહિત્યસેવા માટે નહીં, પરંતુ સામસામે બાંયો ચડાવવા બદલ કુખ્યાત થઈ રહી છે, તો સામાન્ય ગુજરાતી સાહિત્યસેવી પ્રજાજન આ બંને સંસ્થા અંગેની સમજમાં અટવાયા કરે એ સ્વાભાવિક છે.

પહેલાં તો મહત્ત્વની સાહિત્ય અકાદમીઓનો પરિચય કરી લઈએ. ભારતમાં દિલ્હીની કેન્દ્રસ્થ સાહિત્ય અકાદમી એવી સંસ્થા છે જે ભારતની માન્ય ભાષાઓનાં સાહિત્યોની સંભાળ રાખે છે તેમજ કેન્દ્ર સરકારના ભંડોળથી ચાલે છે, પણ એમાં લોકતાંત્રિક રીતે લેખકો દ્વારા પ્રમુખ ચૂંટાઈને આવે છે અને પ્રમુખ પ્રત્યેક ભાષાની સ્થાનિક સમિતિઓ દ્વારા સંચાલન કરે છે.

આ ઉપરાંત દરેક રાજ્યની સરકાર પોતાની સાહિત્ય અકાદમી ચલાવે છે અને દરેક રાજ્ય પોતાની સાહિત્ય અકાદમીનું સીધી નિમણૂકો દ્વારા પોતાને હસ્તક સંચાલન રાખે છે.

ભારતની દરેક ભાષાની આ રીતે સરકાર હેઠળ કામ કરતી અને સરકાર દ્વારા થતી સીધી નિમણૂકોથી વ્યવહાર ચલાવતી અકાદમીઓ વચ્ચે પ્રારંભમાં ગુજરાત રાજ્યની 'ગુજરાત સાહિત્ય અકાદમી' પણ સરકાર હેઠળ અને સરકાર દ્વારા થતી સીધી નિમણૂકોથી ચાલતી હતી. પરંતુ ગર્વની વાત છે કે ઉમાશંકર જોશી, યશવંત શુક્લ, મનુભાઈ પંચોલી 'દર્શક' જેવા સાહિત્યકારોના અથાક પ્રયત્નો પછી 'ગુજરાત સાહિત્ય અકાદમી' એક માત્ર એવી અકાદમી બની જે સરકાર દ્વારા નહીં પણ સાહિત્યકાર-મતદાર મંડળમાંથી ચૂંટાયેલા સાહિત્યકારો અને એ ચૂંટાયેલા સાહિત્યકારો દ્વારા ચૂંટાયેલા અધ્યક્ષ દ્વારા લોકશાહી ઢબે કાર્યરત થઈ અને એમ થતાં ગુજરાતને એક મોંઘી જણસ સાંપડી. દર્શક, ભોળાભાઈ પટેલ જેવા ચૂંટાયેલા અધ્યક્ષોએ સફળ એવી કામગીરી પણ બજાવી.

પરંતુ, ત્યારબાદ એક તબક્કે સાહિત્યકાર સભ્યો ચૂંટાયા છતાં તત્કાલીન ગુજરાત સરકારે પોતાને મોકલવા જોઈતા પ્રતિનિધિઓ ન મોકલી મતદાર મંડળને પૂર્ણ થવા ન દીધું. હા, 'ગુજરાત સાહિત્ય અકાદમી'ના બંધારણમાં ચૂંટાયેલા અધ્યક્ષ સાથે સરકાર તરફથી મહામાત્રની નિમણૂંક પામતી હોઈ, અધ્યક્ષ વગર માત્ર મહામાત્ર દ્વારા 'ગુજરાત સાહિત્ય અકાદમી'નો કાર્યભાર ચાલ્યા કર્યો.

આમ છતાં, એક તબક્કે 'ગુજરાત સાહિત્ય અકાદમી' દ્વારા 'શબ્દસૃષ્ટિ' નામક ચાલતા સાહિત્યિક સામયિકમાં અચાનક સંપાદકની ઉપર સરકારી પરામર્શન મંડળ મૂકી દેતાં પહેલી વાર એમાં સુષુપ્ત બંધારણ પાછળ સરકારી હિલચાલ જોવા મળી, જે

છેવટે સુષુપ્ત બંધારણને બાજુએ રાખીને ચૂંટણી વગર સરકાર દ્વારા અધ્યક્ષની સીધી નિમણૂકમાં પરિણમી. અત્યાર સુધી મહામાત્રથી ચાલતી અકાદમી દ્વારા એટલું આશ્વાસન હતું કે સુષુપ્ત બંધારણ ક્યારેક સજીવ થશે પણ લોકતંત્રની પૂરી અવગણના કરી ચૂંટ્યા વગરના અધ્યક્ષની સીધી નિમણૂક થતાં 'ગુજરાત સાહિત્ય અકાદમી'ના બંધારણ પર કુઠારાઘાત થયો. ચૂંટણી પ્રક્રિયા દ્વારા ઊભરતા લોકશાહી મૂલ્યની એમાં ભારોભાર અવગણના હતી. સમસ્ત ભારતમાં દિલ્હીની કેન્દ્રસ્થ સાહિત્ય અકાદમીને બાદ કરતાં લોકતાંત્રિક મૂલ્યો પર ઊભેલી એકમાત્ર 'ગુજરાત સાહિત્ય અકાદમી' સરકારી બની ગઈ.

હવે, ગુજરાત સરકારે અનેક વિરોધ છતાં 'ગુજરાત સાહિત્ય અકાદમી'ના નિયુક્ત પહેલા અધ્યક્ષની સમયાવધિ પૂરી થતાં બીજા અધ્યક્ષને પણ સીધી નિમણૂક આપી દીધી છે. ગુજરાતી પ્રજાએ સમજવાનું એ રહે છે કે આ બિનબંધારણીય અને બિનલોકશાહી પગલાથી પ્રજાના સ્વાયત્તતાના અધિકાર પર સીધી તરાપ આવી છે.

આ સંદર્ભમાં જોઈ શકાય છે કે બીજી વાર સ્વાયત્તતાને કોરે મૂકીને નવા અધ્યક્ષની નિમણૂક થઈ છે અને હવે નવનિયુક્ત અધ્યક્ષ 'ગુજરાતી સાહિત્ય પરિષદ' કરતાં 'ગુજરાત સાહિત્ય અકાદમી' વધુ સ્વાયત્ત છે એવું તર્કહીન વિધાન કરી પોતાની નિમણૂકને સાધાર કરવા પ્રયત્ન કરી રહ્યા છે. લોકશાહી મૂલ્યોને ખાતર ઝઝૂમતા પરિષદના તેમજ અન્ય મુઠ્ઠીભર લોકો સ્વાયત્તતાને નામે વાતાવરણ બગાડી નથી રહ્યા, પણ લોકશાહીના હનન સામે ઝઝૂમતાં ઝઝૂમતાં સાહિત્યકારોને અને પ્રજાને ઢંઢોળી રહ્યા છે.

વર્ષોજૂની ગુજરાતી સાહિત્ય પરિષદ પોતાના બંધારણીય માળખા પર ઊભેલી છે. ચૂંટાઈને આવેલા સભ્યોની એની મધ્યસ્થ સમિતિ અને કારોબારી સમિતિ છે, એનું ટ્રસ્ટીમંડળ છે અને એના સામાન્ય સભાસદો છે તેમજ એના પ્રમુખ લોકશાહી રીતે ચૂંટણી દ્વારા પદપ્રાપ્તિ કરે છે.

કેવળ જૂજ દાનભંડોળ અને મૂડી અને કોઈ પણ જાતની આવર્તિત આવક વગર નભતી ગુજરાતી સાહિત્ય પરિષદ એનાં મર્યાદિત સાધનો દ્વારા પ્રવૃત્તિ અને પ્રકાશનોના સત્ત્વને ભૂલ્યા વગર લાંબી પરંપરાથી આજદિન સુધી સક્રિય છે. આ જ કારણે ગુજરાતી સાહિત્ય પરિષદે પ્રજાના પ્રહરી તરીકે સ્વાયત્તતાના મૂલ્યની રક્ષા માટે 'ગુજરાત સાહિત્ય અકાદમી' સામે અસહકારનું પગલું લીધું છે. અહીં સામસામે બાંયો ચડાવવાનો મુદ્દો જ અપ્રસ્તુત છે. 'ગુજરાતી સાહિત્ય પરિષદ' માત્ર એ મૂલ્ય માટે ખડી છે, જે મૂલ્ય 'ગુજરાત સાહિત્ય અકાદમી' ચૂકી ગઈ છે.

આ સંદર્ભમાં ૨૫ જૂન '૭૫ના રોજ ભારતમાં લદાયેલી કટોકટીને યાદ કરતાં ૨૫-૬-૨૦૧૭ની 'મન કી બાત'માં દેશના વડાપ્રધાને આ શબ્દો ઉચ્ચાર્યા છે એ સર્વથા ઉચિત છે; લોકતંત્ર માત્ર લોકતંત્ર નથી પણ એક સંસ્કાર પણ છે, એ આપણા સંસ્કારજગતનો એક ભાગ છે. અવિરત જાગૃતિ એ સ્વાતંત્ર્યની કિંમત છે. આપણા લોકતંત્ર માટે આપણે સતત સાવધાન રહેવાની જરૂર છે.' ('ઇન્ડિયન એક્સપ્રેસ' ૨૫-૬-૨૦૧૭). આ શબ્દોને ગુજરાત સરકાર ધ્યાનમાં લઈ, એનું ઉદાહરણ પૂરું પાડે એવો અનુરોધ છે.

❑



### વિશેષ

# વાત સ્વાયત્તતાની

■ પ્રફુલ્લ રાવલ ■

સર્જક માત્ર સ્વાયત્ત છે અને એટલે જ સર્જકો માટે કે સર્જકોના સર્જનના પ્રોત્સાહન અર્થે ઊભી થયેલી કે કરાયેલી સંસ્થા સ્વાયત્ત હોવી જોઈએ. અહીં વાત કરવી છે ગુજરાત સાહિત્ય અકાદમીની સ્વાયત્તતા વિશેની. સ્વાયત્તતાનો અર્થ સ્પષ્ટ છે : એવી સાહિત્યિક સંસ્થા જે લોકશાહી રીતે ચાલે. ભલે એની આર્થિક જવાબદારી રાજ્ય સરકાર ઉપાડે (એ સરકારનું કર્તવ્ય પણ છે જ), પરન્તુ એનું સંચાલન તો સાહિત્યકારોમાંથી ચૂંટાયેલા સભ્યો જ કરે. એ અર્થમાં આજે ગુજરાત સાહિત્ય અકાદમી સ્વાયત્ત નથી જે પૂર્વે સ્વાયત્ત હતી. એનું બંધારણ હતું. નોંધાયેલા સભ્યો હતા જેને મત આપવાનો કે નિયત સમયે થતી ચૂંટણીમાં ઊભા રહેવાનો હક હતો. બંધારણમાં ફેરફાર કરવા માટે નોંધાયેલા સભ્યોની સામાન્ય સભા બોલાવવાની એ બંધારણમાં જોગવાઈ હતી. આ બંધારણની બૉમ્બે સાર્વજનિક ટ્રસ્ટ હેઠળ નોંધણી કરાઈ હતી. સાથે સાથે એની સોસાયટી રજિસ્ટ્રેશન ઍક્ટ (૧૮૬૦) હેઠળ પણ નોંધણી કરાઈ હતી. પરન્તુ આ બંધારણની અવગણના કરીને રાજ્ય સરકારે ૭-૪-૨૦૧૫ના રોજ એક પરિપત્ર દ્વારા નિવૃત્ત સનદી અધિકારીને ગુજરાત સાહિત્ય અકાદમી અધ્યક્ષ બનાવી દીધા. એટલું જ નહીં અકાદમીમાં અધ્યક્ષ, મહામાત્ર, કાર્યવાહક સમિતિ, માર્ગદર્શક સમિતિ સહિતની તમામ નિમણૂકો રાજ્ય સરકાર જ કરશે એવો ઠરાવ પણ સરકારે કર્યો. ટૂંકમાં અકાદમી સરકારનું એક ખાતું બની ગઈ. એ રીતે અકાદમીની સ્વાયત્તતાનો છેદ ઊડી ગયો.

ગુજરાત સાહિત્ય અકાદમીના ઇતિહાસમાં ડોકિયું કરીશું તો સ્વાયત્તતાની વાત સ્પષ્ટ થશે.

૧૯૮૧માં ગુજરાત સરકારે ગુજરાત સાહિત્ય અકાદમીની સ્થાપના કરી જે 'સ્વાયત્ત રજિસ્ટર્ડ સંસ્થા' એવું એના ઉદ્દેશપત્રમાં દર્શાવ્યું હતું. ૧૯૮૨માં ગુજરાત સાહિત્ય અકાદમી કાર્યાન્વિત થઈ. એના પહેલા અધ્યક્ષ મોહમ્મદ માંકડ નિમાયા હતા. અકાદમીએ જે પ્રવૃત્તિઓ કરવા ધારેલી એમાં ગૌરવ પુરસ્કાર આપવાનું પણ ઠરવ્યું હતું. આ સંદર્ભે જ્યારે ઉમાશંકર જોશીને એ પુરસ્કાર આપવા જણાવ્યું ત્યારે એમણે એનો સ્વીકાર ન કર્યો અને અકાદમી સ્વાયત્ત હોવી જોઈએ એ મતલબનો પત્ર લખ્યો અને આરંભાયો ગુજરાત સાહિત્ય અકાદમીની સ્વાયત્તતાનો વિચાર.

ઉમાશંકર જોશીના પત્રના અનુસંધાને તત્કાલીન મુખ્યમંત્રીએ સ્વાયત્તતા સંદર્ભે

મનુભાઈ પંચોલી-દર્શકને તેનું પ્રારૂપ ઘડવા અને અકાદમી કાર્યરત થાય તે માટે અકાદમીના અધ્યક્ષ થવા કહ્યું અને દર્શક કાર્યકારી અધ્યક્ષ થયા અને એમની અધ્યક્ષતામાં એક સમિતિનું ગઠન થયું અને છેવટે ૧૯૯૩માં શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંકઃગસઅ/૧૦૯૨-૪૩૯-બ તા.૩-૪-૯૩ પરિશિષ્ટ અન્વયે મંજૂર થયેલ ઉદ્દેશપત્ર અને નિયમોથી ગુજરાત સાહિત્ય અકાદમી સ્વાયત્ત બની. નિયમો અર્થાત્ અકાદમીનું બંધારણ અસ્તિત્વમાં આવ્યું એની રચનામાં સામાન્યસભા અને કાર્યવાહક સમિતિની જોગવાઈ સાથે મતદાર મંડળની જોગવાઈ હતી. જે મુજબ માત્ર મતદાર જ અકાદમી દ્વારા થનાર ચૂંટણીમાં ઊભો રહી શકે. એની રચના આ પ્રકારે હતી :

**રચના**

(૧)

(અ) અકાદમીનાં સત્તામંડળો નીચે પ્રમાણે રહેશે :

(૧) સામાન્ય સભા

(૨) કાર્યવાહક સમિતિ

(બ) અકાદમીના પદાધિકારીઓ નીચે પ્રમાણે રહેશે :

(૧) પ્રમુખ

(૨) ઉપપ્રમુખ

(૩) મહામાત્ર

(૨) સામાન્ય સભા :

(૧) રચના :

(અ) ગુજરાત સાહિત્ય અકાદમીની સામાન્ય સભામાં કુલ ૪૧ સદસ્યો નીચે પ્રમાણે રહેશે.

| | |
|---|---|
| ૧. હોદ્દાની રૂએ - | ૦૫ |
| ૨. રાજ્ય સરકારે ગુજરાતી ભાષાના વિદ્વાનોમાંથી પસંદ કરેલા - | ૦૫ |
| ૩. રાજ્યની ગુજરાતી ભાષાસાહિત્યની સંસ્થાઓએ ભલામણ કરેલાૉ પ્રતિનિધિઓ દ્વારા બનેલા મતદાર મંડળે ચૂંટેલા સભ્યો - | ૦૯ |
| ૪. ગુજરાત રાજ્યની યુનિવર્સિટીઓના પ્રતિનિધિઓ - | ૦૮ |
| ૫. નવી રચાતી સામાન્ય સભાએ સહવરણી કરેલા સભ્યો - | ૦૩ |
| ૬. ગુજરાતી ભાષાનાં સાહિત્યકારોના બનેલા મતદાર મંડળે ચૂંટેલા સભ્યો - | ૦૯ |
| ૭. ગૌરવ પુરસ્કાર મેળવ્યો હોય તેવા સાહિત્યકારો - | ૦૨ |
| | ૪૧ |

સ્વાયત્ત બનેલી ગુજરાત સાહિત્ય અકાદમીના પ્રથમ અધ્યક્ષ જે પૂર્વે કાર્યકારી અધ્યક્ષ હતા તે દર્શક થયા. તેઓ બિનહરીફ ચૂંટાયા હતા. દર્શકની મુદત પૂરી થતાં ૧૯૯૮માં ભોળાભાઈ પટેલ ચૂંટાયેલા અધ્યક્ષ થયા અને કુમારપાળ દેસાઈ ઉપાધ્યક્ષ થયા. અધ્યક્ષે ગુજરાત સાહિત્ય અકાદમીનો કાર્યભાર સંભાળ્યો. પુનઃ પાંચ વર્ષે (૨૦૦૩)



ચૂંટણી થઈ ત્યારે ચૂંટાયેલા સાહિત્યકારો પોતાના અધ્યક્ષ ચૂંટે તે પૂર્વે ચિનુ મોદી કોર્ટમાં ગયા. અને બધું ખોરંભે પડી ગયું. સરકારને જે પાંચ સભ્યો નીમવાના હતા તેની નિમણૂક ન કરી. પરિણામે ચૂંટાયેલા સાહિત્યકારોને અકાદમીના અધ્યક્ષ-ઉપાધ્યક્ષ ચૂંટવાની તક ન મળી. અને સરકારે ગુજરાત સાહિત્ય અકાદમીના બંધારણને સુષુપ્ત કરીને કેવળ મહામાત્રથી અકાદમીનો વહીવટ ચલાવ્યો.

આ પરિસ્થિતિ પછી પણ અકાદમીનું સંચાલન થતું રહ્યું અને ક્યારેક તો પુનઃ બંધારણ મુજબ વહીવટ થશે કે ચૂંટણી થશે એવી આશા-અપેક્ષાએ સાહિત્યકારોએ અકાદમી સાથે સુમેળભર્યા સંબંધો રાખ્યા. સુષુપ્તતાનો કાળ લંબાતો ગયો અને અચાનક ૭-૪-૨૦૧૫ના રોજ રમતગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગના ઠરાવ ક્રમાંક : ગસઅ/૧૦૨૦૧૪/૬૦૯/ફ દ્વારા એક નિવૃત્ત સનદી અધિકારીને ગુજરાત સાહિત્ય અકાદમીના અધ્યક્ષ તરીકે નિયુક્ત કરાયા.

૧૯૯૩ના બંધારણની ૭મી કલમ આમ હતી :

(૭) બંધારણ તથા નિયમોમાં ફેરફાર કરવાની સત્તા :

> બંધારણમાં સુધારો કરવાનો થશે ત્યારે તેની સામાન્ય સભાને ઓછામાં ઓછી પંદર દિવસની નોટિસ આપી તે માટેની સામાન્યસભાની બેઠકમાં હાજર રહેલા સભ્યોની ૩/૪ બહુમતી સુધારાની ભલામણ ગુજરાત સરકારને કરશે અને ગુજરાત સરકારની બહાલી મળ્યેથી તે સુધારો આમેજ કરી અમલી બનાવાશે. વધુમાં મેમોરેન્ડમ ઑફ ઍસોસિએશનની જોગવાઈઓમાં સંજોગોવશાત્ કોઈ ફેરફાર કરવાની જરૂરિયાત ઉપસ્થિત થશે તો તેવા ફેરફારો કરવા માટે સોસાયટીઝ રજિસ્ટ્રેશન એક્ટ, ૧૮૬૦ની કલમ-૧૨ની જોગવાઈ મુજબની કાર્યવાહી કરવાની રહેશે અને તે સુધારાની ભલામણ અકાદમી રાજ્ય સરકારને કરશે અને રાજ્ય સરકારની બહાલી મળ્યેથી, તે સુધારો આમેજ કરી, અમલી બનાવી શકાશે.

આ કલમને બાજુમાં મૂકીને સરકારે ૭-૪-૨૦૧૫નો ઠરાવ અમલમાં મૂક્યો અને જ્યાં ચૂંટાયેલા સભ્યો પોતાના અધ્યક્ષને ચૂંટે તેવી જોગવાઈ હતી તે સ્થાને રાજ્ય સરકાર જ અધ્યક્ષની નિયુક્તિ કરશે એવી રચના કરી સામાન્ય સભાને નિર્મૂળ કરી. મતદાર મંડળને પણ નિર્મૂળ કર્યું. અર્થાત્ ઉમાશંકર જોશીને અભિપ્રેત અને દર્શકે ઘડેલ બંધારણથી સ્વાયત્ત થયેલી ગુજરાત સાહિત્ય અકાદમીની સ્વાયત્તતા છીનવાઈ ગઈ અને અકાદમી સ્વાયત્ત સંસ્થા હોવી જોઈએ એ લાગણી અને માંગણી ઊભી થઈ.

અહીં ગુજરાતના પાટનગર ગાંધીનગરમાં ૨૦૦૭માં નારાયણ દેસાઈની અધ્યક્ષતામાં ભરાયેલ ગુજરાતી સાહિત્ય પરિષદના ૪૪મા અધિવેશનમાં થયેલ ઠરાવને જાણીએ. એ આ મુજબ હતો :

> "રાજ્ય સરકાર ગુજરાત સાહિત્ય અકાદમી એના તમામ અર્થમાં સ્વાયત્તપણે કામ કરે તેવી મોકળાશ આપે અને તે માટે જરૂરી કાર્યવાહી કરે. વ્યાપક લોકમત કેળવવા જરૂરી તમામ પગલા લેવા અને તેનું સંકલન કરવા માટે પરિષદની કાર્યવાહક સમિતિને અધિકાર આપવામાં આવે છે."

આ ઠરાવ રાજ્ય સરકારને મોકલવામાં આવ્યો હતો અને ત્યારે જેમાં અકાદમી

સ્વાયત્ત હોવાનું સ્પષ્ટ હતું તે બંધારણ અસ્તિત્વમાં હતું. પરન્તુ ૭-૪-૨૦૧૫ના પરિપત્રે લોકશાહી પ્રક્રિયાને અભરાઈએ ચડાવીને નિવૃત્ત સનદી અધિકારીને અધ્યક્ષ તરીકે નિયુક્ત કર્યા જે સરકારનું તદ્દન ગેરબંધારણીય પગલું હતું એટલું જ નહીં, કશી પણ વિધિ કર્યા વગર બંધારણની અવગણના કરી ત્યારે ૨૦૦૭ના ઠરાવને અનુલક્ષીને ગુજરાતી સાહિત્ય પરિષદે ૫-૭-૧૫ના રોજ મધ્યસ્થ સમિતિમાં સર્વાનુમતે અકાદમી સ્વાયત્ત હોવી જોઈએ એવો ઠરાવ કર્યો અને એના અનુસંધાનમાં શ્રી નિરંજન ભગત અને તત્કાલીન પરિષદ-પ્રમુખ શ્રી ધીરુભાઈ પરીખને આપેલ સત્તા મુજબ બન્ને વિદ્વાન સાહિત્યકારોએ અકાદમીની સાથે અસહકાર કરવાનું ઠરાવ્યું.

ત્યારે પરિષદના જે સભ્યો અકાદમીમાં હતા તેમણે આ અંગે પોતાનું વલણ સ્પષ્ટ કરવાનું જણાવવામાં આવ્યું પરન્તુ કેટલાક મિત્રોએ પરિષદ કરતાં અકાદમી સાથે રહેવાનું મુનાસિબ માનીને પરિષદમાંથી રાજીનામું આપ્યું.

આજે પરિષદે અકાદમીનો અસહકાર કર્યો છે અને અકાદમી સ્વાયત્ત હોવી જોઈએ એ સૈદ્ધાંતિક વિચારને સરકાર સુધી વારંવાર પહોંચાડ્યો છે. પણ દુઃખદ વાત એ છે કે સરકાર માટે આ મુદ્દો બિનમહત્ત્વનો છે અને તેથી પરિષદના કોઈ પણ પત્રનો સરકાર દ્વારા આજ સુધી પ્રત્યુત્તર મળ્યો નથી.

*

## સ્વાયત્તતા એટલે નિષ્ણાતોની નિર્ણાયક સામેલગીરી | રઘુવીર ચૌધરી

ભારતની આઝાદી પછી બેત્રણ દાયકા યુનિવર્સિટીઓમાં કુલપતિની (વાઈસ ચાન્સેલરની) ચૂંટણીઓ થઈ. પછી ત્રણ જણની સમિતિ નામ સૂચવે એમાં ઓછામાં ઓછા એક સરકારી પ્રતિનિધિ હોય. એમણે સૂચવેલું નામ પદ પામે. પરોક્ષે સરકારીકરણ થયું. ઉમાશંકરભાઈ ચૂંટણી લડીને કુલપતિ થયા હતા. ચૂંટણીમાં પણ દૂષણો હોય, એ જાણીતી હતી, છતાં શિક્ષણમાં તેમજ સાહિત્યમાં ચૂંટાયેલી વ્યક્તિના નેતૃત્વમાં કામ થાય એના એ આગ્રહી હતા. એ ઇંગ્લેન્ડનો દાખલો આપતા : 'સ્ટેટ વિધિન સ્ટેટ.' સુન્દરમે પૂર્વે જે પુરસ્કાર લીધો હતો એ ગૌરવ પુરસ્કાર ઉમાશંકરભાઈએ નકાર્યો, કેમ કે એ સરકારીતંત્રનો નિર્ણય હતો, સાહિત્યપદાર્થના જાણકારોનો ન હતો. એમણે દિલ્હીની રાષ્ટ્રીય સાહિત્ય અકાદમીના ગૌરવને ટકાવી રાખવામાં મહત્ત્વની ભૂમિકા અદા કરી હતી. પુરસ્કારવિતરણમાં પ્રધાનો આવે તો પ્રસિદ્ધિનું કામ અનાયાસ થાય, અધિકારીઓને એવો લોભ હોય. પણ ઉમાશંકરભાઈએ મક્કમ રહીને પ્રસિદ્ધિના વિકલ્પે ગુણવત્તાનું ગૌરવ કર્યું.

૧૯૭૭માં હૈદરાબાદમાં ઉમાશંકરભાઈના હાથે 'ઉપરવાસ કથાત્રયી' માટે મને



પુરસ્કાર મળ્યો, એ ધન્ય ક્ષણનું સ્મરણ ટકી રહ્યું છે. રણજિતરામ ચંદ્રક સાહિત્ય સભાના પ્રમુખને હસ્તે અપાય છે, સાહિત્ય પરિષદ પણ પોતાના પ્રમુખની સેવાઓનો લાભ લે છે.

ડૉ. ચન્દ્રકાન્ત ટોપીવાળાએ ગુજરાત સાહિત્ય અકાદમીનો ગૌરવ પુરસ્કાર પ્રધાનને હાથે ન લેવાનો નિર્ણય સચિવ શ્રી ભાગ્યેશ ઝાને જણાવ્યો. એ પછી પણ કેટલાક વરિષ્ઠ સાહિત્યકારોએ રાજ્યપાલશ્રી, સાંસ્કૃતિક મંત્રી અને સચિવની સહિયારી વંદના સાંભળી ગૌરવ પુરસ્કાર સ્વીકાર્યો અને આભારના ભાગ તરીકે નિરાંતે પ્રશંસા પણ કરી. એમાં મારા પ્રિય સર્જકમિત્રો હતા, મે એમને ઉમળકાથી અભિનંદન આપ્યાં હતાં. હું પણ આ રીતે હિન્દી માટેનો ગૌરવ પુરસ્કાર લઈ ચૂક્યો હતો. ગુજરાત સાહિત્ય અકાદમીની સ્વાયત્તતા સ્થગિત થઈ ગઈ હતી એ જાણવા છતાં મેં, મારા ગુરુ ભોળાભાઈ અને બીજાઓએ સરકારી નિર્ણય સામે ડૉ. ટોપીવાળાની જેમ વિદ્રોહ કર્યો ન હતો. અલબત્ત અમે જાહેરમાં સ્વાયત્તતાની તરફેણમાં બોલવાનું ચાલુ રાખ્યું હતું. મંત્રીશ્રી ફકીરભાઈ અને નાનુભાઈ બંને સસ્મિત સાંભળતા.

આદરણીય નારાયણભાઈ દેસાઈના પ્રમુખપદે ગાંધીનગર કલ્ચરલ ફોરમના આતિથ્યમાં સાહિત્ય પરિષદનું અધિવેશન મળ્યું એમાં સ્વાયત્તતાની તરફેણમાં ઠરાવ થયો હતો કેમ કે વચગાળાનાં ૨૦૦૭ સુધીનાં વર્ષોમાં સ્વાયત્તતા સ્થગિત અથવા મૂર્ચ્છિત થઈ હતી. સને ૨૦૧૪માં શ્રી ભાગ્યેશ ઝાને સરકારે રાજ્ય અકાદમીના અધ્યક્ષ નીમ્યા એની સાથે જાગ્રત લેખકોએ વિરોધ કર્યો, સંગઠન રચ્યું, ભાષણો થયાં. શ્રી ધીરુભાઈ પરીખ અને શ્રી ચન્દ્રકાન્ત ટોપીવાળાની સહીથી રીટ થઈ. આ સહી વ્યક્તિગત હતી એ બધાને ન સમજાય.

કેમ બે વર્ષ સુધી ચુકાદો ન આવ્યો ? ગુજરાત હાઈકોર્ટ કેમ ઉદાસીન રહી ? કે પછી આ વકીલોની અદાકારી છે ?

અહીં દર્શકનું સ્મરણ થાય છે. એમની ઇચ્છા હતી કે એમની આગેવાનીમાં સૂચવાયેલું ગુજરાત સાહિત્ય અકાદમીનું માળખું વિધાનસભામાં રજૂ થાય અને કાયદાનું સ્વરૂપ પામે. પણ એને બદલે ખાતાના વિભાગીય ઠરાવથી ચલાવી લેવાયું. અગાઉ શ્રી દર્શક સાથે હું એ વખતના નાયબ મુખ્યમંત્રી શ્રી નરહરિ અમીનને ત્યાં ગયો હતો. દર્શક બેચેન હતા. ઉઘરાણી કરી ત્યાં શ્રી નરહરિભાઈ કહે : આ તમારા ઉપેન્દ્ર ત્રિવેદી જ કહે છે કે સરકારી અકાદમીના પ્રમુખ તો પ્રધાન હોય, લેખક શેના હોય ? અગાઉ આવું માળખું હતું એની એમને ખબર હશે. સુરેશ દલાલ, રમણલાલ જોશીએ પ્રધાનશ્રીના નેજા નીચે ઉપપ્રમુખ તરીકે કામ કર્યું હતું. એનો એમને આનંદ હશે. મહારાષ્ટ્ર સહિત દેશમાં બધે ઉપપ્રમુખ અથવા નિયુક્ત પ્રમુખ છે. દર્શકે ચૂંટાયેલા પ્રમુખ આપ્યા. પણ પછી ? બંધારણ વિધાનસભામાં રજૂ ન થયું એવી બીજી ઊણપો રહી ગઈ. મહામાત્ર અને મુખ્ય હિસાબનીસ સરકારના તંત્રમાં રહ્યા, આવજા કરતા રહ્યા. દિલ્હી સાહિત્ય અકાદમી પોતે એમની નિમણૂક કરે છે. તેથી કેન્દ્ર સરકાર એના પ્રતિનિધિ ન મોકલે તો પણ ચૂંટણી કરવા સક્ષમ છે. અહીં તો મહામાત્ર સરકારને પૂછીને જ પગલાં ભરે.

બીજી ક્ષતિ એ રહી ગઈ કે પ્રમુખ-ઉપપ્રમુખ સમેત નવી કારોબારી વહીવટ સંભાળે

ત્યાં સુધી જ સમિતિ ચાલુ રહે એવી જોગવાઈ સૂચવાઈ નહીં. તેથી મુદત પૂરી થતાં મહામાત્રશ્રીએ બધું સંભાળવાનું આવ્યું. ભોળાભાઈ અને કુમારપાળ બીજા પાંચ વર્ષ માટે સેવાઓ આપવા ચૂંટણી લડવા ઉત્સુક હતા, પણ પહેલા ચિનુભાઈ કોર્ટમાં ગયા, સફળ ન થયા; પણ સરકારે પોતાના પાંચ પ્રતિનિધિ ન નીમ્યા તે ન જ નીમ્યા. એમને અનુકૂળ લેખકોની ખોટ ન હતી, પણ મુખ્યમંત્રી એમની ચાલે ચાલ્યા. ચૂંટાયેલા નવ સાહિત્યકારો પણ કોર્ટમાં ન ગયા. લંબાતું ગયું. મહામાત્ર બદલાતા ગયા. છેલ્લે 'શબ્દસૃષ્ટિ'ના સંપાદક હર્ષદ ત્રિવેદી કાર્યકારી મહામાત્ર બન્યા. એ પછી 'શબ્દસૃષ્ટિ'ના સંપાદક ઉપર પરામર્શક સમિતિ નિમાઈ. ડૉ. ટોપીવાળાએ શબ્દસૃષ્ટિમાં લખવાનું બંધ કર્યું. થોડા માસ પછી શિરીષભાઈ પંચાલે પણ સામગ્રી પાછી મેળવી લીધી. મેં પણ પછી 'શબ્દસૃષ્ટિ'માં કશું મોકલ્યું નથી. અલબત્ત સને ૨૦૧૦માં 'જયંતિ દલાલ સમગ્ર સાહિત્ય'ના સંપાદનની જવાબદારી હર્ષદે સોંપેલી એ પૂરી કરી. પણ રમેશ ર. દવેએ એક ગ્રંથ કર્યો હતો છતાં દર્શક ગ્રંથાવલીનું પૂરું થવા આવેલું સંપાદન છોડી દીધું. સ્વાયત્તતાના ઠરાવનો પશ્ચાત્‌વર્તી અમલ કર્યો. દર્શકના સુપુત્ર રામચંદ્રભાઈ ઇચ્છતા હતા કે અકાદમી ગ્રંથાવલીનું કામ પૂરું કરે.

સ્વાયત્તતાના આંદોલનમાં 'સ્વાયત્ત' છાપેલો બિલ્લો મેં પહેર્યો નથી. રમેશભાઈ ર. દવે અને સ્વાતિબહેન જોશીએ સામેથી બિલ્લો ધર્યો હતો ત્યારે મેં કહેલું કે ગુજરાતી સાહિત્ય પરિષદનો ઠરાવ છે એ મુજબ વર્તીશું અને જરૂર પડ્યે ઠરાવ ઘૂંટીશું. એમ થયું છે, સર્વાનુમતે.

મેં એક દિવસ ચન્દ્રકાન્તભાઈ ટોપીવાળાને ચાલતાં ચાલતાં કહેલું કે કોર્ટના ખર્ચમાં ફાળો આપીશ. ફાળો આપવા મેં ચિ.સંજયને પણ કહેલું. પણ પછી તો રમેશભાઈ અને કિરીટભાઈ આંદોલનના સક્રિય સહયોગીઓથી છૂટા પડેલા. ઘણાનો ઉત્સાહ ઘટ્યો. છતાં જે ટક્યા છે એમને સાથ ન અપાય તોપણ શુભેચ્છા તો આપવી જ ઘટે. બધી લડતો સફળ નથી થતી પણ જાગૃતિ વધારે છે.

મેં અનેક વાર કહ્યું છે કે આ પ્રકારની લડતમાં કડવાશ ન હોવી જોઈએ. નિયુક્ત પ્રમુખ લેખક જ નથી એવાં આત્યાંતિક ઉચ્ચારણો ન કરીએ. મૂલ્યાંકનમાં રાગદ્વેષ પ્રવેશે.

સાહિત્ય પરિષદ એના સ્થાપનાકાળથી જાહેર જીવનનાં મૂલ્યો અને કાર્યપદ્ધતિઓ વિશે ઠરાવો કરે છે. એ રીતે પોતાનું સાંસ્કૃતિક દાયિત્વ અદા કરે છે. આને સરકાર સામેની લડત કહી ન શકાય. નવનિયુક્ત પ્રમુખશ્રી વિષ્ણુભાઈ પંડ્યા આ સારી રીતે સમજે છે. વરિષ્ઠ નિષ્ણાતોની સમિતિ રચીને ગુજરાત સાહિત્ય અકાદમીના લોકશાહી માળખાને કેવી રીતે પુનઃસ્થાપિત કરી શકાય એ વિચારવું જોઈએ. હાઈકોર્ટ જલદી સક્રિય થાય તોપણ દિશાનિર્દેશ મળે. લેખકો લડતા નથી પણ વિચારે છે એ સ્પષ્ટ થાય. ન્યાયતંત્ર પોતે નિષ્ણાતોની સ્વાયત્ત રચના છે તેથી એક ન્યાયાધીશ પણ ચુકાદો આપી શકે. દેશના સાહિત્યજગતને સ્વાયત્તતાનો મહિમા સમજાવી શકે.

તા.૨૬-૬-૧૭

*



## સાહિત્ય સ્વાયત્ત હોય, સરકાર નહીં | પરેશ નાયક

લોકશાહી સમાજમાં સાહિત્ય સ્વાયત્ત હોય કે નહીં એ પ્રશ્ન અસ્થાને છે. એ જ રીતે, જાહેર સંસ્થાઓ નિયમોથી બંધાયેલી હોય એ વાત પણ કોઈએ કોઈને સમજાવવાની જરૂર ન હોય. પરંતુ જે વાત આપણે સૌએ વેળાસર સમજી લેવાની જરૂર છે તે એ કે લોકશાહી સમાજમાં પ્રજા સ્વાયત્ત હોય, સરકાર નહીં. મર્ત્ય છે સરકારો, સાહિત્ય કળા છે. એ અમર છે. કોઈ સરકાર સાહિત્યની સ્વાયત્તતાને બાંધી તો જુએ ? જે સરકારોએ એવી નાદાની કરી એ નામશેષ થઈ.

સરકાર પ્રજા થકી જન્મે છે. પ્રજાએ એને સોંપેલી સત્તા વડે એ પ્રજાના હિતમાં કાર્ય કરવા બંધાયેલી છે. જે અર્થમાં સાહિત્ય સ્વાયત્ત છે તે અર્થમાં કોઈ લોકશાહી સરકાર કદાપિ સ્વાયત્ત હોય નહીં. જે લોકશાહી સમાજમાં સાહિત્યિક સંસ્થાઓના આંતરિક માળખા અંગે સરકાર સ્વાયત્તપણે વર્તે, ને સાહિત્યિક સંસ્થાના પ્રમુખ નીમવા વિશે હકદાવો માંડે, ત્યારે સૌ નાનામોટા લેખકો, સાહિત્યકારો, કળાકારોએ ચેતવું જોઈએ, કેમ કે આટલી છૂટ મેળવ્યા બાદ જે-તે 'સ્વાયત્ત સરકાર' સાહિત્યની પોતીકી વ્યાખ્યા રચવા વિશે પ્રવૃત્ત ન થાય તો જ નવાઈ.

લોકશાહી ઢબે વરાયેલી સરકારનું કામ સાહિત્યનું સંચાલન કરવાનું નથી, રાજ્યનું સંચાલન કરવાનું છે. કળા અને સાહિત્યની સંસ્થાઓ કલાકારો અને સાહિત્યકારો વડે ચાલે, સરકારી નિયામકોની મુન્સફી મુજબ નહીં. માટે, સાચી રાજનીતિ પણ કદાચ એ લેખાય કે ઓછી સર્જકતાવાળા કેટલાક મહત્ત્વાકાંક્ષી લેખકો સરકારને સાહિત્ય-સંચાલનનો બોજ વહેવા નોતરું આપે તો એ ઠુકરાવી દેવાય. સરકાર અને સાહિત્ય બેઉનાં ભવિષ્ય માટે આ યોગ્ય ગણાય.

ઉમાશંકર અને દર્શક જેવા બે મહાન ગુજરાતી સાહિત્યકારોએ જે વાત પ્રજા અને સરકાર બેઉને સહજ સમજાવી હતી તે જ વાત આજે પેચીદી વરતાય એવું શબ્દછળ કેટલાક લેખકો અને સરકારી પ્રતિનિધિઓ આજે ફેલાવી રહ્યા છે.

ગુજરાતી વાચકોએ, પત્રકારોએ, ગુજરાતી સાહિત્યના વિદ્યાર્થીઓએ તથા યુવા લેખકોએ આ છળને પકડી પાડવા જેટલી દૂરંદેશી દાખવવાની જરૂર છે.

ગુજરાત સાહિત્ય અકાદમીના બંધારણીય લોકશાહી માળખામાં દખલઅંદાજી કરીને તથા ચૂંટણીપ્રક્રિયા ટાળીને, સરકારની પસંદગીના નિયામક લાદવામાં આવ્યા. એ સાથે ગુજરાત રાજ્યની ચૂંટાયેલી સરકારે બંધારણીય લોકશાહીની પવિત્ર મર્યાદાનું ઉલ્લંઘન કર્યું. આટલી સ્પષ્ટ વાતને ઘૂંટવા ને પડઘાવવા માટે ગુજરાતી સાહિત્ય પરિષદે, નાછૂટકે, ચૂંટાયેલી સરકાર સામે ખિલાફતનું વલણ અપનાવવું પડ્યું.

'મારી વાચનકથા'માં મનુભાઈ પંચોળી 'દર્શક' ઇ.એચ.કારના પુસ્તક 'ન્યૂ

સોસાયટી'ના પ્રભાવને યાદ કરતાં 'બધા ભાગ લઈ શકે તેવી લોકશાહી'ની વાત કરે છે. એમાં દર્શક નોંધે છે કે પ્રગતિ માટેના એક અનિવાર્ય મૂલ્ય લેખે ઈ.એચ.કારે સ્વાયત્તતાને 'સર્જનાત્મક કાર્યો માટેના અવકાશ' તરીકે વ્યાખ્યાયિત કરી છે. ઇતિહાસવિદે ઇ.એચ.કારની આ વ્યાખ્યા વિશે 'દર્શક' લખે છે :

'ઇચ્છું કે આ વ્યાખ્યા સૂર્યનાં પ્રસરતાં કિરણોની જેમ અવારનવાર વિકસ્યા કરે.' પોતાના જીવનકાળ દરમ્યાન દર્શકે એમની ઉપરોક્ત ઈચ્છા સાકાર કરવા અનેક પ્રયાસો કર્યા હતા તે ગુજરાતી પ્રજા અને ગુજરાતી સરકાર બેઉને સુવિદિત છે. સ્વાયત્ત ગુજરાત સાહિત્ય અકાદમી પણ એમાંનું જ એક મહત્ત્વનું ડગ હતું તે પણ સૌ જાણે છે.

ત્યારે, આજે હવે, સ્વાયત્ત અકાદમીના એ ચૂંટાયેલા પ્રમુખના આવા ઐતિહાસિક કદમને ભૂંસાતું જોઈ આંખ આડા કાન કરનારા કેટલાક ગુજરાતી સાહિત્યકારો પણ છે જે 'દર્શક'ના જ જીવનદર્શનના વારસદાર હોવાના હકદાવે પોતાના ટૂંકા કદને દર્શકથી ઊંચું અને સ્વનામને 'દર્શક'ના નામથી મોટું કરવા ગુજરાતી સાહિત્યના પર્યાવરણ વિશે ગંભીર ઐતિહાસિક છેકભૂંસ કરી કરાવી રહ્યા છે. આ આઘાતજનક અને દુઃખદ છે.

ગુજરાતના યુવા લેખકોને સ્વાયત્ત અકાદમી માટેની પરિષદની આગ્રહપૂર્વકની ખેવના તરત કળાતી નથી તેની પાછળ પણ આ, આવા, અને અન્ય પ્રસિદ્ધ ને પુરસ્કૃત સર્જકોની ટૂંકી સ્વાર્થવૃત્તિ નિમિત્ત બની રહી છે તે સવિશેષ દુઃખની બાબત છે

ઉપર સૂચવ્યા તેવા થોડાક લેખકો, સાહિત્યકારો ઉપરાંત કેટલીક સાહિત્યિક સંસ્થાઓ, જે તાત્ત્વિક અર્થમાં પરિષદના જ જળે સિંચાઈને પલ્લવિત થઈ તે આજે સાહિત્યેતર સમીકરણોને વશવર્તીને સાહિત્યિક મૂલ્યોનાં સરકારી અર્થઘટનોને સમર્થન આપવામાં નિમિત્ત બની બેસે છે તે પણ ગુજરાતી સાહિત્ય અને સંશોધનના ભાવિ માટે અમંગળની એંધાણી આપે છે.

એક ઉપર બીજા વણચૂંટાયેલા પ્રમુખ થોપી દેવાતાં આજે હવે 'સ્વાયત્ત' વિશેષણ ગુજરાત સાહિત્ય અકાદમીને બદલે ગુજરાત સરકાર સાથે સાંકળવું પડે છે ત્યારે લોકશાહી અને સ્વાયત્તતા બેઉનું અવમૂલ્યન થાય છે. લોકશાહી સમાજમાં સર્જકની સ્વાયત્તતાનું અવમૂલ્યન થવાની ઘટના નાગરિક તરીકેની સ્વાયત્ત વિશે પણ, તરત નહીં તો તરત પછી, 'કેટસ્ટોફિક' પ્રત્યાઘાતો નિપજાવશે.

માટે, નરસિંહબાનીની સાખે, સત્તાના સાન્નિધ્યમાં ભાસતા 'અટપટા ભોગો'ને છાંડીને 'જાગીને જોઈએ' તો જ સવાર પડવાની છે એટલું સમજી લઈએ તો સારું.

❑



## પત્રસેતુ

શ્રી વિષ્ણુ પંડ્યા,
અધ્યક્ષ, ગુજરાત સાહિત્ય અકાદમી,
ગાંધીનગર

સ્નેહી શ્રી વિષ્ણુભાઈ,

નમસ્તે,

૯મી જૂન, ૨૦૧૭નો તમારો પત્ર મળ્યો. ગુજરાત સાહિત્ય અકાદમીના હવે પછીના ગુજરાતી સાહિત્ય અંગેના કામ વિશે વિચાર-વિમર્શ કરવા માટે એક મિલનગોષ્ઠિ આપે યોજી અને એમાં જોડાવા નિમંત્રણ આપ્યું, એ માટે આભાર. પણ ભારે ખેદની વાત એ છે કે ગુજરાત સાહિત્ય અકાદમીએ જે કામ પહેલું અને તાકીદે કરવાનું બાકી છે, એ જ કામને તમે મિલનગોષ્ઠિ અને વિચાર-વિમર્શમાંથી બાતલ કરવાનો નિર્ણય કર્યો અને એ નિર્ણય નિમંત્રણપત્રમાં નિમંત્રિતોને લાગુ પડે એ રીતે લખી મોકલ્યો. તમે જે મુદ્દાને બાકાત રાખવાનો નિર્ણય લખી મોકલ્યો છે, એ મુદ્દો છે ગુજરાત સાહિત્ય અકાદમીની સ્વાયત્તતાનો મુદ્દો.

આ મુદ્દો શો છે ? સાહિત્ય અકાદમીનું સંચાલન જેમના હાથમાં સોંપાય એવા એના પ્રમુખની પસંદગી અકાદમીના સભ્યો ચૂંટણીની પ્રક્રિયા દ્વારા કરે કે ગુજરાત સરકાર, ચૂંટણીને બાજુ મૂકી સીધી નિમનક વડે કરે, એ વિકલ્પો વચ્ચેની પસંદગીનો આ પ્રશ્ન છે. અકાદમીના બંધારણમાં આ પસંદગી થઈ ચૂકી છે અને એ બંધારણે સરકારી નિમણૂક નહીં, પ્રમુખની સભ્યો દ્વારા થતી ચૂંટણીને સ્વીકારી છે. સરકાર વડે અકાદમીના પ્રમુખની નિમનક નહીં, સભ્યો દ્વારા એમની લોકશાહી રીતે ચૂંટણી, એ છે અકાદમીની સ્વાયત્તતા. ભૂતકાળમાં શ્રી ઉમાશંકર જોશી, યશવન્તભાઈ શુક્લ, અને દર્શક જેવા વિચારવન્ત લેખકોએ ને તાજેતરમાં શ્રી નારાયણભાઈ દેસાઈ, નિરંજનભાઈ ભગત અને ચન્દ્રકાન્તભાઈ ટોપીવાળા જેવા વિચારવન્ત લેખકોએ અને અન્ય અનેકોએ જેને ગુજરાત સાહિત્ય અકાદમી સાથેના પોતાના સંબંધ માટે નિર્ણાયક ગણી હતી એવી આ અકાદમીની સ્વાયત્તતાને તમે 'અકારણ વિવાદાસ્પદ મુદ્દો' ગણાવો છો અને એ અંગે વાત ન કરવાની શરતે આ મિલનગોષ્ઠિ અને વિચાર-વિમર્શમાં સહુને નિમંત્રણ આપો છો, એ ખેદની જ નહીં, અવિનયની જ નહીં, પણ અકાદમી માટે, ગુજરાતી સાહિત્ય માટે અને એ વડે પોષાતી પ્રજા માટે વિઘાતક વાત છે.

પડોશી દેશો કરતાં ભારત જુદો જ, માનવીય ગૌરવભર્યો, પ્રગતિ કરતો, સ્વાતંત્ર્યભર્યો દેશ છે, એના મૂળમાં એની લોકશાહી પદ્ધતિએ રાજ્ય જેવી અતિમહત્ત્વની સંસ્થાને યે ચલાવવાનો દેશે લીધેલો અને જાળવેલો નિર્ણય છે. આપણા વિચારવન્ત દેશનો એ નિર્ણય એક તરફ છે. અને સામી તરફ ઉમાશંકર જોશી, દર્શક, નિરંજન

ભગત, નારાયણભાઈ દેસાઈ આદિએ પુરસ્કારેલા બંધારણ મુજબ જે થવી જોઈતી હતી એવી કોઈ ચૂંટણી વગર અકાદમીના અધ્યક્ષસ્થાને થયેલી નિમણૂક અંગે તમે લીધેલો નિર્ણય છે. એ બે પરસ્પર વિરોધી છે, એ ભારે દુઃખની વાત છે. સ્વાયત્તતાના મુદ્દાને 'અકારણ વિવાદાસ્પદ' મુદ્દો ગણવા-ગણાવવાનું વલણ એ તફાવતની નીપજ છે.

સવાલ સાહિત્યના સંખ્યાબંધ કાર્યક્રમો કરી બતાડવાનો, અનેક પુસ્તકો છાપી દેખાડવાનો, મનોરંજનપૂર્વક મેદની જમા કરી આપવાનો નથી. સવાલ સાહિત્ય વડે વ્યક્તિ, સમાજ, પ્રજા અને દેશને વધારે આત્મનિર્ભર, વિચારવન્ત બનવામાં સહાય કરવાનો છે. પોતાની પ્રાણપ્રદ સંસ્થાઓ અંગે જાતે વિચારીને, ગંભીરપણે, પોતે યોગ્ય નિર્ણય કરી શકે, એવું આપઘડતર ગુજરાતી, ભારતીય વ્યક્તિ-સમાજ-પ્રજાનું થાય, એવા યત્નો કરવાનો છે. આપની નિમણૂક અને આ નિમંત્રણ-પત્રમાં આપે શરૂ કરેલી કાર્યશૈલી, બન્ને ફેરવિચાર માગી લે છે.

આવા ફેરવિચાર માટે અમને બોલાવશો તો આનંદ થશે.

આશા છે કે આપણે સહુ સાથે મળી અકાદમીની સ્વાયત્તતા ફરી કાર્યાન્વિત કરીશું.

ફરી નમસ્તે.

સિતાંશુ યશશ્ચન્દ્ર
વડોદરા

*

(અન્યથા તો અલબત્ત) **પ્રિય વિષ્ણુભાઈ,**

મૂળ એક સવાલ પરથી ધ્યાન ન હટાવીએ. ગુજરાત સાહિત્ય અકાદમીના અધ્યક્ષની સરકારને હાથે નિમણૂક થવી જોઈએ કે અકાદમીના સભ્યો દ્વારા ચૂંટણી થવી જોઈએ ? આ પ્રશ્નનો ઉત્તર કેવળ આજની સરકારને નહીં; આવતી કાલની સરકારોને પણ આજે આપણે આપવાનો છે. પચાસ વરસ પછીના ગુજરાતીઓ પણ આપણા દરેકના આ અંગેના જવાબને વાંચશે ને મૂલવશે.

તમારા ૧૯ જૂનના જવાબી પત્રમાં તમે મને કરેલા સંબોધનમાં 'પ્રિય' વિશેષણ મૂક્યું અને વાજપેયીજીના પુસ્તક અંગેના એક સમારંભમાં આપણે મળ્યા હતા એ સુખદ સ્મરણ તાજું કર્યું. એનો તો સ્મૃતિ-આનંદ છે જ. 'મીસાવાસ્યમ્'ના લેખક માટેનો સ્નેહાદર તો શેનો ડગે ? એ તો ગ્રંથમૂલક છે. પણ આજે મુદ્દો જુદો અને ગંભીર છે.

કોઈ પણ જનનાયક કે રાજકીય પક્ષ માટે સાગમટે વિરોધ કરવો કે એમનું સાગમટે સમર્થન કરવું એ કોઈ પણ લેખકનું કે નાગરિકનું કામ નથી. તમે તમારા પત્રમાં જેમને વર્ગીકૃત કરી ચોપડે ચઢાવ્યા છે, એવા અકાદમીની સ્વાયત્તતાને ચાહનારા સહુ લેખકો પર, આ મુદ્દે, (અકાદમીના અધ્યક્ષની બંધારણ અનુસાર ચૂંટણી ન કરતાં સરકારી સત્તાથી નિમણૂક કરી દેવાના કામના ગંભીર વિરોધના મુદ્દે) તમારા વર્ગીકરણ



દ્વારા થાય છે એવું દોષારોપણ કરવું એ ઠીક નથી. મને પણ એ સહુ લેખકોમાંનો એક ગણો, એ વિનંતી. તમારા પત્રમાંની એ ચાતુર્વર્ણ કે વર્ગવ્યવસ્થા અનુચિત છે. કેમ કે આજની, ગઈ કાલની કે આવતી કાલની સરકારનો મુદ્દાસરનો સ્પષ્ટ વિરોધ, સરકારી અને સરકારી અકાદમીના લાભો જતા કરીનેયે, ન કરવો, એ તો લેખક અને નાગરિકનો ધર્મ ચૂક્યા બરોબર થાય. સ્વાયત્તતા આંદોલન સાથે જોડાયેલા સહુ કોઈ એ ચૂક ન થાય એ માટે એકસાથે રહીને, સચેત છે.

'મીસાવાસ્યમ્' લખતાં તમને થયું હશે એવો મૂળ સવાલ મને આ સમયે થાય છે : આ ચૂંટણી, આ લોકશાહી, આ સ્વાયત્તતા તે શું છે ?

તમને મોકલેલો મારો પત્ર, અને એને તમે આપેલો ઉત્તર, આપણા એક દૈનિકે પાસે પાસે છાપ્યા છે. એમાં મારા પત્રમાંથી એક પરિચ્છેદ કાઢી નાખ્યો છે. એ 'ઇરેઝ્ડ' મુદ્દો આજના આ પત્રમાં ફરી તમારા અને સહુના ધ્યાન પર લાવું.

જેને નજરાંદાજ કરવાનો યત્ન કરાયો છે, એવો મારા પત્રમાંનો એ પેરેગ્રાફ, અને તે પછીનો પૅરેગ્રાફ આ મુજબ છે.

આ (જેની ચર્ચા ન કરવાનું સંવાદસભા માટેના તમે પાઠવેલા નિમંત્રણપત્રમાં સહુ જણાવાયું છે, તે) મુદ્દો શો છે ? સાહિત્ય અકાદમીનું સંચાલન જેમના હાથમાં સોંપાય એવા એના પ્રમુખની પસંદગી અકાદમીના સભ્યો ચૂંટણીની પ્રક્રિયા દ્વારા કરે કે ગુજરાત સરકાર, ચૂંટણીને બાજુ મૂકી સીધી નિમણૂક વડે કરે, એ વિકલ્પો વચ્ચેની પસંદગીનો આ પ્રશ્ન છે. અકાદમીના બંધારણમાં આ પસંદગી થઈ ચૂકી છે અને એ બંધારણે સરકારી નિમનક નહીં, પ્રમુખની સભ્યો દ્વારા થતી ચૂંટણીને સ્વીકારી છે. સરકાર વડે અકાદમીના પ્રમુખની નીમણૂંક નહીં, સભ્યો દ્વારા એમની લોકશાહી રીતે ચૂંટણી, એ છે અકાદેમીની સ્વાયત્તતા.

ભૂતકાળમાં શ્રી ઉમાશંકર જોશી, યશવન્તભાઈ શુક્લ અને દર્શક જેવા વિચારવન્ત લેખકોએ ને તાજેતરમાં શ્રી નારાયણભાઈ દેસાઈ, નિરંજનભાઈ ભગત અને ચન્દ્રકાન્ત ટોપીવાળા જેવા વિચારવન્ત લેખકોએ અને અન્ય અનેકોએ જેને ગુજરાત સાહિત્ય અકાદમી સાથેના પોતાના સંબંધ માટે નિર્ણાયક ગણી હતી એવી આ અકાદમીની સ્વાયત્તતાને તમે 'અકારણ વિવાદાસ્પદ મુદ્દો' ગણાવો છો અને વાત ન કરવાની શરતે આ મિલનગોષ્ઠિ અને વિચાર-વિમર્શમાં સહુને નિમંત્રણ આપો છો. એ ખેદની જ નહીં, અવિનયની જ નહીં, પણ અકાદમી માટે, ગુજરાતી સાહિત્યને માટે અને એ વડે પોષાતી પ્રજા માટે વિઘાતક વાત છે.

આ મુદ્દો વિષ્ણુભાઈ, ઇરેઝ કરવા જેવો નથી.

ગુજરાત સાહિત્ય અકાદમીના અધ્યક્ષપદે સરકારી સત્તાની રૂએ, અકાદમીના બજેટનાં બધાં નાણાં પોતે આપે છે, એ અધિકારે, કોઈ પણ સરકાર નિમણૂક કરે, ચૂંટણી ન થવા દે, એ પ્રથા (ગમે તે પક્ષની સરકાર, ગમે તે સમયગાળામાં હોય તોપણ) સર્વથા અસ્વીકાર્ય છે, એમ મારું અને બીજા લેખકોનું માનવું છે. પણ એમ કહેનારાઓ ઉપર વિવિધ આરોપો કરી, એ પ્રથાના સમર્થનમાં આવનારા કેટલી સંખ્યામાં છે, એ આંકડા

તમે મારા પરના પત્રમાં આપ્યા છે. અહીં સવાલ આંકડાઓનો નથી, આ કે તે પક્ષની સરકારનોયે નથી; સવાલ ગુજરાતી સાહિત્યની એક મહત્ત્વની અને પ્રજાના પૈસે ચાલતી સંસ્થાના સ્વરૂપનો, એના સંચાલનની પદ્ધતિનો છે.

પ્રજાએ ચૂંટેલી સરકાર પોતાની ભાષાના સાહિત્યની એક મહત્ત્વની સંસ્થાનું સંચાલન કરવામાં કઈ પ્રથા, કઈ પદ્ધતિ અપનાવે ? એ સાહિત્યિક સંસ્થા જે ભાષાની છે એ ગુજરાતી ભાષા-સાહિત્યના ઉમાશંકર જોશી આદિ ઉત્તમ લેખકોએ આગ્રહ રાખીને બનાવેલા બંધારણને બાજુ રાખીને ? એ મુજબની અધ્યક્ષસ્થાન માટેની ચૂંટણીની પ્રથાને બંધ કરીને, અને પોતાની સત્તાને જોરે અધ્યક્ષની નિમણૂક કરીને ? એ રીતે સંસ્થા-સંચાલન કરવાનું કોઈ વિચારવંત સરકાર પસંદ કરે ? જો અનવધાનથી કોઈ સરકાર એમ કરે, તો એ સરકારને એ મુદ્દા પર ટેકો આપનારાઓને એ સરકારના હિતેચ્છુ ગણવા કે કેમ ? આ મુદ્દો પણ સહુ વિચારવંતો (સમાજમાં અને સરકારમાં રહેલા વિચારવંતો) વિચારે.

સાહિત્યની સંસ્થાને આ રીતે ચલાવવા બદલ સરકારની પીઠ ઉમાશંકર જોશી, દર્શક આદિએ આજે થાબડી હોત એમ તમે પત્રમાં લખ્યું છે. આ મુદ્દે પોતાની પીઠ પર, થાબડવાને બહાને પણ કોઈ પોતાનો હાથ તમારી કે સરકારની પીઠ તરફ લઈ જાય, તો એ હાથ ઉમાશંકર જોશી કે દર્શકનો ન હોય, એમ માનું છું. વળી સદ્ભાવ હોવાને કારણે સૂચવું કે એ 'મહાનુભાવો'ની હાથની મુઠ્ઠીમાં શું ઝાલેલું હોઈ શકે, એ પણ, જેની એ પીઠ હોય એણે સમયસર વિચારી લેવું જોઈએ.

'હવેલી લેતાં ગુજરાત ખોઈ', એ શબ્દો ગુજરાતની પ્રજાએ આજ સદીઓથી યાદ રાખ્યા છે. રાજકીય પક્ષોમાં જે વિચારવંત, પ્રજાહિતચિંતક, કર્મઠ અને કામયાબ શક્તિપ્રવાહો છે, એમને માટે નાગરિકને નાતે મારા મનમાં, બલ્કે તમારી વર્ણવ્યવસ્થામાં અલગ પાડેલા પણ આ મુદ્દે એકજૂટ એવા સહુના મનમાં સદ્ભાવ અને શુભેચ્છા છે. એ સદ્ભાવ અને શુભેચ્છાની ભૂમિકાએથી જ, સરકારને અને તેમને એક વિનંતી. આ વરસ - બે વરસના ગાળામાં ગુજરાત સાહિત્ય અકાદમીના ઉમાશંકર જોશી આદિએ જેનો આગ્રહ રાખ્યો છે એ બંધારણ ફરી સક્રિય થાય. અધ્યક્ષ ફરી ચૂંટણી દ્વારા પસંદ થાય. લોકશાહી રીતે પણ ઉત્તમ અને ઝડપી કામ થઈ શકે છે એ હકીકત ભારતમાં સિદ્ધ થઈ છે (અને પડોશી દેશોમાં નથી થઈ શકી). ગુજરાત સાહિત્ય અકાદમી એ ભારતીય રીતે ફરી ચાલે. બંધારણ અનુસાર ચૂંટણી, ન કે સત્તા અને પૈસાને જોરે નિમણૂક, એ રીતે ચાલે. એમાં લેખકો, પ્રજા, સરકાર સહુનું ગૌરવ છે. એ હકીકત ભારતના ગુજરાતની પોતાની સાહિત્ય અકાદમીમાં પણ આજે નહીં તો વરસે બે વરસે ફરી સિદ્ધ થાય. એ અપેક્ષા અને શુભેચ્છા. તમે, વિષ્ણુભાઈ, એ રિસ્ટોરેશનની પ્રક્રિયામાં ફરી સક્રિય બનો, આપણી સહુની સાથે.

-- સિતાંશુ યશશ્ચન્દ્ર,
૨૭ જૂન, ૨૦૧૭

*



પ્રિય સિતાંશુ,

તમારો પત્ર સમયસર મળી ગયો હતો પણ સંવાદ સભામાં વ્યસ્ત હતો એટલે જલ્દીથી જવાબ આપી શક્યો નથી તેને માટે દિલગીર છું.

આપણી વચ્ચે તો સ્નેહાદર ભાવ રહ્યો છે. અટલબિહારી વાજપેયીજીના પુસ્તક-લોકાર્પણ કાર્યક્રમમાં તમે અને કે.કા. શાસ્ત્રીજી અતિથિ વિશેષ હતા ને રાતે કવિ સંમેલનમાં તમે કાવ્યપઠન કર્યું હતું. ફાર્બસ સામયિકમાં તંત્રીલેખમાં તમે મારા પુસ્તક 'મીસાવાસ્યમ'ને વખાણ્યું હતું તેનું પણ સ્મરણ છે. આજે તેના અનુસંધાને વર્તમાન મુદ્દા વિષે મારો અભિપ્રાય તમારા સુધી પહોંચાડું છું. કારણ એ છે કે સ્વાયત્તતાના આંદોલનના નામે જે નિવેદનો આવે છે તેમાં ચાર પ્રકારના લોકો સૂત્રધારો છે. એક વર્ગ એ છે જેને નરેન્દ્ર મોદી, ભાજપ, આર.એસ.એસ.નું સાર્વજનિક આધિપત્ય ગમતું નથી તેવા છદ્મ સામ્યવાદી ડાબેરીઓ છે. બીજો વર્ગ જેમને કૈંક મેળવવું હતું અને મળ્યું નહીં તેવો છે. ત્રીજો વર્ગ વિચારના નામે કોઈ વિરોધી મુદ્દો જીવતો રહે તેવી ઇચ્છા ધરાવે છે. ચોથો વર્ગ તમારા જેવા પ્રબુદ્ધોનો છે જેમાં તમે નિર્દેશિત સાહિત્યકારો - નિરંજન ભગત વગેરે છે. આમા ભગતસાહેબ, રઘુવીર ચૌધરી અને તમારા જેવા સર્જકો સાથે તો કોઈ પણ ચર્ચા થઈ શકે તે હું સ્વીકારું છું.

ચોથું એવું નામ મળતું નથી. સાહિત્ય પરિષદના ઘણા હોદ્દેદારોએ અકાદમીના અધ્યક્ષ તરીકે મારી 'નિયુક્તિ'ને ફોન પર આવકારી છે એ તમારી જાણ માટે લખું છું અને પરિષદની સ્વાયત્તતામાં ગૂંગળાયેલા અને રાજીનામું આપીને છૂટા થયેલા સાહિત્યકારોની યાદી મોટી છે તે તમે જાણો છો. આ હું એટલા માટે લખી રહ્યો છું કે તમે સ્વાયત્તતા અને ચૂંટાયેલા પ્રમુખની વાત આ પત્રમાં કરી છે. એ તદ્દન સ્પષ્ટ છે કે સરકારના સંપૂર્ણ ખર્ચથી અકાદમી ચાલે છે. જો લોકશાહીની જ વાત કરવી હોય તો આ અકાદમી ગુજરાતની પ્રજાએ ચૂંટી કાઢેલી સરકારે બનાવી છે. અકાદમીમાં ચૂંટણી થાય અને પ્રમુખ તેમાંથી ચૂંટાઈ આવે એટલે 'સ્વાયત્તતા' સિદ્ધ થઈ જાય ?

વાસ્તવમાં એવું નથી. અધ્યક્ષ તરીકેની મારી પસંદગીને ગુજરાતનાં તમામ ક્ષેત્રોના મહાજનો તરફથી આવકાર મળતો આવ્યો છે તેનો અર્થ એ છે કે સાહિત્ય-સંસ્થાઓએ માત્ર સાહિત્યનું સંવર્ધન થાય તેના તરફ જ ધ્યાન આપવું જોઈએ. અન્ય સંસ્થાઓમાં સ્વાયત્તતા હોવી જોઈએ કે નહી તેની ચિંતા ચર્ચા અત્યારે જે સ્તરે ચાલે છે તેનાથી તો સાહિત્યકારોની જ પ્રતિભા નાગરિકો પાસે ઝાંખી થવા લાગી છે. એટલે તો પરિષદના બે જ હોદ્દેદારોએ ફતવો બહાર પાડ્યો કે અકાદમીની સાહિત્યકાર તેમજ સાહિત્યપ્રેમીઓની ગોષ્ઠિમાં જવું નહિ તેમ છતાં અઢારમીએ અમદાવાદમાં જે ગોષ્ઠિ થઈ તેના અહેવાલ મેળવશો તો ખાતરી થશે કે ગુજરાતી નાગરિક અને તેનો સાહિત્ય પ્રત્યેનો પ્રેમ કેવું પરિવર્તન ઇચ્છે છે. એકદંડિયા મહેલમાં બેસીને કે દર્શક, દેસાઈ જેવાં નામોનો ઉપયોગ કરીને સ્વાયત્તતાની ઝંડી ફરકાવવામાં આવે છે તેમાં પ્રજાને જરીકેય રસ નથી. તે તો ઉત્તમ સાહિત્ય રચાય, તેનું સંવર્ધન થાય, નવોદિત કલમોમાં પડેલી શક્તિને પારખવામાં આવે તેવાં કામો ઇચ્છે છે. એટલે આ ગોષ્ઠિમાં ઉપસ્થિત ૨૦૦

જેટલા, જુદાં જુદાં ક્ષેત્રોના માન્ય આગેવાનો અને વિદ્યાર્થીઓ સમક્ષ મેં કહ્યું કે આ સંવાદ-સભા છે. વિવાદ-સભા નથી અને ૩૦ જેટલા વક્તાઓએ અભિપ્રાય આપ્યા તેમાં ગુજરાતી સાહિત્ય વિશેજ મુખ્ય ચર્ચા થઈ. તેમાંના ઘણા પ્રથિતયશ સર્જકો પણ હતા.

સિતાંશુભાઈ, અકાદમી અને પરિષદ વચ્ચેના આ અર્થહીન સંઘર્ષની જડ તમે સારી રીતે જાણો છો. આ મુદ્દાને અકારણ ચગાવવામાં આવ્યો છે. આજે દર્શક, ઉમાશંકરભાઈ કે બીજા સ્વર્ગસ્થ મહાનુભાવો હોત તો અકાદમીએ ગુજરાતની અસ્મિતા સાથે જોડાયેલા સાહિત્ય સંવર્ધનનું આયોજન કર્યું છે તેને જરૂર પીઠ થાબડી હોત. પરિષદના સમજદાર આગેવાનોએ આત્મમંથન કરવા જેવું છે એવું ઘણાને લાગે છે. ચર્ચા અને સંવાદના દરવાજા સુરેશ જોશી કહેતા તેમ ખુલ્લા છે, ગમે ત્યારે તમે કહેશો ત્યારે જરૂર મળીશું.

વિષ્ણુ પંડ્યા ૧૯-૬-'૨૦૧૭

*

## સરકારનિષ્ઠા અને તર્કછળ

ગુજરાત સાહિત્ય અકાદમીના અધ્યક્ષ શ્રી વિષ્ણુ પંડ્યાએ ૧૮મી જૂને રાખેલી 'મિલનગોષ્ઠિ'ના પ્રત્યુત્તર રૂપે અમે એમને લખેલું કે -

'જો તમારી આ ગોષ્ઠિ 'સ્વાયત્તતા અને તેવા અકારણ વિવાદાસ્પદ મુદ્દાને બાજુ પર' રાખવાની શરત સાથે કરવાની હોય તો એ, તમે લખ્યું છે એવો 'સહિયારો પ્રયાસ' રહેતી નથી પરંતુ એકપક્ષી અને પૂર્વગ્રહગ્રસ્ત બને છે. વિચારવિમર્શને જ સીમિત અને કુંઠિત કરી દેતું આ એક પ્રકારનું તર્કછળ છે.

હવે, શ્રી સિતાંશુ યશશ્ચંદ્ર સાથે થયેલા (જાહેર) પત્ર-વ્યવહારમાં વળી આ શ્રી વિષ્ણુ પંડ્યાનો એક વિલક્ષણ સરકારનિષ્ઠ 'અવાજ' સંભળાયો છે એના પ્રતિભાવ રૂપે બેત્રણ બાબતો અમારે કહેવાની થાય છે -

૧. વિષ્ણુભાઈ કહે છે : 'સ્વાયત્તતા-આંદોલનને નામે જે નિવેદનો આવે છે એમાં... એક વર્ગ એ છે જેને નરેન્દ્ર મોદી, ભાજપનું સાર્વજનિક આધિપત્ય ગમતું નથી.' એક વખતના ''સાર્વજનિક આધિપત્ય''ના વિરોધમાંથી તો તમારું મિસાવાસ્યમ્ આવેલું હવે તમે 'સ્વાયત્તતા'ના વિરોધમાં એને 'ગમતુ' કરશો ? અમારી વાત તો એ છે કે ભાજપ વગેરે કોઈ પક્ષ સામે નહીં, કોઈ પણ સરકારના (હોત એ) ગેરબંધારણીય નિર્ણય સામે અમારો વાંધો છે.

૨. સ્વાયત્તતા એ, વિષ્ણુભાઈ, કોઈ વિરોધી પક્ષ કે કોઈ દલીલ નથી; એ તો સાહિત્ય અને કલા સાથે રહેતું એક કાયમી મૂલ્ય છે જે સાહિત્યકારના સ્વમાનની ખેવના કરે છે.



૩. અમને લાગે છે કે સરકારનો આશય કેવળ સરકાર-નિષ્ઠતાનું પ્રતિનિધિત્વ કરે એને જ 'સાહિત્ય' અકાદમીના અધ્યક્ષ તરીકે નિયુક્ત કરવાનો રહ્યો છે. જો નિયુક્તિ સાહિત્ય-નિષ્ઠ રહી હોત - સાહિત્યહિતાર્થે કરવી હોત તો જેની લાંબી અને ઊજળી સાહિત્ય-કારકિર્દી છે, જેનું ઘણું મોટું સાહિત્યિક પ્રદાન છે એવા કોઈ ગુજરાતી લેખકની નિયુક્તિ કેમ ન થઈ ? બંનેમાંથી એક પણ વખતે ?

૪. તમે લખો છો કે - 'અકાદમીમાં ચૂંટણી થાય અને પ્રમુખ તેમાંથી ચૂંટાઈ આવે એટલે 'સ્વાયત્તતા' સિદ્ધ થઈ જાય ?'

અધ્યક્ષ એ રીતે ચૂંટાઈ આવે વિષ્ણુભાઈ, ત્યાંથી 'સ્વાયત્તતા' શરૂ થાય. પછી (તમેય જોડાવા ઇચ્છો તો) આપણે સૌ એને સિદ્ધ કરીએ.

લોકશાહી પદ્ધતિએ, સાહિત્યકાર સભ્યો દ્વારા થયેલી ચૂંટણીપ્રક્રિયાનું કેવું પરિણામ આવે એ તો ગુજરાતી સાહિત્ય પરિષદની ગત ચૂંટણીએ બતાવી આપ્યું - જેમનું સાહિત્યકાર્ય ન જેવું હતું એની સામે જેમની સાહિત્યકારકિર્દી લાંબી અને ઉજ્જ્વળ હતી એ લેખક ચૂંટાઈ આવ્યા. મૂલ્યનિર્ણય સૌએ મળીને કર્યો. અમે તો વિષ્ણુભાઈ, આને જ 'સ્વાયત્તતા' અને 'લેખક-ગૌરવ' ગણીએ છીએ. તમે ?

કુશળ હશો.

લિ.

હિમાંશી શેલત — રમણ સોની
જયદેવ શુક્લ — રમણીક સોમેશ્વર
ડંકેશ ઓઝા

## સાભાર સ્વીકાર

(૫૪) હું સુખનું સરનામું : જનક નાયક, ૨૦૧૬, સાહિત્ય સંકુલ, સુરત, પૃ. ૧૨+૧૯૨, રૂ. ૧૨૦/- (૫૫) જીવન એક ઉત્સવ : જનક નાયક, ૨૦૧૬ સાહિત્ય સંકુલ, સુરત, પૃ. ૯૬, રૂ. ૭૦/- (૫૬) તમે તો સાવ ઉલટા : જનક નાયક, ૨૦૧૬ સાહિત્ય સંકુલ, સુરત, પૃ.૧૦૪, રૂ. ૯૦/- (૫૭) સંગીત દ્વારા સારવાર : પ્રફુલ્લ દેસાઈ, ૨૦૧૬, સાહિત્ય સંકુલ, સુરત, પૃ.૧૯૨, રૂ. ૧૮૦/-

## કવિતા

### મૃત્યુને | નિરંજન ભગત

મૃત્યુ, મારા જન્મ સાથે તારો જન્મ.
પણ ત્યારે તો તું દૂર, દૂર.
દૂરથી તારો ચહેરો જોયો હતો, ઝાંખો ઝાંખો,
ક્યારેક કઠોર, ક્યારેક કોમળ.
જેમ જેમ હું જીવતો ગયો,
તેમ તેમ હું તારી નિકટ થતો ગયો.
તોયે હજીયે તું દૂર.

હવે આજે તું નિકટ.
નિકટથી તારો ચહેરો જોઉં છું, સ્વચ્છ સ્વચ્છ,
સદા શાન્ત, સદા સૌમ્ય.
હવે આજે તું અતિ નિકટ.
ગમે ત્યારે આપણે એકમેકમાં ભળી જશું,
ગમે ત્યારે આપણે એકસાથે જ બળી જશું.
ત્યારે મારા મૃત્યુ સાથે તારું મૃત્યુ.

૧૮ મે ૨૦૧૭

### કહે મનોહર દાસ | મનોહર ત્રિવેદી

(પાંચ ગીત)

**૧**

ક્યાંક હોય છે કૂડોકચરો ક્યાંક સરોવર રૂડાં
કહે મનોહર એની ચર્ચા માંડે હરખપદૂડા !

ખેતરની હરિયાળી વચ્ચે પગ લંબાવે રણ
જાણે, તોપણ એકબીજાને પૂછે સૌ કારણ.



મધુમાલતી મંડપ નીચે ઊઝરવા દે થૉર
કરે ઉજવણી સુંદરતાની બેઉ મળી ચહુઑર.

ઊંચે જોતાં દિશાદિશામાં ખગ ફેલાવે પાંખ
નહીં આભની રોકટોક શ્રાવણ હો કે વૈશાખ.

મળે હોઠ પર હાસ્ય, બાઝતાં કોઈ પાંપણે ટીપાં
ઓછું-વત્તું મળ્યું બધાંને, આંખ માંડ માલીપા

કદી સાધુનો મળ્યો છે ધૂણો, કદી સીમની લહેર
કહે મનોહર, એ બે વચ્ચે જરી ન દીઠો ફેર.

**૨**

દાસ મનોહર કહે
શમણાને છોડીને બંધુ ! નિજ રમણામાં રહે !

જીવે છે તો પીડા છે
પણ મડદામાં શું હોય ?
હાથ જરી આગળ કર તરત જ
ગળે વળગશે કોઈ
ત્યાં જો, લીલું ઝાડ છે એમાં પંખીડાં ચહચહે.

ચારપાઈ મળી છે એમ જ
મળશે ખભ્ભા ચાર
અહીં બંધ થયાં તો સામે
ખૂલશે દસ દસ દ્વાર
જળને એનો ઢાળ છે તેથી બે કાંઠામાં વહે
શમણાને છોડીને બંધુ ! નિજ રમણામાં રહે !
દાસ મનોહર કહે.

**૩**

દાસ મનોહર શું છે ?
અંદર આંસુ વાળી લે પણ પાંપણને ના લૂછે.

સાવ અજાણ્યાને આઘેથી
કહેશે કે : એ.. રામ !
મોં મલકાવી જવું નીકળી
હોય કહો, શું કામ ?
ઠામ અને ઠેકાણાં એ તો મતલબિયાઓ પૂછે.

ખુશીઓને ગજવે ઠાંસીને
ભરી બજારે વ્હેંચે
ગમગીની બીજાની હળવે
કાંટા માફક ખેંચે
આઠ પહોરના જલસા જેને, લટકે લીંબુ મૂછે
અંદર આંસુ વાળી લે પણ પાંપણને ના લૂછે.
દાસ મનોહર શું છે ?

૪

કહે મનોહર દાસ
મળ્યું કે પાછું વળ્યું : છતાં ના ઓસરતો ઉલ્લાસ

પણે સુગંધી ફૂલ છે એમાં
હશે છુપાયા કાંટા
સુખદુ:ખના પણ અલગ અલગ ક્યાં
કદી મળે છે ફાંટા ?
સૂર લપાયા હોય છે જેને ગણ્યો'તો સુક્કો વાંસ

અટકળનો આધાર લઈને
કરીએ ના સંદેહ
નભને કોનું વળગણ કે
બીજાને દેશે છેહ ?
એને મન : જેવું અંધારું એમ જ છે અજવાસ.

બંધ થાય ત્યાં રાત :
પોપચાં ખૂલે ત્યાં જ સવાર
આડે પડખે થયા લ્યો, છોડી
આ કે તે - નો ભાર
લેવા છે ? તો લૈ લે : કહીશું : તેં દીધેલા શ્વાસ
મળ્યું કે પાછું વળ્યું : છતાં ના ઓસરતો ઉલ્લાસ
કહે મનોહર દાસ.

૫

કરી હાથનું ભાય ! નેજવું -
દાસ મનોહર કહે કે જેવું અંદર એવું બહાર દેખવું.

ખબર પડે નંઈ : કેમ થાય ઇચ્છાના લીરેલીરા ?
અટવાતા રસ્તાના પગમાં કોણ પાડતું ચીરા ?
જાણ નથી ઉમ્બરને સાહેબ ! બાવન બા'રું કેમ ઠેકવું ?



પંખી છે તો પાંખ હશે ને પાંખ હશે તો આભ
એકમેકના ટેકે મળતો હોવાનો આ લાભ
અંગ હતું તે મળી આંગળી : તંબુરને પણ મળ્યું ટેરવું
દાસ મનોહર કહે કે જેવું અંદર એવું બહાર દેખવું
કરી હાથનું ભાય ! નેજવું.

## બે કાવ્યો | સંસ્કૃતિરાણી દેસાઈ

### ૧. મોઢું બીજી બાજુ ફેરવી

માટી બરોબર ખોદી,
પાણી નાખી, જમીન તૈયાર કરી
મેં એક પંક્તિ રોપી
કવિતાની
ને તેની પાછળ ધીમે ધીમે બીજી પંક્તિ ઊગવા માંડી.
મેં સંભાળીને ત્રીજી પંક્તિ રોપી,
સફાઈથી, છંદમાં
ને ચોથી પંક્તિ ખીલવા માંડી
આમ વારાફરતી પંક્તિઓ સાથે
લખાઈ ગઈ કવિતા.
બીજે દિવસે, જમીન બરોબર ખોદી, ગોડ મારી
તૈયાર કરી
કવિતાની એક પંક્તિ રોપી.
ત્યાં તો ધીમે ધીમે ચાર-પાંચ પંક્તિઓ
પોતાની મેળે જ ઊગવા માંડી.
ફરી એક પંક્તિ, શબ્દોના વ્યવસ્થિત ક્રમ સાથે રોપી
તો બીજી પાંચ-સાત પંક્તિઓ ઊગી ગઈ...

હવે તો એક જ શબ્દ રોપું છું
ને આખ્ખે આખ્ખી કવિતા મહોરવા માંડે છે પોતાની મેળે.

એક દિવસ, એક શબ્દ રોપી
તેને જોતી ઊભી રહી
મેં કહ્યું,
સરસ રીતે હોં, લયમાં હોં
ત્યારે એ કહે

આમ સામે ને સામે નહીં જોયા કરો
મોઢું ફેરવી બીજે જુઓ
હિસાબ લેતા હો એવું લાગે છે....

જમીન ગોડ મારેલી હોય, ખાતર નાખેલું હોય -
પાણી છાંટેલું હોય....

તો
કવિતાઓ તો સાલી
આતુર હોય છે ઊગવા...
બસ, જરા મોઢું બીજી બાજુ ફેરવી ઊભા રહેજો....

## ૨. શબ્દકોશમાં પડી રહેલા શબ્દો

વિશાળ લાઇબ્રેરીમાં
મોટ્ટા જાડા શબ્દકોશોમાં પડી રહેલા શબ્દો
મરી ગયા છે
ઉપયોગમાં લીધા વિનાના, વર્ષોથી વપરાયા વગરના
અવાવરું ઘર જેવા.
સાફસૂફ કરવું પડશે, ઘરની અંદર જઈ.
ઊડે છે તેમાં ચામાચીડિયાં
બાઝી ગયેલાં મોટ્ટાં જાળાં તોડી,
કચરો વાળી, પોતું કરી સાફ કરવું પડશે અંદર.
ખોલી નાખવાં પડશે બારી-બારણાં
જેથી અંદર આવે બહારની તાજી હવા
સામ સામે પડતાં બારી-બારણામાંથી
શરૂ થાય
હવાની અવરજવર
અંદર આવવા માંડે 'પૉઝિટિવ ચિ' (હકારાત્મક ઊર્જા).

દીવો કરી દીધો ઈશાન દિશામાં
ઘંટડી પણ વગાડી દીધી ખૂણે ખૂણામાં
'પૉઝિટિવ ચિ' (હકારાત્મક ઊર્જા) લાવવા.

જાગ્રત ન થયો શબ્દનો આત્મા
આ બધું કર્યું
તોપણ

તો શું તેને 'મમીફાય' કરી દેવો છે ?



સુગંધિત દ્રવ્ય ભરીને શબને સાચવે છે તેમ ?
ના, ના... જરા છેલ્લો પ્રયત્ન કરીએ....

'પ્લેન્ચેટ' પાથર્યું
બોલાવ્યો પ્રેતાત્માને
હાલવા માંડી આંગળી ઢાંકણી ઉપરની....
લો આવી ગયો
એનો આત્મા
પાછો શબ્દમાં !
શરણાઈ વગાડો હવે...

## ટેકરી ટહુકાય એવું | કરસનદાસ લુહાર

પવન થાકીને સૂતેલો, ઊભો થૈ જાય
એવું કંઈક લખવું છે !
ફક્ત ફૂલો જ નહિ, પર્ણોય સુગંધાય
એવું કંઈક લખવું છે !
પ્રથમ વરસાદનો છાંટો અડ્યે કાળમીંઢ-
પાષાણો ઝરણ થઈને -
ખળકતાં ને ઝળકતાં મીઠડું મલકાય -
એવું કંઈક લખવું છે !
કલમ બોળીને મારા સાવ આછા -
રક્તના ખડિયા મહીં તોયે -
યુગો સુધી ન એકે અક્ષરો ઝંખવાય
એવું કંઈક લખવું છે !

વસંતી ઋતની વિભાવનાને સાવ બદલી
નાખવી પડશે;
વિહંગો સાંભળે ને ટેકરી ટહુકાય
એવું કંઈક લખવું છે !

કસમ ખાઉં કલમના કે પછીથી કૈં નથી
ક્યારેય પણ લખવું;
ગગન સૂના તળાવે સાંજ વેળા નહાય
એવું કંઈક લખવું છે !

## ઝાડ જીવે ચિક્કાર | ભગીરથ બ્રહ્મભટ્ટ

પાન-પવનના લયમાં ડોલે ડોલે સદાકાળ
ઝાડ જીવે ચિક્કાર

ઝીણી ઝીણી ઝાલર જેવો
પવન પળપળ ગાય
ડાળડાળ પર મંગલ ગાણાં
ઝાડપણાં હરખાય

ટાઢ-તાપને ઓળીઘોળી પલળે પારાવાર
ઝાડ જીવે ચિક્કાર

પવનસરીખી ભાત ભરી દે
ગંધે ગુંજે નાદ
કૂંપળકૂંપળ પ્રેમપ્રથાનો
વ્હેંચે વૃક્ષ પ્રસાદ
લયમાં નાચે લયમાં રાચે તન્મય તદાકાર
ઝાડ જીવે ચિક્કાર.

## તમે આવ્યા... | દક્ષા વ્યાસ

તમે આવ્યા મારે વતન મળવા મિત્ર થઈને,
અને મેં ભોળીએ મનવ્યું મનને છત્ર દઈને.
વિચારું આજે એ વરસ વીતિયાં કૈંક અદકાં,
હવાં જોકે એની કીમત રહી ના કોઈ રૂપમાં.

મળ્યાં'તાં પૂર્વે આપણ દ્વય યુવા એક બનવા
વનોના એકાંતે રમણભ્રમણે સ્નેહ સીંચતાં;
જુઓ, પેલી કેવી સરિત વહતી સાદ કરતી,
પહાડોની ટોચો ગજવી ગજવી રાવ કરતી.

પખાળ્યાં'તાં મારાં ચરણ જ પરાણે : સમરતી,
ચઢ્યા'તા ઊંચે ઊંચકી લઈ મને ફૂલ હળવી;



ચૂંટીને ડાળેથી કુસુમ હળવે કેશ ગૂંથતા,
રમ્યાં'તાં વૃક્ષોની પછીત છૂપતાં શોધ કરતાં.

મળ્યા નો'તા કેમે થકવી થકવી મારી જ મને;
હજી આજેયે તે નજર ફરતી થાકતી જ રહે !

## સુખ | વિજય રાજ્યગુરુ

તડકો ચઢે
અને
ઝાકળ ઊડે
વાયરા પર સવાર થાય
આખ્ખો દિવસ રખડે
સાંજે પાછું ફરે
રાત્રે
છોડને પોતાની વાત કહે
એની વાત સાંભળે
સવારે
બીજી ડાળીના ફૂલ પર
જઈને તબકે
બેઠું બેઠું મલકે
ત્યાંથી પણ ઊડી જવા તૈયાર
સુખનું પણ આવું જ..
નહિ ?!!!

## તું | રાધેશ્યામ શર્મા

કોણ
છું ?
પૂછનારને
ત્રિ-કોણ
પૂછી
બેઠો

પરસેવો
લૂછી
બોલ્યો
ઊતર
હેઠો
તારું
નામ
જેઠો
તો
નથી ને ?
તેથી હું
વિસામણની
વાવમાં
ઊતર્યો.

## **તમે આવો** | મણિલાલ હ. પટેલ

વૃક્ષોની હથેલીઓમાં વૈશાખી તડકો
હજી હમણાં જ ખોબો વાળતાં શીખેલાં -
કાંચનારને પાંદડે પાંદડે હેતની હેલી
આંગણામાં હંસો ઊતરી આવ્યા છે
જૂઈ જાઈ ને ચમેલી ઘેલી ઘેલી
રતુંબડી પીપળકૂંપળ ચળક ચળક
પર્પલ પૃથ્વી પુષ્પિત પળ પળ
કોયલવેલનાં વાદળી ફૂલોમાં રમે
આસમાની આશાનું આકાશ...

તમે સાંભળો છો ? તમે ત્યાં નથી -
જ્યાં તમે છો ! તમે તો અહીં છો -
આ મ્હોરી ઊઠેલી મોગરવેલની કળીઓમાં
ટગરીની વિસ્મયચકિત આંખોમાં
ગાંડાતૂર ડમરાની તોફાની સુગંધોમાં
કૂંપળે કૂંપળે પ્રસન્નતા વ્હેંચતી
સવારની ભૂરી ભૂખરી પાંખોમાં.. તમે -
આ આંગણામાં તડકોછાંયો કોમળ મુકુલ



ફરફરતું દુકુલ... રગરગમાં તરુવર તમે !

ગુલમ્હોરે કેસરિયાં કર્યાં છે
સ્વાગતમાં ઊભા છે મશાલચી સોનમ્હોર
બપોરી તડકાને હંફાવતા ગરમાળા
છાંયડાથી ભીંજાતી જાય છે સડકો
તમે આવો પુનઃ ને અડકો
જૌહર કરતી વેળાઓને કાંઠે –
જન્માંતરોથી બેઠો છું – હું એકલો...!

## **ઘાસ** | મણિલાલ હ. પટેલ

(શિખરિણી : સૉનેટ)

ન જાણું શા માટે પૃથ્વી પર આ ઘાસ ગમતું !!
ખીણે ખ્હાડે ક્ષેત્રે સીમ વન વને ચિત્ત ભમતું :
ગમે ના એને યે તૃણ વગરના આ નગરમાં
ન જંપે એ પોતે, લઈ જતું મને ઘાસ-ઘરમાં !
વળી લૈને દોડે છલ છલ થતાં ઘાસ-બીડમાં,
અને શોધી કાઢે ઊગતું તૃણ પાષાણ-ભીડમાં !
બતાવે મેદાનો હરિત-પીત રંગે છલકતાં
પછી મારે અંગે તૃણ પુલક થૈ એ મલકતાં !

હવે હું ચાવું છું તૃણ-સળી તૂરી, - કેફ ચઢતો,
હું જ્યાં જન્મ્યો'તો એ મલક ભીતરે આવી અડતો...
હજી એ શેઢા-ખેતર, ઘર સુધી આવી ચઢતાં
મને ખંખેરીને ખબર પૂછતાં : ખૂબ લડતાં :
'ભલા ! તું તે કેવો-જન ? - પદ - ભૂલીને ભટકતો ?
ખરી આ માટી છે - તૃણ પણ ખરાં ! તું ખખડતો...!'

❑

વાર્તા

# પુસ્તક અને કાળું મેઘધનુષ

■ દિવાન ઠાકોર ■

ચારેબાજુ પુસ્તકો જ પુસ્તકો. પુસ્તકોથી ભરેલાં કબાટોની લાંબી હાર, જાણે રસ્તાની બે બાજુએ ઊભેલાં ગુલમહોરનાં વૃક્ષોની કતાર. સરસ રીતે ગોઠવેલાં, રંગ-બેરંગી અને નાનાં-મોટાં પુસ્તકો. બગીચામાં ખીલેલાં ફૂલ-છોડ વચ્ચે આંટો મારતા હોઈએ તેમ લાગે. અરે ! કેટલાં સરસ પુસ્તકો છે ! આટલાં બધાં પુસ્તકો એક સ્થળે અગાઉ ક્યારેય જોયાં ન હતાં. પુસ્તકોની ખાણ. ના. ખાણ નહિ, ખજાનો. ખાણ તો ખોદવી પડે. ખજાનામાંથી તો જે જોઈએ તે લઈ લેવાનું. આ પુસ્તક લઉં કે પેલું ? ના.. ના.. પેલું. સરસ દેખાય છે. પુસ્તક હાથમાં લીધું. આંખોએ પહેલા પાનાના સફેદ કાગળ પર છપાયેલા કાળા શબ્દો વાંચ્યા. 'હું તને ચાહું છું.' જાણે કોઈ કાનમાં કહીને અદૃશ્ય થઈ ગયું. ધીમા સૂરે બોલાયેલા એ શબ્દો બરાબર સંભળાયા.

સાંભળીને સ્તબ્ધ થઈ જવાયું. એક પુસ્તક એક માણસને આમ કહે એ ઓછું અચરજ પમાડે તેવી બાબત નથી. ખરેખર તો આવું વાક્ય એક વ્યક્તિ બીજીને કહેતી હોય છે. સામાન્ય રીતે એક માણસ લાગણી વ્યક્ત કરવા બીજાને આમ કહેતો હોય છે. કહેવાથી ખબર પડે છે કે કહેનારની ઇચ્છા, ઝંખના અને અપેક્ષા શું છે ?

મોટેભાગે પુરુષ સ્ત્રીને કે સ્ત્રી પુરુષને કહે છે હું તને ચાહું છું. માણસ જ્યારે આ વાક્ય બોલે ત્યારે તેનો અર્થ એવો થાય કે તે આમ કહીને મનનો ભાવ વ્યક્ત કરે છે. એમ કહેવાનો અર્થ એટલો કે મને તારામાં શ્રદ્ધા અને વિશ્વાસ છે. હું પ્રેમ આપીને પ્રેમ માગું છું. તું પ્રેમ આપીશ એવો વિશ્વાસ છે. અહીં તો પુસ્તક આમ બોલે છે તેથી ગૂંચવાડો થાય છે. કેમ કે પુસ્તક ક્યારેય કહે નહીં કે હું તને ચાહું છું. મેં શબ્દો બરાબર સાંભળ્યા. ધીમા અવાજે બોલાયેલા એ શબ્દો હજુ કાનમાં ગુંજે છે. મને પૂરો વિશ્વાસ છે કે જે પુસ્તકે કહેલું તે મેં સાંભળ્યું છે. હવે હું શું કરું ? તેની શું અપેક્ષા હશે ? હું તેની અપેક્ષા કઈ રીતે પૂરી કરીશ ? કોઈ પુસ્તકની શું અપેક્ષા હોય ? કદાચ પુસ્તકની અપેક્ષા હોય કે કોઈ તેને વાંચે. વાંચીએ તો પુસ્તક શું કહે છે તે સમજાય… સમજીને આનંદની અનુભૂતિ થાય. પુસ્તકો એવું ઇચ્છતા હશે કે માણસોને આનંદની અનુભૂતિ થાય. હા. એમ જ હશે એટલે તો તેમને મનુષ્યના મિત્રો ગણવામાં આવે છે. પુસ્તક હાથમાં લઈને કબાટ તરફ નજર નાંખી. જ્યાંથી પુસ્તક લીધું હતું તે જગા હું શોધી ન શક્યો. એ ખબર ન પડી કે પુસ્તક ખરેખર ક્યાંથી લીધું હતું ? અચરજ થયું. પુસ્તક અને કબાટને વારાફરતી જોતો રહ્યો. પુસ્તકની ખાલી પડેલી જગા અન્ય પુસ્તકે પૂરી દીધી હતી. દરવાજાના ટેબલ પાસે આવીને અટક્યો. ટેબલ પર પુસ્તક મૂક્યું. મૂકીને પાછું હાથમાં લીધું. નીચે મૂકવાનું મન



થતું ન હતું. સામેની ખુરશીમાં સુંદર સાડીમાં શોભતી યુવતી બેઠી હતી. તેની સામે રજિસ્ટર ખુલ્લું પડ્યું હતું. તે રજિસ્ટરમાં લખતી હતી. માથું નીચું કરીને લખવામાં વ્યસ્ત હતી. હું તેને અને પુસ્તકને વારાફરતી તાકતો ઊભો રહ્યો. મારે કંઈક બોલવું જોઈએ. મેં કહ્યું, 'હું તને ચાહું છું.' તેના હાથમાં પેન હતી. તે લખવાનું અટકાવી મારા તરફ જોઈ રહી. બે મોટી આંખો. આંખોમાં ચમક. ચપોચપ બિડાયેલા હોઠ. ગોળાકાર ગાલ અને અણીદાર ચિબુક. ઘઉંવર્ણી, બહુ સુંદર નહીં. તે એકીટશે મને તાકી રહી. તેની ચમકદાર આંખો સરળતાથી ભૂલી શકાય તેવી ન હતી. મને તે આંખો કાંઈક કહેતી હોય તેવો ભાસ થયો. તેણે પુસ્તક હાથમાં લીધું. થોડું લખ્યું. ફેંકતી હોય તેમ પાછું આપ્યું. તે રજિસ્ટરમાં લખી રહી છે તેવો દેખાવ કરવામાં નિષ્ફળ રહી કારણ કે તેણે જે હાથમાં પેન પકડી હતી તે હાથ સ્થિર હતો. પેન વડે કશુંય લખાતું ન હતું. મેં પુસ્તક લઈને ચાલવા માંડ્યું. દરવાજા પાસે જઈને પાછું વળીને જોયું. માથું નીચું રાખીને પેન પકડીને શરમાતી બેઠેલી યુવતી એવું ચિત્ર મનમાં અંકિત થયું.

હું વારેવારે પુસ્તકને જોતો હતો. બે ધ્યાન હોવાને લીધે એક-બે જણને અથડાયો અને એ લોકો કશુંક એલફેલ બોલીને ગયા. સાંભળેલું વાક્ય મનમાંથી ખસતું ન હતું. મનમાં પ્રશ્નો ઊઠવા માંડ્યા છે. હું તને ચાહું છું. એવું કેમ લખ્યું હશે ? આ પુસ્તક કેમ હાથમાં આવ્યું ? પુસ્તક કયા કારણથી કહે છે ? આમ તો ચાહવાને કોઈ કારણ સાથે બહુ સંબંધ હોતો નથી. સામાન્ય રીતે પુરુષ સ્ત્રીને અથવા સ્ત્રી પુરુષને ચાહે છે. એક સ્ત્રી બીજી સ્ત્રીને ચાહે અથવા એક પુરુષ બીજા પુરુષને ચાહે છે. કોઈ તો પ્રાણીઓને ચાહે છે. મૂળ પ્રશ્ન તો કોઈ પણને ગમે તે કારણસર ચાહવું તે છે. ચાહવાનો બીજો શો અર્થ થાય ? એક વ્યક્તિ બોલે અને બીજી વ્યક્તિ સાંભળે માત્ર એટલો અર્થ ન થાય. આંખોએ વાંચ્યું અને કાનોએ સાંભળ્યું. વાક્યને કયા અર્થમાં લેવું ? હકારાત્મક કે નકારાત્મક ? નકારાત્મક શબ્દથી યાદ આવ્યું.

થોડાં વર્ષો પહેલાં બની હતી. હાટકેશ્વર સર્કલના ચાર રસ્તા પાસે શાકની લારીઓ ઊભી રહે છે ત્યાં એ ઘટના બની હતી. કોઈ ભાવતાલ કરતું હતું. શાકવાળી સ્ત્રીઓ તોલતી હતી. કોઈ કોઈ સ્ત્રી ઉતાવળે શાક ખરીદીને સાંજની રસોઈની ચિંતામાં ઘર તરફ જતી હતી. કેટલીક સ્ત્રીઓ શાક ખરીદીને પકોડીની લારી પાસે ઊભી રહીને પકોડી ખાતી હતી. સાંજ હોવાને લીધે રસ્તા પર વાહનવ્યવહાર વધારે હતો. બધાંને ઘેર જવાની ઉતાવળ હતી. એ જ વખતે ધડાકો થયો. બે જણનાં શરીરનાં ચીંથરાં ઊડી ગયાં. હાથ, પગ, માથું, ધડ આમતેમ ઊછળ્યાં. લોહીનાં ખાબોચિયાં ભરાયાં. ચારેબાજુ રડારોળ, ચીસાચીસ અને દોડાદોડ થઈ. પોલીસવાનની સાયરનના અવાજો ગુંજવા માંડ્યા. બધા આમતેમ સલામત સ્થળ તરફ ભાગતા હતા. આતંક અને ભયનો માહોલ હતો. જોનારામાંથી કેટલાક તો બેભાન થઈ ગયા. કેટલાક ગાંડાની જેમ બૂમો પાડી રહ્યા હતા. કેટલાક આજુબાજુ ખુલ્લી દુકાનોમાં ઘૂસી ગયા હતા. બોમ્બ, હુમલો, લોહી, લાશો, ચીસો, માંસના લોચા એવા શબ્દો ટોળામાંથી આવતા સંભળાતા હતા. કોલાહલ થતો હતો. કેટલાકે બૉમ્બ ફોડનારને જોયો હતો. તે સાઇકલ લઈને બીમાર હોય એમ ચાલતો

આવ્યો. શાકની લારી પાસે આવી શાક વીણવા માંડ્યો. શાક તોલાયું. પૈસા આપ્યા. તે શાક લઈ સાઇકલ ત્યાં જ મૂકી ચાલવા માંડ્યો. થોડી વાર પછી ધડાકો થયો. લોહી-લુહાણ લોકો અને ચીસોથી શાકબજાર તરફડી રહ્યું. ઍમ્બ્યુલન્સ દોડતી હતી. પોલીસની જીપો આંટા મારતી હતી. સફેદ અને ખાખી કપડાંનું કીડિયારું ઊભરાયું હતું. પેલો માણસ જેને ઘાયલ કે મરેલાં કોઈની સાથે કશોય સંબંધ નથી તે ક્યાંય દેખાતો ન હતો. આવા લોકો જેમની સાથે વેર નથી કે ઝઘડો નથી તેઓને મારી નાખીને શું મેળવે છે ? તેમને મન માણસોની જિંદગીની કોઈ કિંમત નથી ? તે કોઈને ચાહતો નહિ હોય. તે માણસને ચાહી શકતો નથી. જો એમ હોત તો આમ છડેચોક બૉમ્બ ફોડીને માણસોને મારી ન નાખે ? તેની પાસે એવી જીભ નથી કે તે 'હું તને ચાહું છું' બોલી શકે. એવું મગજ નથી કે તે આમ વિચારી શકે. એવું હૃદય નથી કે પ્રેમ કરી શકે. તેની પાસે એવું કશુંય નથી કે જેથી તે નિર્જીવ પુસ્તકની જેમ હું તને ચાહું છું એવું બોલી શકે, તેથી તે બૉમ્બ ફોડે છે.

મૂળ વાત તો રહી ગઈ. ગાડી આડાપાટે ચઢી ગઈ. પુસ્તક 'હું તને ચાહું છું' એમ કહીને કશું કહેવા માગતું હશે ? જ્યારે એ વાક્ય વાંચ્યું તે જ વખતે ધીમા સૂરે એ શબ્દો સંભળાયા. શું પુસ્તક તેની કથા કહેવા માંગે છે ? વાંચનારને એવું કહીને વાંચક તેને ચાહે તેવી અપેક્ષા રાખે છે ? પુસ્તકની કોઈ અપેક્ષા હશે જ. આમ તો એ નિર્જીવ છે. ઇચ્છા, અપેક્ષા, ચાહવું, રિસાવું, લડવું, ઝઘડવું, ઈર્ષા કરવી એ તો બધું માણસોના લોહીમાં હોય છે, પુસ્તકના નહીં. પુસ્તકને ચાહવા સાથે શું લાગે-વળગે ?

હું પેલી યુવતી પાસે જ્યારે ઊભો હતો ત્યારે તેના અડધા દેખાતા ચહેરા પરથી આંખો ખસતી ન હતી. તેની બે ચોટલીઓમાંથી એક છાતી આગળ અને એક પીઠ પાછળ હતી. લાંબી ચોટલી અને કાળા ભમ્મર વાળ જોવામાં મશગૂલ થઈ ગયો હતો.

'બોલો, શું કામ છે ?'

હું તેને જ તાકી રહ્યો હતો.

- હું તમને પૂછું છું... શું કામ છે ?

તેનો અવાજ કડક હતો તેથી શું બોલવાનું છે તે ભૂલી જઈને મેં પુસ્તક ખોલ્યું અને જરા મોટેથી વાંચ્યું 'હું તને ચાહું છું'. સાંભળીને આંખોના ડોળા કાઢી તે તાકી રહી. હાથમાંથી એણે પુસ્તક ખૂંચવી લીધું. નોંધ્યું અને પાછું આપ્યું. પુસ્તક પાછું આપતી વખતે ધીમેથી મૂકવાને બદલે પછાડ્યું. એ કશું બોલી નહીં. જોકે તેણે જવાબ તો આપી દીધો હતો. તેને આખી વાત વિચિત્ર લાગી હોય એમ બને. મને પણ એમ લાગતું હતું. જોકે મારો અવાજ ધીમો ન હતો. એણે સાંભળ્યું તો હતું જ. એ તો ચોક્કસ છે. સાંભળીને તેની મોટી, ચમકતી સુંદર આંખો પહોળી થઈ હતી. એણે ઊંચે જોયું અને એની આંખોમાં ક્ષણભર ક્રોધ પ્રગટ થયો. તે તાકી રહી. એણે પુસ્તક હાથમાં લઈ કંઈક લખ્યું હતું. લખ્યા પછી પુસ્તક મારા તરફ ફેંક્યું. ઊંચે જોયા વગર એણે લખવાનો અભિનય કર્યો અને પેન પકડીને બેસી રહી. મને આખી ઘટના વિચિત્ર લાગતી હતી.

એ યુવતી પાસે કોઈ અપેક્ષા ન હતી એ વાક્ય મેં તેને ઉદ્દેશીને કહ્યું ન હતું. તેનો



કડક અવાજ સાંભળીને હું ગભરાઈ ગયો હતો. કાંઈ ન સૂઝતાં પેલું ગમતું વાક્ય વાંચ્યું. ગભરામણને લીધે વાક્ય મોટેથી વંચાયું. એ પ્રથમ પાનાનું પહેલું વાક્ય હતું હું બોલ્યો તે સાંભળીને તે વધારે ગુસ્સે થઈ હતી. મારી સામે જોયું અને પુસ્તક ઝૂંટવી લીધું. લખતી વખતે વાક્ય વાંચ્યું હશે. લખીને પાછું આપતા પછાડ્યું. એ પછી માથું નીચે કરીને બેસી રહી. એનો અર્થ એને એની ભૂલ સમજાઈ હશે. મારું વર્તન જેમ સ્વાભાવિક ન હતું તેમ તેનું પણ ન હતું. એ સ્વાભાવિક રીતે બોલાયેલા શબ્દો હતા. એણે બરાબર સાંભળ્યા હતા. શબ્દોએ તેના પર અસર કરી હશે એવું માની શકાય. આ પુસ્તક અન્ય પુસ્તક જેવું સામાન્ય નથી.

મની જલ્દીથી આખું પુસ્તક વાંચવાની તીવ્ર ઇચ્છા થઈ. ઘેર પહોંચીને જેમ બને તેમ ઝડપથી પુસ્તક વાંચવા માંડ્યું. એક પાનું, ત્રીજું પાનું, જાણે હું દોડતો હતો અને મારે કશેક પહોંચી જવાની ઉતાવળ હોય એમ થાક્યા વગર બને એટલી વધારે ઝડપે મેં વાંચવાનું ચાલુ રાખ્યું. હા વચ્ચે વચ્ચે પાણી પીવા કે બાથરૂમ જવા કે નાસ્તો કરવા ઊભું થવું પડતું હતું. એ સમયને બાદ કરતાં હું પુસ્તક વાંચી રહ્યો હતો. પુસ્તક રસપ્રદ હતું. મેં નક્કી કર્યું હતું કે જ્યાં સુધી પુસ્તક પૂરું ન થાય ત્યાં સુધી ઊંઘવું નહિ. જોકે વાંચવાની એટલી તાલાવેલી લાગી હતી કે ઊંઘ આવતી ન હતી. એકાદ-બે રાત્રિઓ ન ઊંઘીએ તો તેથી શું ? આમ તો રાત્રે ઊંઘતો હોઉં છું. રાત્રે પુસ્તક વાંચવાનું ચાલુ રાખ્યું. થોડીક ઝડપ ઘટી ગઈ. કુદરતી પ્રકાશને બદલે ટ્યૂબલાઇટને અજવાળે ઝડપથી વાંચી શકાતું નથી. ચા પીવાની ઇચ્છા થઈ એટલે ઊઠવું પડ્યું. ઊઠ્યો, પાણી પીધું, બાથરૂમ ગયો અને મનપસંદ સૂંઠવાળી ચા પીધી. એકદમ બધું શાંત થઈ ગયેલું લાગ્યું. કદાચ રાત્રિનો પ્રથમ પ્રહર પૂરો થયો હશે. ચા પીધા પછી વાંચવાની ઝડપ વધી. ભીંતઘડિયાળમાં મધ્યરાત્રિના ડંકા પડ્યા. બાર વાગ્યા હતા. બારી બહાર નજર નાંખી તો અજવાળું થોડે દૂર જઈને અટકી ગયું. હતું. બહાર બધે અંધારું હતું. જો હું પુસ્તક વાંચતો ન હોત તો ઓરડામાં અંધારું હોત. બહાર અંધારાનો સમુદ્ર ઘૂઘવતો હતો. જો હું વાંચતો ન હોત તો અંધારાના સમુદ્રમાં તરતો, અથડાતો કે ડૂબતો હોત. કદાચ અંધારું મને ગળી ગયું હોત. હું પુસ્તક વાંચતો ન હોત તો જાગતો ન હોત. પુસ્તકે જ જાગતો રાખીને અંધારાથી દૂર રાખ્યો છે. પુસ્તકે એવું કહ્યું કે હું તને ચાહું છું. એનો થોડો અર્થ હવે સમજાય છે. હું પુસ્તક વાંચવા જાગું છું એટલે અંધકારના સમુદ્રમાં ડૂબી ગયો નથી. વાંચવાનું શરૂ કર્યું. કોઈક મુદ્દો યાદ આવતાં ઊભો થઈ ગયો. એ કોઈ આડો-અવળો વિચાર જ હતો. ક્યારેક આડા-અવળા વિચારોની અવરજવર થતી રહે છે. મેં અંધકારને જોયો. એવો વિચાર આવ્યો કે અંધકાર સુંદર દેખાય છે. નજરો અંધકારમાં કશુંક ખોળતી હતી. હું બહાર અંધકાર પાસે જાઉં તો મજા પડે. પુસ્તકને બંધ કરી ઊભો થયો. દરવાજાને ધક્કો મારી, ખોલી બહાર ગયો. બહાર થોડું અજવાળું હતું. ચમકતું દેખાતું હતું. પ્રકાશનો શેરડો મારા પર પડતો હતો. મને તીવ્ર ભાસ થયો કે હું પુસ્તક પાસે જલ્દી પહોંચી જાઉં અને પુસ્તકને ખોળામાં લઈને બેસી જાઉં. પુસ્તક સાથે પ્રેમ થઈ ગયો હોય એમ હું તેની સામે સ્નેહભાવથી તાકી રહ્યો. મને યાદ આવ્યું કે પેલી યુવતી મને આમ જ તાકી રહી હતી. ક્ષણભર એ નજરમાં

આકર્ષણ હતું. વિચારો બંધ થઈ ગયા હતા. શું બોલવું તેની કોઈ સુધ રહી ન હતી. આજુબાજુનું બધું ગમવા માંડ્યું હતું. એ ક્ષણભરની નજર પ્રેમભરી હતી તેવું મને હવે સમજાયું. શું કરું ? આગળ જાઉં કે નહીં ? મેં પુસ્તક તરફથી નજર હટાવી સામે જોયું તો અંધકાર સિવાય કશું દેખાતું ન હતું. અંધારાનાં પૂર બધે ફરી વળ્યાં હતાં. ચારેકોર નિઃશબ્દ શાંતિ હતી. ક્યાંયથી કશો અવાજ સંભળાતો ન હતો. અંધકારને વધારે નજીકથી જોવાની ઇચ્છાથી થોડાં ડગલાં ચાલીને આગળ ગયો. ઝાંપો ખોલ્યો. થોડું વધુ ચાલી બહાર કાચી સડક પર આવ્યો. હજુ આ બાજુ સ્ટ્રીટલાઇટનાં થાંભલા લાગ્યા ન હતા. ધીમે ધીમે આગળ ચાલ્યો. હું અંધકારની વચ્ચે હતો. પાછળ ફરીને નજર કરી. જ્યાં બેઠો હતો એ તરફ આંખો ખેંચીને જોયું તો ત્યાં અજવાળાનું ધાબું હતું. ઓરડો કે મકાન કે પુસ્તક કે ટેબલ કશુંય દેખાતું ન હતું. થોડું વધારે આગળ ચાલ્યો. પાછળ ફરીને નજર ખેંચીને જોયું તો અંધકાર બધાંને ગળી ગયો હતો. આગળ અને પાછળ અંધકાર હતો. અંધકારનાં પૂર ઊમટ્યાં હતાં. હું સ્પષ્ટ જોઈ શકતો ન હતો. અંધકારનો કોઈ અવાજ સંભળાતો ન હતો. અંધકારનો કોઈ આકાર ન હતો. કોઈ ગંધ ન હતી. તેને હાથ, પગ, માથું, ધડ ન હતાં. માત્ર તેની ઓળખ હતી. તે સજીવ જણાતો હતો. તે આકર્ષક હતો. અંધકારને ભાષા હતી. અંધકાર મને ઘેરી વળ્યો હતો. એ કહી રહ્યો હતો અને હું સાંભળી રહ્યો હતો. એણે પૂછ્યું.

- તું કોણ છે ?

મેં પ્રશ્ન સાંભળ્યો. શું જવાબ આપવો ?

- હું માણસ છું.

- તું માણસ હોત તો સૂતો હતો. બધા માણસો અત્યારે સૂતા છે.

- તને શું લાગે છે ? હું કોણ છું ?

- તું કોણ છે એની મને શું ખબર પડે ?

- હું માણસ છું માટે કહું છું કે હું માણસ છું. તું શું કરે છે ?

- હું અહીં રહું છું. તારા જેવા કોઈને પ્રવેશ નથી. શું તું ભૂલથી આવી ગયો છે ?

- હું મારી ઇચ્છાથી આવ્યો છું. મેં તને જોયો અને થયું કે તને મળું, હું અહીં પહોંચી ગયો. મને મજા પડે છે.

- તને ડર લાગતો નથી ?

- હું માતાના ગર્ભમાં હતો ત્યારથી તને જાણું છું.

- મારાથી બધાં ડરે છે. તું કેમ ડરતો નથી ?

- હું તને ચાહું છું.

ઠંડા પવનનો જોરદાર સુસવાટો આવ્યો. આકાશમાં તેજલિસોટો થયો. વૃક્ષો ડોલી રહ્યાં હતાં. સૂકાં પાંદડાંનો ખડખડાટ સંભળાયો. અંધકાર ખડખડાટ હસતો હતો. તેનું અટ્ટહાસ્ય ચારે દિશાઓમાં ફેલાતું હતું. ભયની લાગણી શરીરને વીંધતી આરપાર નીકળી ગઈ. ચાલવાની ઝડપ ઘટી ગઈ. ઊભો રહ્યો. આમતેમ જોયું. કોઈ દેખાયું નહિ. મને પુસ્તક યાદ આવ્યું. થોડું અજવાળું થયું. અંધકાર દૂર જતો દેખાયો. હળવી



સુગંધ શ્વાસમાં પ્રવેશી. થોડું આગળ ચાલ્યો. રસ્તો દૂર દૂર જતો દેખાયો. પક્ષીઓના અવાજો સંભળાયા. દૂર ક્યાંક વાહન પસાર થતું હતું તેનો અવાજ કાને પડ્યો. અંધકારનું આવરણ ખસતું હતું. વૃક્ષોનો લીલો રંગ દેખાવા માંડ્યો. ઊંઘ પૂરી કરીને જાગેલા કાગડાઓ ‘કા.. કા... કા...’ બોલતા હતા. રસ્તો વધારે સ્પષ્ટ દેખાવા માંડ્યો. આજુબાજુનાં વૃક્ષો, મકાનો, મેદાન દૃષ્ટિગોચર થવાં માંડ્યાં. ધીમે ધીમે બધું ખૂલી રહ્યું હતું. અંધકારનું આવરણ દૂર થયું અને અજવાળું વધ્યું. માણસો, મકાનો, રસ્તા, વાહનો, વૃક્ષો ઊંઘમાંથી આળસ મરડીને બેઠા થયા હતા. ફરી પુસ્તક યાદ આવ્યું. હું પાછો વળ્યો. હું ઘણે દૂર આવી ગયો હતો. મેં ઝડપથી ડગલાં ભરવા માંડ્યાં. જેમ બને તેમ જલ્દી પુસ્તક પાસે પહોંચી જાઉં એવો વિચાર ચાલવાની ઝડપ વધારી રહ્યો હતો.

સવારનું અજવાળું બધે ફેલાતું ગયું હતું. ઠંડો પવન વાતો હતો. ફૂલોના ભારથી નમેલી ડાળીઓ ઝૂલતી હતી. વૃક્ષોનો લીલો રંગ આંખોને ગમતો હતો. વૃક્ષ પર બેઠેલું પક્ષી મારી નોંધ લેતું ‘ચ્વિક.. ચ્વિક’ બોલ્યું. ઘર નજીક પહોંચીને ઊભો રહ્યો. આમતેમ નજર નાંખી. બે કાગડા બાજુના ઘરની પાળી પર બેઠેલા દેખાયા. મારી આગળથી દોડતી બિલાડી પસાર થઈ. દરવાજાને ધક્કો મારી ઘરમાં પ્રવેશ્યો. ખુરશીમાં બેઠો. પગ પર પગ ચઢાવ્યો. પુસ્તક હાથમાં લીધું. ‘હું તને ચાહું છું’ એ શબ્દો પર નજર પડી. તરત જ યાદ આવ્યું કે પેલી યુવતી સાંભળે એમ હું વાક્ય બોલ્યો હતો. તે આખી ઘટનાને બરાબર યાદ કરી અથથી ઇતિ સુધી ચકાસી. એ સમયે હું બોલવા ખાતર બોલ્યો ન હતો. મનમાં કશુંક હતું જેણે મને એમ કહેવા પ્રેર્યો હતો. એની કોઈ વાત મને ખૂબ ગમી ગઈ હતી. તે સુંદર ન હતી. કદાચ તેની આંખો કે ચોટલીઓ કે ચહેરો કે તેની બેસવાની રીત. કશુંક હતું જે આકર્ષણ પેદા કરતું હતું. તેથી તે સુંદર દેખાતી હતી. હા, એ સ્પષ્ટ હતું કે મેં જાણીજોઈને ગભરાતાં એ વાક્ય વાંચ્યું હતું. એ યુવતી સાંભળે તેમ મોટેથી બોલ્યો હતો. તે સમજી ગઈ હતી. મેં તેને જ કહ્યું હતું. જે મનને ગમી જાય તેને આમ કહી શકાય છે. એ પુરુષ કે સ્ત્રી કે પ્રાણી કે વૃક્ષ કે કોઈ પણ હોઈ શકે. જો એમ કરી શકાય તો જાહેર રસ્તા પર છડેચોક બૉમ્બધડાકા તો ન જ થાય.

થોડું સમજાય છે. પુસ્તક પૂરું કરવાનું બાકી છે. પુસ્તક પૂરું કર્યા વગર બીજું કશું જ કામ નહિ થાય. પહેલા પુસ્તક, પછી બીજું બધું. જ્યાંથી પુસ્તક અધૂરું મૂક્યું હતું તે પાનાથી શરૂ કર્યું. એક પછી એક પાનાં સડસડાટ વાંચવા માંડ્યાં. આંખોમાં ઘેન ઊભરાતું હતું. ઉજાગરાને લીધે હશે. મેં ઊભા થઈ આંખો ધોઈ. મોં ધોયું. ફરીવાર સૂંઠવાળી ચાનો પ્યાલો ગટગટાવ્યો. હાથ-પગ લાંબા-ટૂંકા કરી આળસ ખંખેરી. બારીમાંથી આવતો સૂર્ય-પ્રકાશ ઓરડાને અજવાળતો હતો. અજવાળું વધતું જતું હતું. આખો ઓરડો સૂર્યના તેજથી છલકાતો હતો. બારી બહારનો રસ્તો દૂર સુધી દેખાતો હતો. દૂર દૂરનાં મકાનો, વૃક્ષો, બારીમાંથી દેખાતાં હતાં. રસ્તા પર હારમાં જતાં વાહનો અને માણસો નજરે પડતાં હતાં. પુસ્તક ઝડપથી વંચાતું હતું. પુસ્તક વાંચતાં એમ થતું હતું જાણે હું કોઈ બીજી દુનિયામાં જીવી રહ્યો છું. જ્યાં થાક, ઊંઘ, ભય, ચિંતા, અસુખ જેવી લાગણીઓને બદલે તાજગી, સુખ, શાંતિ અને આનંદની અનુભૂતિ થતી હતી. હવા ધીમે ધીમે ગરમ

થવા માંડી. સૂર્ય પશ્ચિમ તરફ ડગ માંડી રહ્યો હતો. બસ હવે છેલ્લું પાનું. છેલ્લા પાના પરનું છેલ્લું વાક્ય વાંચ્યું. વાક્ય વાંચતાં નજર ત્યાં જ ચોંટી ગઈ. આંખો સ્થિર થઈ. સફેદ પાના પર કાળું મેઘધનુષ પ્રગટ્યું હતું. વાક્ય સહેજ મોટા અવાજે વંચાયું.. 'તમે મને ચાહો છો'. વાક્ય વાંચીને હું અટક્યો. મારાથી બોલાઈ ગયું. 'સો ટકા સાચ્ચું. અદ્ભુત.'

વાક્ય વારંવાર વંચાતું હતું. નજર ખસતી ન હતી. યુવતીનો ચહેરો દેખાયો. માથું નીચું કરી તે હસી રહી હતી. હું પુસ્તક પર ઝૂક્યો. તેનો ચહેરો સ્પષ્ટ દેખાતો હતો. તેણે માથું ઊંચું કર્યું. તેની મોટી આંખોથી મને તાકી રહી હતી. એના હોઠ ફફડતા જણાયા. કાન સરવા કર્યા પણ શબ્દો ન સંભળાયા.

હું પુસ્તક લઈને યુવતી પાસે ઊભો હતો. મેં પુસ્તક આપ્યું. તેણે લીધું, નોંધ્યું અને પરત કર્યું. તે મારી સામે તાકતી હતી. મોટી ચમકદાર સુંદર આંખોથી હવે તે શું કહેશે ? એ વિચાર મનને ઘેરી વળ્યો અને ન સંભળાયેલા શબ્દો સાંભળવા હું ત્યાં જ ઊભો રહ્યો.

❑

### સાભાર સ્વીકાર

(૫૮) સોક્રેટીસ : જ્યોત : ડૉ. ડી.વી. દેવાણી, બીજી-૨૦૧૬, સર્વમંગલ પ્રકાશન, અમદાવાદ, પૃ. ૧૨૦, રૂ. ૩૦૦/- (૫૯) શાશ્વત સુખનું સરનામુ : રણછોડ શાહ, ૨૦૧૬, નવભારત સાહિત્ય મંદિર, અમદાવાદ (૬૦) વ્યક્તિત્વનો વ્યોમ-વિચાર : હસમુખ પટેલ, ૨૦૧૬, ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય, અમદાવાદ, પૃ.૬+૧૩૮, રૂ.૧૨૦/-



## લલિત ગદ્ય

# સ્મરણ : લીમડો

■ ધરમાભાઈ શ્રીમાળી ■

સાવ ઠૂંઠા જેવા લીમડા નીચે ઊભો છું. એનું થડિયું બે જણની બાથમાંય ના સમાય એવું અને પાછું ગાંઠાળું. પક્ષીઓ થડની બખોલમાં આવી ભરાયા અને પાછાં ઊડી જાય છે. મા કહેતી, 'ભૈ, મું આઈ એ પે'લનો ઊભો છે આ.' મા નેવું-પંચાણું વરસ જીવીને ગઈ. એનેય પાંચ વર્ષ થઈ ગયાં. હું લીમડાની ઉંમર ગણતાં ગણતાં બાળપણમાં જઈ પહોંચું છું.

અમારાં બે ઘરની સામે ઉગમણાં ચાર ઘર. આથમણાં-ઉગમણાં છ ઘરોનો નાનકડો વાસ. ઘરની બાજુમાં વાડો. વાડા પાસે લીમડો. ત્યાં સુધીની અમારી હદ, ઘેઘૂર લીમડાને ચોમાસા પહેલાં ફાલવવો પડે. એનાં ડાળાં-પાંખડાં કપાઈને ભોંય પડે. મને કપાયેલાં ડાળાં પર ચડીને રમવાની મજા પડે. પછી ડાળાં માટે ઝઘડા શરૂ. જેની હદમાં લીમડો એનાં ડાળાં. છતાંયે સામેવાળા ઝઘડો કરી બેસે. બળજબરીથી થોડાંક ડાળાં લઈ જાય. અમારું કુટુંબ નાનું. બે-ચાર દિવસ મન ઊંચાં થઈ જાય. પછી બધું ભૂલીને પાછાં એક થઈ જઈએ.

લીમડાના થડ પાસે સામેવાળા ભગત બપોર વેળાએ ખાટલો ઢાળી આરામ કરે. અમે રમીએ ઓછું ને ઝઘડીયે ઝાઝું. ભગત બે-ચાર સંભળાવે. અમે રમવું-ઝઘડવું પડતું મૂકીને સૌ સૌની ઓસરીમાં ભરાઈ જઈએ. મને લીમડા પર ચડીને કવિતા ગાવાનું મન થાય. માથોડા ઊંચે ચડું ત્યાં પગ સરકે. ગાંઠો તો પાછળથી ફૂટી. પહેલાં સીધું સપાટ થડ હતું. મનની મનમાં રહી જાય. વાડામાં ઘરના કરાને અડીને કરેલા ઓટલે ઊભેલા ખાટલાના પાયે ચડીને 'તરુનો બહુ આભાર જગત પર તરુનો બહુ આભાર...' કવિતા ગાવા માંડું. બે-ત્રણ પંક્તિ ગાઉ ત્યાં, 'અલી રાજુ, તારા નઈડાને લઈ જા આંયથી... ખરા બફોરેય જપતો નથી. મારી તો ઊંઘ બગાડી આંને.' કરતા ભગત ઘૂરકે. હું એમની સામે જોતો પાયા પર બેઠો બેઠો પગ હલાવ્યા કરું.

શિવરાત્રિ આવે. બહેનો વગડેથી લાવેલાં લીલા સંગથરા અને ડોડીના વેલાથી દોરડું વણે. લીમડાની ડાળે હીંચકો બંધાય. એકાદ વાર હીંચકો તૂટેલો. પછી બે-ત્રણ ઘરેથી પાણી ખેંચવાનું વરેડુ લાવીને પાછો હીંચકો બંધાય. એક જણ બેસે ને પાછળ બીજું ઊભું રહીને ઝૂલો નાંખે. મને બીક લાગે. આસપાસ વણકરનાં ઘર. અમે જાણે

કિલ્લાબંધીમાં રહેતા હોઈએ એવું લાગે. શિવરાત્રિની રાત જાણે હીંચકે ચડે. ગાણાંય ગવાય. લીમડો ડોલી ઊઠે.

પાનખરમાં ખરેલાં પાન વાળવામાં ઝઘડા શરૂ. વાળી-ઝૂડીને સાફ કરેલો વાડો-ખરેલાં પાનના ઢગલા ભેગો ધુમાડાના ગોટથી ભરાઈ જાય. પછી વસંત ખીલે. લીમડાને નવી કૂંપળો ફૂટે. મૉર બેસે. વહેલી સવારે મૉર કૂટીને બાપા રસ પીવે. મને કહે લે પી. શરીરમાં ઠંડક રહે. એકાદ વાર પીધેલો. આખો દિવસ કડવા ઓડકાર. ખોડ ભૂલી ગયો મૉર પીવાની. નાની નાની લીંબોળી બેસે. ખાટલા પર ચડીને ડાળ નમાવું. તોડેલી ડાળ પરથી કાચી લીંબોળી લઈ અમે એક-બીજા પર ફેંકીએ ને એમ કરતાં કરતાં એ પાકીને પીળી પચ્ચ થઈ જાય ત્યારે ખરી મજા આવે. પાકેલી લીંબોળી ખરવા માંડે. મને પાકેલી લીંબોળી ચગળવાની મજા પડે. માખીઓનો બણબણાટ વધે. ઢાળેલા ખાટલે સૂકાં પાન, મૉર અને કાચી-પાકી લીંબોળીનો કચરો પથરાય.

ઉનાળાના બળબળતા બપોર જામે. વાસના પુરુષો લીમડાના છાંયે ખાટલા ઢાળી પોરો ખાય. કૂતરાં લીમડાના થડ પાસે કે પછી ખાટલા નીચે આવી ભરાય. હળવો શીતળ પવન વાય. મને નિશાળની પ્રાર્થનામાં ગવરાવેલું ગીત યાદ આવે –

**‘લીમડે ને વડલે મીઠી છાંય રે,**
**શીતળ વાયુ વાયરે....**
**હૈયે હૈયે હેત ઊભરાય રે હો મારે ગામડે.’**

પછી તરત જ મા કહેતી એ તાજું થાય.

**‘કડવા હોજો લીમડા ને શીતળ એની છાંય**
**પણ બંધવ હોજો બોલકા તોય પોતાની બાંય.’**

કબૂતરોનું ઘૂ ઘૂ અડધી-પડધી ઊંઘમાં કાને અથડાય, પણ ગમે. પંખીઓ ડાળે ડાળે આવી બેસે. પોપટ, હુડા, કાબર, કબૂતર, હોલો, ચકલાં અને કાગડા. ક્યારેક કોયલ ટહુકે, ખિસકોલીઓ પકડદાવની રમતે ચડી હોય એમ લીમડાના થડ પર ચડ-ઊતર કરે. ક્યારેક ખાટલા પર ધબ્ દઈને પડે. કાગડો કા.. કા.. કરે. ઉડાડવાનું મન થાય. પણ આળસમાં પડ્યાં રહીએ. ત્યાં એ પાછો ચરકે. એ વખતે વાંદરા અને મોર લગભગ વગડે જોવા મળે. હવે મોર ખાસ રહ્યા નથી. ને વાંદરા વગડો છોડી ગામમાં આવી ચડે છે.

અમારા વાસને અડીને પાનાચંદ લુણેચિયા (સારા ચિત્રકાર અને નિવૃત્ત આચાર્ય એ.ટી.ડી. ફાઈન આર્ટ્સ સી.એન. વિદ્યાલય, અમદાવાદ)નું ઘર. ઉનાળુ રજાઓમાં એ ઘરે આવે. એમના ભાઈ કાંતિલાલ એમની લીમડી પર સરસ મજાનો માળો બાંધે. અમને બોલાવે. એ અમારાં નવાં નવાં પાઠ્યપુસ્તકો - નોટબુક પર સુંદર અક્ષરે નામ લખી આપે. કવિતાઓ વાંચી સંભળાવે. પાનાચંદભાઈને આ ગમે. મનેય મારા લીમડા પર માળો બાંધી બેઠા બેઠા વાંચવાનું મન થાય. પણ થડ ખાસું લાંબું અને ડાળાં ઊંચે એટલે ચડી ના શકું.

કૉલગેટ કે પેસ્ટ ક્યાં હતી ત્યારે. વાંસ કે આંકડીથી ડાળ નમાવી દાતણ તોડવાનું.



પછી આસપાસના સૌને લીમડાનું દાતણ કરતા જોવાની મજા પડે. થડમાં ગુંદર ફૂટે. એનાથી ફાટેલી ચોપડીઓ સરખી કરી છે. પતંગ તો લીમડાની સળીને કમાન જેમ વાળીને બનાવવાની. મોઢામાં કડવાશ ફેલાય ત્યાં સુધી લીમડાના ગુંદરને ચગળ્યો છે. સુકાયેલી લીંબોળીઓ વાટી છે. સામેવાળાં કાકી લીંબોળીનું તેલ કઢાવતાં. એમના છોકરાના માથામાં લગાવે. તેલમાં કડવાશ હળવી હળવી મહેંકે.

અષાઢનાં આંધાંમાં લીમડાનું ડાળું તૂટીને નીચે આવે એ પહેલાં કાપી લેવાય. જાડા ડાળાની લીલીછમ્ કરચો વીણવી ગમે. લીમડાની છાલ કાઢીને આખે આખા લીમડાને સૂંઘતા હોઈએ એમ થડને સૂંઘીએ - ચાટીએ કોઈને દાઢ દુઃખે તે ભગત લીમડાના થડમાં મંત્રેલો ખીલો ઠોકે. મને એ ખીલો ખેંચી કાઢવાનું થયા કરે. હું હળવે હાથે બરછટ થડને પંપાળું. ફરફર થતાં પાન સામે જોઈ રહેવું ગમે. ખાટલાની ઈસ પર પડખે થઈને લીમડાની સળીથી નવા ભણતરને ભોંય પર ઘૂંટવા મથું. વાંચેલા પુસ્તક વચ્ચે સળી મૂકીને સૂઈ જાઉં. બાપા ઘેર હોય તો ભવિષ્ય ભાખવાની કે પછી શુકનાવળીની નાનકડી ચોપડી લઈ આવે. પછી એમાં સળી ખોસવાનું કહે અને ચોપડી ખોલીને વંચાવે. અમને ભવિષ્ય જાણવાની જબરી તાલાવેલી જાગે.

આજે એ બધું - ભવિષ્ય ભાંગીને ભુક્કો થઈ ગયેલું લાગે છે. નથી ડાળાં, નથી પાંખડાં, નથી પાન, નથી સળીઓ... મારા ભણતરની કવિતાઓ અને પાઠ સાંભળનાર મારા વડવા જેવો લીમડો ઠૂંઠું બનીને ઊભો છે. એ જ મારા ભૂતકાળ, વર્તમાન અને ભવિષ્યનો જાણતલ છે જાણે ! એને પંપાળવાનું, ચૂમવાનું અને બાથ ભરવાનું અપાર હેત મારા રોમ રોમમાં રમ રમે છે. પણ હું એમ કરી શકતો નથી. એને જોતો રહું છું. નથી એ બોલતો કે નથી હું. તોય લાગે છે એ મને ઠપકો હેતો હોય તેમ - ‘કેટલો ટેંમ ગયે તું હવે આયો છે મારી ખબર કાઢવા... ભલે, ઠીક તો છે ને દીકરા !’

❑

## સાભાર સ્વીકાર

(૬૧) મોંઘો માણસનો અવતાર : ડૉ. જગદીપ કાકડિયા, બીજી-સંવર્ધિત-૨૦૧૬, ગૂર્જર પ્રકાશન, અમદાવાદ, પૃ. ૧૪+૧૫૦, રૂ. ૧૫૦/- (૬૨) યાદો કી બારાત : યાસીન દલાલ, ૨૦૧૪, રન્નાદે પ્રકાશન, અમદાવાદ. પૃ. ૮+૩૭૯, રૂ. ૩૪૦/-

## ભારતીય સાહિત્ય

# રત્નકરણની પત્ની*

■ લે. ચંદ્રિકા બાલન; અનુ. રમણ સોની ■

જો કોઈ વાર્તામાં આવતાં પાત્રો પૈકી બે પાત્રો એક જ નામ ધરાવતાં હોય તો ? તો લેખક માટે મુસીબત જ સરજાય ! વાસ્તવિક જીવનમાં પણ જો નજીકનો સંબંધ ધરાવતી બે વ્યક્તિઓ એક જ નામની હોય તો એથી પણ ગોટાળો જ થાય. તમે જો લેખકને એમ પૂછો કે, તો પછી તું એમાંના એક પાત્રનું નામ બદલી કેમ નથી નાખતો, તો એ લેખક એટલું જ કહી શકશે કે, તમે જેમ જેમ વાર્તા વાંચતા જશો ને, એમ એમ તમને ખ્યાલ આવશે કે બે પાત્રોનું નામ એક જ કેમ છે. આ વાર્તામાંના બે રત્નકરણો એકબીજા સાથે નજીકથી જોડાયેલા છે – એક રત્નકરણ બીજા રત્નકરણનો ડ્રાઇવર છે. જોઈએ હવે કે વાર્તા એ બે પાત્રોની આસપાસ કેવી રીતે ચાલે છે....

આપણે આ બંને રત્નકરણોની પત્નીઓને વારાફરતી મળીએ, કેમ કે એમનાં નામ તો જુદાં જુદાં છે. સૌથી પહેલાં આપણે મળવાનાં છીએ પેલા ડ્રાઇવર રત્નકરણની પત્નીને. એનું નામ છે ઇન્દુલેખા. એ પોતાના ઘરથી નજીક આવેલી એક આંગણવાડીમાં કચરાપોતાં કરવાનું તેમજ આયાનું કામ કરે છે.

આપણી નજરે પડે છે ત્યારે ઇન્દુલેખા રાંધેલા ભાતનો હાંડલો ચૂલા પરથી ઉતારીને નીચે મૂકતી હોય છે. એ પછી તે મીઠા-મરચામાં લોથેલી સારડીન માછલીઓ લે છે ને કેળનાં પાનાંમાં વીંટીવીંટીને એમને ચૂલામાં શેકવા મૂકીને ભઠ્ઠીમાંના અંગારા એ વીંટા પર પાથરે છે. બરાબર એ જ વખતે એની નાનકી દીકરી એનો પ્રશ્ન ફરી એકવાર પૂછે છે –

'કહેને અમ્મા, પેલો લૂંટારો કવિ કેવી રીતે બન્યો હતો ?'

'મેં તને કહ્યું'તું ને કે મને ખબર નથી,' ઇન્દુલેખાએ છણકો કર્યો.

'તો પછી હું કરીશ શું ? આ તો મને તૈયાર કરી લાવવા આપેલું છે તે કાલે મારે વર્ગમાં એ વાંચવાનું છે !'

'પૂછજે તારા બાપુને, એ આવે ત્યારે' કહેતાંક ઇન્દુલેખાએ વળગણી પરથી જૂનું ગાઉન, અંદરનાં કપડાં અને ટુવાલ લીધાં, કેળનાં પાનાંના વીંટા ઉથલાવીને અંગારાની ઉપર મૂક્યા ને ઘરની બહાર કરેલા નાવણિયામાં ગઈ. દીકરીને ખોટું લાગ્યું, એ ધૂંધવાઈ.

*મલયાલમ વાર્તા 'રત્નકરણતે ભાર્યા'ના લેખિકાએ પોતે જ કરેલા અંગ્રેજી અનુવાદ Ratnakaran's wife (પ્રકાશિત - Indian Literature, 294)નો ગુજરાતી અનુવાદ



ઇન્દુલેખાના નાવણિયાની એ ઓરડીમાં જાજરુ-બાથરૂમ એકસાથે છે. ચાર દીવાલો, ઉપર ધાબું, અને દરવાજો – એ તો બધું બીજાંના નાવણિયા જેવું જ છે પણ નોંધવાલાયક તફાવત એટલો જ છે કે એનું ભોંયતળિયું સિમેન્ટનું નથી, સિમેન્ટની તિરાડોમાં ઊગી નીકળતા ઘાસવાળું છે. એક વાર, આ ઘાસમાં છુપાયેલા એક પીળા સાપે ઇન્દુલેખાના ગુહ્યાંગ આગળ ડોકિયું કરેલું – સાપ એટલે પેલો ફ્રૉઇડવાળો વિખ્યાત સાપ નહીં, વાસ્તવિક ને ઝેરી સાપ. – એને જોતાં જ, ચીસ પાડીને ઇન્દુલેખા બહાર દોડી આવેલી, અને બહાર ઓસરીમાં બેઠેલા રત્નકરણે દોડી જઈને સાપને લાકડીથી ખતમ કરી નાખેલો.

ઇન્દુલેખા ખૂબ જ સાવધાનીથી ચારેકોર જુએ છે ને ખાતરી કરે છે કે ક્યાંય સાપ સંતાયેલો નથી, ને પછી નચિંત થઈને નહાવા બેસે છે. એણે ઝટ નાહી લેવાનું છે – લથડિયાં ખાતો રત્નકરણ ઘરે આવી જાય એ પહેલાં. જ્યારે જ્યારે ઇન્દુલેખા આ સાવ બિસ્માર, ઘાસિયા ભોંયતળિયા અંગે ફરિયાદ કરે ત્યારે ત્યારે રત્નકરણ સંભળાવે કે આટલુંય વળી મેં કેટલા પ્રકારે કર્યું છે એ તો તું જોતી જ નથી.

દીકરી મા બાથરૂમમાંથી ક્યારે નીકળે એની જ રાહ જોતી હોય છે. જેવી ઇન્દુલેખા બહાર આવે છે કે એ પૂછે છે, 'અમ્મા, લીજીને ત્યાં જાઉં ? તરત પાછી આવીશ. એના પપ્પા કૉલેજમાં ભણાવે છે તે એમને ખબર હશે જ કે લૂંટારો કવિ કેવી રીતે બન્યો.'

મા જાણે છે કે આ જમાનો કેવો ભયંકર ને જંગલી છે. એવામાં કોઈ મા, ભલે એની દીકરી નાનીસરખી હોય, પણ એને આવા ઊતરતે અંધારે કોઈને ઘરે એકલી મોકલે ખરી ? ને એ જાય તો એ ન આવે ત્યાં સુધી એને ચેન પડે ખરું ? એટલે ઇન્દુલેખા કઠોર અવાજે કહે છે, 'ના, નથી જવું. પપ્પા આવે ત્યાં સુધી બેસ.'

હવે આપણે બીજા રત્નકરણની પત્નીને મળીએ. એ પણ હમણાં જ બાથરૂમમાંથી બહાર આવી છે. લેખક જો એમ કહે કે, આના બાથરૂમમાં પણ ભોંયતળિયું ઘાસનું છે, તો એ માન્યામાં જ ન આવે કેમ કે આ રત્નકરણનું ઘર તો આધુનિક, આલીશાન, ત્રણ માળનું ઘર છે. એના બાથરૂમમાં ઘાસ છે ખરું પણ એ સિમેન્ટની તિરાડોમાંથી નીકળેલું હોય એવું નથી. એ તો બહુ જ માવજતથી ઉછેરેલું ફાઇવસ્ટાર ઘાસ છે. કોઈ સાપની દેન નથી કે એમાં સંતાય ને પછી ડોકિયાં કરે !

આ બીજા રત્નકરણની પત્નીનું નામ છે પ્રવીણા. પ્રવીણા બાથરૂમમાંથી નીકળીને રસોડા તરફ જાય છે. કોઈ બાળક એની પાછળ ફરતું નથી ને પૂછતું નથી કે લૂંટારો કેવી રીતે કવિ બની ગયો. એનાં બંને બાળકો તો ઊટીની એક વૈભવશાળી બોર્ડિંગ સ્કૂલમાં મૂકેલાં છે. કોઈ જ લૂંટારો એના કૅમ્પસમાં પેસી ન શકે, ભલે ને પછી એ મોટો કવિ કેમ ન હોય.

પ્રવીણાના રસોડામાં એની રસોઇયણ જમવાનું બનાવવામાં ખૂબ જ વ્યસ્ત છે કેમ કે આજે રાત્રે એમને ત્યાં પાર્ટી છે. રસોઈ કરનારી બાઈ રોશને ઘી-ભાત, શેકેલું માંસ અને કિંગ ફિશની કરી તો બનાવી પણ દીધાં છે. હવે એ પાલપ્પમ (દક્ષિણ ભારતીય પાનકેક) બનાવે છે, ને સલાડ માટે શાકભાજી સમારે છે. રોશને મોઢા પર લીલા રંગનો

માસ્ક બાંધ્યો છે ને હાથમાં સફેદ મોજાં પહેર્યાં છે. એમાં જો વળી એણે ગળે એપ્રન બાંધ્યું હોત ને માથે લાંબી કેપ પહેરી હોત તો એ કોઈ 'પ્રોફેશનલ શૅફ' જેવી દેખાતી હોત.

'જલદી જલદી પતાવ, ને પછી જા,' પ્રવીણા રોશનને કહે છે. એનો પતિ રત્નાકર અને એના મિત્રો આવે એ પહેલાં રોશનને તે રવાના કરી દેવા માગે છે. એમ કરવા પાછળ એની પાસે કોઈ કારણો હશે. એમાંનું એક કારણ વાર્તાનો લેખક એ બતાવી શકે કે રસોડાની રચના મૉડ્યુલર (અધખુલ્લી) હોવાથી બેઠકખંડમાં બેઠેલા માણસો રસોઈ કરનારીને નિહાળી શકે. જોકે પત્નીઓ પાસે બીજાં હજાર કારણો હોઈ શકે, એટલે લેખક બધું ચોક્કસપણે કહી ન શકે.

પેલા બીજા રત્નકરણના રસોડાને પણ કોઈ મૉડ્યુલર કહી શકે કેમ કે એના ઘરના એકમાત્ર ઓરડામાંની એક અરધીક ચણેલી ભીંત જ રસોડાને જુદું પાડતી હતી. રત્નકરણને જ્યારે એ દીવાલ અરધે છોડી દેવી પડેલી, કેવળ પૈસાને અભાવે જ, ત્યારે એને તો કંઈ ખબર ન હતી કે એ પોતાના રસોડાને નવી પદ્ધતિ મુજબનું, મૉડ્યુલર, બનાવી રહ્યો છે ! કેટલીક બાબતો પૂર્વનિર્મિત હોય છે - માણસ કે એની નબળી-સબળી આર્થિક સ્થિતિ એને બદલી શકતાં નથી.

ઇન્દુલેખાનો પતિ રત્નકરણ કાર ચલાવી રહ્યો છે ને પ્રવીણાનો પતિ રત્નકરણ પોતાની એ મર્સિડિઝ બેન્ડમાં પાછલી સીટમાં પોતાનું આખું શરીર ફેલાવીને આરામથી બેઠેલો છે. એ ઘરે પહોંચે છે ત્યારે, દરવાજો ખોલતી પ્રવીણાના ચહેરા પર વહાલભર્યું સ્મિત કે એવાતેવા કોઈ ભાવ નથી. રત્નકરણ એને માથાથી પગ સુધી જુએ છે ને નફરતભર્યા ગુસ્સાથી ઘોંટો પાડે છે : 'કેમ, શરીરે વીંટવા માટે તારી પાસે બીજી કોઈ સાડી નથી ? અત્યારે જે લોકો આવવાના છે એમનું મહત્ત્વ સમજે છે તું ? કે પછી મારું અપમાન કરવા ધાર્યું છે ?' પતિ હુકમ કરે છે કે, જા, પેલી મુંબઈથી હું લઈ આવ્યો છું એ ચળકતી ડિઝાઇનર સાડી પહેરી લે. અને બોલતાં બોલતાં એ આડી નજરે રોશનને જુએ છે. પ્રવીણાને એ બિલકુલ ગમતું નથી એટલે એ રોશન પર ખિજાય છે. કહે છે, જમવાના ટેબલ પર બધું ઝટપટ ગોઠવી લે ને ચાલતી થા. આ બધો હોબાળો ડ્રાઇવર રત્નકરણ સાંભળી ન જાય એ માટે એ દરવાજો અંદરથી ભીડી દે છે.

પણ ડ્રાઇવર રત્નકરણને પ્રવીણાના અંગત જીવનનાં રહસ્યોમાં ડોકિયું કરવામાં કોઈ જ રસ નથી, એને તો રસોડામાં ડોકિયું કરવામાં વધુ રસ છે. એટલે એ દબે પગલે રસોડાને પાછલે બારણે પહોંચે છે. પતિ-પત્ની હવે ઉપરના રૂમમાં ગયાં એ જોતાં જ રોશન મોં પરનો માસ્ક કાઢી નાખે છે. હવે લેખક ખાતરીપૂર્વક કહી શકશે કે રોશન દેખાવડી છે. પોતાના સુંદર ચહેરા પર મોહક સ્મિત લાવીને એ પાછલે દરવાજે જઈને શેકેલા માંસનો એક મોટો ટુકડો વહાલપૂર્વક ડ્રાઇવર રત્નકરણને આપે છે. ફટાફટ એને પેન્ટના ખિસ્સામાં સેરવી દઈને રત્નકરણ લાડથી રોશનનું નાક ઝાલવા કરે છે, રોશન છટકી જાય છે ને બહુ જ લોભામણું હસીને રત્નકરણને કહે છે, 'રાતે આવીશ ને ?'

રત્નકરણ લાચાર છે. કહે છે, 'ના, નહીં અવાય. આજે રાત્રે તો મારે ટ્રક લઈને રેતી ભરવા જવું પડે એમ છે.' રોશનને એ ખબર છે કે રેતી લાવવાનું કામ ગેરકાયદેસર



છે. પણ એમાંથી એને પણ ફાયદો મળવાનો છે એ સમજીને એ, નારાજ થયાનો ઢોંગ કરે છે.

અચાનક પગલાંનો અવાજ સંભળાય છે ને રોશન ફટાફટ માસ્ક પહેરી લઈને રસોડામાં જતી રહે છે. રત્નકરણ ગરાજ તરફ દોડી જાય છે. ને કારની ઓથે જઈને માંસની વાનગી લિજ્જતથી ખાય છે. એ બરાબર જાણે છે કે રસોઇયણને કરેલો પ્રેમ પણ એટલો જ સ્વાદિષ્ટ હોય છે. કારની ચાવીઓ સોંપી દઈને એ દારૂની દુકાનની લાઈનમાં ઊભો રહેવા માટે ઝડપથી ભાગે છે.

લાઇનને છેડે એ ઊભો છે એટલામાં એક પૂરપાટ ગતિએ આવતી બાઇક ઓચિંતી જ ઊભી રહી જાય છે - દારૂની દુકાન સામે. રત્નકરણ જુએ છે કે બાઇક પર ચુસ્ત જિન્સ અને ટૂંકાં ટૉપ પહેરેલી બે છોકરીઓ છે. પાછળ બેઠેલી છોકરી કૂદકો મારીને નીચે ઊતરે છે ને લાઇનની દરકાર કર્યા વિના જ, ઝડપથી કાઉન્ટર પાસે પહોંચી જાય છે. લાઈનમાં ઊભા રહેલા બાકીના સૌ તો અહોભાવથી આ દશ્ય જુએ છે, પણ એક ભાઈ બૂમ મારે છે. 'ઓ, છોકરી છો એથી કંઈ લાઇન છોડીને આગળ જતા રહેવાનો હક નથી બનતો તમારો. તમને એમ છે કે અમે બધા મૂરખાઓ છીએ ?' પેલી બાઇક પર બેસી રહેલી જિન્સધારિણી એના મોટા કાળા ગોગલ્સમાંથી પેલા ભાઈ તરફ જોઈને કહે છે, 'હા બ્રધર, મહિલાઓનો અનામત અધિકાર છે. અમે જો લાઇનને છેડે ઊભાં રહીએ ને, તો ન્યૂસવાળાઓનું ટોળું આવી પહોંચે ને આ દુકાન જ બંધ કરાવી દે. પછી નુકસાન આપણને બધાંને જ નહીં થવાનું ?'

દરમ્યાનમાં તો પેલી છોકરીએ બાટલી ખરીદી પણ લીધેલી. દોડતી આવીને, કૂદીને એ બાઇક પર બેસી ગઈ - કોઈ છોકરાની અદાથી. પેલા વિરોધ કરતા ભાઈને કહે, 'ઓ ભઈ, આ તો અમારાં દાદીમા માટે છે. શું છે કે એમને ગૅસની તકલીફ થઈ છે તે અમારે ઝટ ઘરે પહોંચવાનું છે.' એમને જતી જોઈને પેલા ભાઈ બોલ્યા, 'હા, હા હવે, દોડો. દાદીમાના ભેગો ભેગો પોતરીઓનો ગૅસ પણ ભાગી જશે.'

બાઇક ગલીમાં વળીને દેખાતું બંધ થયું ને રત્નકરણના ચહેરા પર સ્મિત પ્રગટ્યું - એણે કોઈ નવી શક્તિનો સંચાર થતો અનુભવ્યો - અહા, કેવી તાજી છોકરીઓ ! એમને જોવાથી જ નશો આવી ગયો. એને થયું કે હવે એને ગેરકાયદે રેતી ભરવાની ટ્રક દોડાવવા માટે આ દારૂના નશામાં ડૂબવાની જરૂર નથી. સ્ત્રીઓ તો આવી હોવી જોઈએ - એમને જોયા પછી, રસોડામાં ડાઘા પડ્યા હોય એવા મોઢાવાળી સ્ત્રી કોઈને ગમે વળી ?

'અમ્મા, તારા મોઢા પર કશાકના ડાઘા છે', દીકરી ઇન્દુલેખાને કહે છે. 'તેલવાળી માછલીના જ હશે' કહીને ડાઘા લૂછવા તે પોતાનું ગાઉન ઉપર ખેંચે છે. એના ઉઘાડા થયેલા પગ દીકરીને બહુ જ પાતળા પડી ગયેલા લાગે છે. 'ગયા કે ?' પગ તરફ જોઈ રહેલી દીકરીને ઇન્દુલેખા પૂછે છે, 'અરે છોડી, અહીં મોઢા પર જો, ડાઘા ગયા કે ?' દીકરી બેધ્યાનપણે માથું હલાવે છે. એના મગજમાં તો કંઈક બીજું જ ચાલે છે - એક મોટો, અબનૂસ જેવો કાળો લૂંટારો જમીન પર ઉભડક બેસે છે, ને કવિતા લખે છે.

જ્યારે એક રત્નકરણ બૉટલ ખોલીને પોતાના મહેમાનમિત્રોને દારૂ પીરસે છે ને બાજુમાં એની પત્ની ઊભી છે, ડિઝાઇનર સાડીમાં મોહક લાગતી; ત્યારે બીજો રત્નકરણ

પીધેલો, છાકટાની જેમ હાથ વીંઝતો ને ગીતો ગાતો, એના ઘર તરફ જઈ રહ્યો છે. ઘરનો ઝાંપો ખોલી એ અંદર જાય છે ને એની દીકરી એના તરફ દોડતી આવે છે ને એનો પેલો પ્રશ્ન પૂછે છે.

'કયો લૂંટારો ? પેલો વાલ્મીકિ ?' દીકરીને ગળે હાથ વીંટાળીને રત્નકરણ પૂછે છે.

'અરે હા, હા, આચ્ચા, વાલ્મીકિ નામ છે, એનું,' દીકરી આનંદથી ઊછળી પડે છે, 'ટીચરે કહેલું એનું નામ, પણ ભૂલી ગયેલી હું. એ આચ્ચા, એક નાનો ફકરોય ચાલશે. મને લખાવી દેશો ?'

પણ રત્નકરણ તો માત્ર એટલું જ જાણતો હતો કે વાલ્મીકિ 'રામાયણ'નો લેખક હતો - એ પણ દાદીમા વર્ષો પહેલાં દીવાના અજવાળે 'રામાયણ' વાંચ્યા કરતાં એટલે. એક મોટી જાડી ચીંથરેહાલ ચોપડી હતી, વચ્ચે વચ્ચેનાં થોડાંક પાનાં પણ નીકળી ગયેલાં હતાં. દાદીમા સિવાય એ ચોપડી કોઈ વાંચતું ન હતું. એ કાયમ વાંચતાં એથી રત્નકરણને માટે રામ ને સીતા, ને વળી રાવણ પણ, જાણીતાં થઈ ગયેલાં. પણ વાલ્મીકિ...

પણ વાંચનારે વળી લેખક વિશે શું જાણવાનું ? શા માટે કોઈનેય જાણવાનું મન થાય કે કોઈ એક માણસ લેખક બની ગયેલો ? અને એટલે જ વાચકોને મોટેભાગે આખીય વાર્તાની પણ ખબર હોતી નથી.

'વાલ્મીકિ.. હા વાલ્મીકિએ 'રામાયણ' લખેલું', રત્નકરણે કહ્યું.

'અરે, એ તો બધું ટીચરે કહ્યું જ છે. વાલ્મીકિ એક લૂંટારો હતો. એને વાંચતાં કે લખતાં આવડતું જ ન હતું. એમ છતાં એ કવિ બનેલો - એ કેવી રીતે ? એ જ તો છે પ્રશ્ન.'

રત્નકરણને વળી અચરજ થયું કે કવિ થવા માટે પાછું વાંચતાં ને લખતાંય આવડવું જ જોઈએ, એવું હોય ખરું ? એના કેટલાક મિત્રો, અભણ છે છતાં, ખૂબ પીધો હોય ત્યારે સહેલાઈથી કવિતાઓ ગાય છે. ફિલ્મોમાં આવે છે એવી જ મસ્ત કવિતાઓ...

'હવે આ લોટની રાબ ભાણે મૂકું ?' ઇન્દુલેખાએ પતિને પૂછ્યું. એનું ગાઉન બગલમાંથી ફાટી ગયેલું હતું એ જોઈને રત્નકરણ અકળાયો. 'હા, મૂકો' કહીને એ બાથરૂમ બાજુ વળ્યો. એણે જોયું કે અંદર ઘાસ બહુ જ ઊગી ગયું છે. એણે ચારેકોર નજર કરી કે ક્યાંક, પેલો મારી નાખેલો એ સાપનો કોઈ સગો તો અંદર ક્યાંય ભરાઈ બેઠો નથી ને...

'કેટલો સુંદર છે તારો બાથરૂમ !' રત્નકરણના એક મિત્રે, બાથરૂમમાં મૂત્રાશય ઠાલવીને આવ્યા પછી, પ્રશંસા કરી. 'આ તો ખરેખર નવી જ વાત છે રત્ન, કે બાથરૂમમાં ટૂંકી સરખી સરસ લૉન હોય, ને બોન્સાઈ હોય. આવો સુંદર વિચાર તારી પત્નીનો છે કે શું ?'

'હા, હા, હા...' રત્નકરણ મોટેથી હસવા લાગ્યો, 'અરે મારી પત્નીમાં તો નથી કશું સુંદર કે નથી વિચાર.' એની ઝીણી આંખો રક્તવાહિનીઓનાં ગૂંચળાં જેવી લાગતી હતી. પેલા મિત્રે રત્નકરણની પત્ની તરફ સહાનુભૂતિથી, ભાવપૂર્વક જોયું. પ્રવીણા રસોડામાં બધું ગોઠવવામાં પડી હોય એવો દેખાવ કરતી હતી. રસોડું મૉડ્યુલર



હતું એથી પેલો પ્રવીણાના ચહેરાની, ડોકની, ખભાની સુંદરતા જ જોઈ શકતો હતો, બાકીના શરીરના સૌંદર્યનું માત્ર અનુમાન લગાવતો હતો. એ જ્યારે રસોડામાંથી બહાર આવી ત્યારે ચળકતા તારાઓવાળી એની ડિઝાઇનર સાડી એના શરીરના કમનીય વળાંકોને આવરતી હતી એ જોઈને પેલા મિત્રને થયું કે ભલે વિશ્વસુંદરી ન કહેવાય પણ રત્નકરણની પત્ની સુંદર તો છે જ, અને આ રત્નકરણ ખરેખર એક નિષ્ઠુર પતિ છે.

પ્રવીણા, પતિના એ મિત્રની લોલુપ નજરને ધ્યાનમાં લીધા વિના જ રસોડાના કામમાં લાગેલી રહે છે.

બીજા એક મિત્રે એને બોલાવી, 'અરે મિસિસ રત્નકરણ, તમે ત્યાં શું કરો છો, અહીં આવીને બેસો ને ? નાજુક સ્ત્રીઓ રસોડાનું વૈતરું કર્યા કરે એ દૃશ્ય હું સહન કરી શકતો નથી.'

રત્નકરણ એક ભારે સૂટકેસ બેડરૂમ તરફ લઈ જવામાં પડ્યો હતો એણે તો આ સાંભળ્યું સુધ્ધાં નહીં.

હવે પેલો બીજો રત્નકરણ તો ગેરકાયદેસરની રેતી ખેંચવા ટ્રક ચલાવી રહ્યો છે. એને એની પત્નીનું ખભા નીચેથી ફાટેલું ગાઉન દેખાય છે. આ રેતી ખેંચ્યાના પૈસા મળે એટલે એ ઇન્દુલેખા માટે બે ગાઉન, રોશન માટે એક સાડી અને દીકરી માટે એક ફ્રૉક ખરીદવા ધારે છે. પછી કરિયાણાવાળાનું ને શાકભાજીવાળાનું દેવું પણ એ ચૂકવશે. રત્નકરણ અત્યંત ઝડપથી ટ્રક ચલાવી રહ્યો છે, પણ લેખકને ખબર છે કે, ટ્રક કોઈની સાથે અથડાઈને અકસ્માત કરવાની નથી, કેમ કે હવે ટૂંક સમયમાં જ રત્નકરણને પોલીસ પકડી લેવાની છે.

પકડાઈ જવાની સંભાવના તો પેલી સૂટકેસની બાબતમાંય છે, જેને હાલ પ્રવીણાનો પતિ રત્નકરણ બેડરૂમમાં ઘસડી રહ્યો છે. જોકે લેખક એ વિશે ખાતરીપૂર્વક કહી શકતો નથી કેમ કે આ આખો મામલો કદાચ આ વારતાની બહાર પણ બને. અને એ પણ છે કે આગોતરા જામીન અને કોર્ટના ફારસ હવે રોજની વાત થઈ ગઈ છે. એટલે પૈસાવાળા માણસોની ધરપકડના નાટકને વળી કાલ્પનિક કથા સાથે શી લેવાદેવા ? એ ધનપતિઓને તો જામીન ન મળે એનીય ચિંતા નહીં - કેમ કે એમને તો છેવટે ફાઇવ સ્ટાર હૉસ્પિટલના એ.સી. રૂમમાં આરામ ફરમાવવાનો થાય.

હવે પ્રવીણા રત્નકરણ પાસે આવે છે ને એના પર ભયંકર ગુસ્સો ઠાલવે છે. રત્નકરણનું મગજ દારૂના નશામાં એટલું બધું ગુમ થઈ ગયું છે કે એ પ્રવીણાની ગુસ્સાભરી વાતો સમજવાની કે ઊભા રહી શકવાની હાલતમાં પણ નથી - એને તો તરત ગમે ત્યાં સૂઈ જવું છે. પણ પ્રવીણા એને એવી કોઈ જ તક આપવા માગતી નથી ને એ પોતાનો રોષ ઠાલવ્યે જાય છે. બૂમો પાડી પાડીને એ કહે છે, હવે આવી દારૂડિયા પાર્ટીઓ આ ઘરમાં હું કદાપિ ચલાવી નહીં લઉં; બોલાવી લઈશ મારાં છોકરાંને બોર્ડિંગ સ્કૂલમાંથી પાછાં; એ છોકરાં જ મારું માન સાચવશે હવે.. રત્નકરણનો અવાજ થોથવાય છે પણ હવે એ પણ સંભળાવે છે પ્રવીણાને - 'આ તારા બાપનું ઘર નથી કે તને ફાવે એમ તું કરે.' પ્રવીણા કહે છે, 'મારા બાપ તો ચોખ્ખા માણસ હતા. એમના હાથ આમ પાપથી, ને

લોહીથી ખરડાયેલા નહોતા.' રત્નકરણ કહે છે, 'જો, સાંભળ, મેં મારા હાથ પાપથી કે લોહીથી ખરડ્યા હોય તો એ તારા ને તારા છોકરાંના ભલા માટે, સમજી ?' પ્રવીણા કહે છે, 'મારે કે મારાં છોકરાંને પાપની કમાઈ નથી જોઈતી. ને તમારા પાપની સજા તમને મળે એ દિવસો હવે દૂર નથી. ને ત્યારે, ધ્યાન રાખજો કે, મારો કે છોકરાંનો તમને જરાય સાથ નહીં હોય.'

રત્નકરણને હવે, એ નશામાં ડૂબેલો હોવા છતાં, એકલતાનો, અસહાયતાનો અનુભવ થાય છે. એ બેઠકખંડમાં જ સોફામાં ફસડાઈ પડે છે ને આક્રંદ કરવા લાગે છે. પ્રવીણાને એની રાડો કોઈ ભૂંકતા ગધેડા જેવી ભૂંડી લાગે છે.. હવે એ ઊંઘી જવાનો.

ડાઈનિંગ ટેબલ સાવ અસ્તવ્યસ્ત, યુદ્ધના મેદાન જેવું થઈ ગયેલું છે - એને સાફ કરવાની દરકાર કર્યા વિના જ પ્રવીણા બેડરૂમમાં દોડી જાય છે ને પથારીમાં પડે છે. પણ ઊંઘ આવતી નથી, એને ચેન પડતું નથી. રત્નકરણના પેલા લંપટ મિત્રે, કોઈનું ધ્યાન ન હતું ત્યારે એને બાથરૂમમાં ખેંચી જઈને એના હોઠ પર દાંત ભીંસેલા - એના સણકા મારતા હતા.

બે પોલીસવાળા ઈન્દુલેખાના ઘરનું બારણું ઠોકે છે. ઈન્દુલેખા દીકરીને જગાડે છે ને એને સોડમાં લઈને બારણું ખોલે છે. પોલીસ રત્નકરણને લઈને આવી છે ને ઈન્દુલેખા જુએ છે કે એ નીચે મોઢે ઊભો છે ને એને હાથકડી પહેરાવેલી છે. પત્નીની સામે પણ જોયા વિના રત્નકરણ એક પોલીસવાળાને ઘરમાં ટેબલ પાસે લઈ જાય છે. પોલીસ એનું ખાનું ખોલીને, એ શોધતો હતો એ વસ્તુ એમાંથી લઈ લે છે.

બારણે ઊભો રહેલો પેલો બીજો પોલીસવાળો ફાટેલા ગાઉનવાળી આ સ્ત્રીના શરીરને જાણે કે ચાટી રહ્યો છે. ઈન્દુલેખાને એની લોલુપ નજરનો ખ્યાલ નથી. એ તો ચિંતામાં પૂછે છે, 'સાહેબ, શું છે આ બધું ? શું કર્યું છે એમણે ?'

ઈન્દુલેખાની ઊંઘ હવે ઊડી ગઈ છે ને એ સતર્ક થઈ ગઈ છે.

'આ બધું શું છે, એમ ?' પેલો પોલીસવાળો ખડખડાટ હસે છે, 'અમે તારા આ ધણીને લઈ જઈએ છીએ પોલીસથાણે. હવે એ જેલમાં જશે ને ત્યાં રેતી ચોરશે !'

છોકરી રડવા લાગે છે.

'ચૂપ રહે, છોડી,' ઈન્દુલેખા ધમકાવે છે ને છોકરીનું રુદન આછાં હીબકાં બની જાય છે.

જતી વખતે રત્નકરણ પત્ની સામે જુએ છે ને કહે છે કે, 'તું કંઈક કર. મેં જે કંઈ કર્યું છે એ તારે માટે ને આ દીકરી માટે કર્યું છે.' ઈન્દુલેખા મનમાં બબડે છે, 'ના રે, પેલી રસોયણ રોશન માટે પણ.' રત્નકરણ કહે છે કે, 'કોઈ વકીલને રોકજે, મારા જામીન માટે.'

ઈન્દુલેખા સ્પષ્ટ કહે છે, 'ના, કદી નહીં.'

'મા, આવું કેમ બોલે છે ?'

'એનાં કર્યાં ભોગવવા દે, એને જ', પોલીસવાન તરફ જતાં ઈન્દુલેખા કહે છે.

આ સાંભળીને પેલો પોલીસવાળો અહોભાવથી ઈન્દુલેખા સામે જુએ છે - જાણે કે



એ 'ભગવદ્‌ગીતા'ની લેખક હોય !

'જા, જઈને સૂઈ જા,' ઈન્દુલેખા દીકરીને કહે છે ને નજર સામેથી અદશ્ય થતી પોલીસવાનને ભીની આંખે તાકી રહે છે, 'જા બેટા, સવારે સ્કૂલમાં જવાનું છે.'

'હું તો નહીં જાઉં, આચ્ચા પાછા નહીં આવે ત્યાં સુધી નહીં જાઉં.'

ઈન્દુલેખા દીકરીને સોડમાં ખેંચી લે છે.

પ્રવીણા ઊભી થઈને વરંડા તરફ જાય છે - ડાઈનિંગ ટેબલ પરનાં ગંદાં વાસણો કે એંઠવાડ પર નજરસુધ્ધાં નાખ્યા વિના. સોફામાં સૂતેલા રત્નકરણે ઊલટી કરી છે, એ તરફ પણ એ જોતી નથી. વરંડામાં ખુરશી પર બેસે છે. એ છાપાવાળાની રાહ જોતી હોય છે એ જ વખતે ઈન્દુલેખા એની દીકરી માટે જાડા લોટની ઉપમા અને દૂધ વિનાની કૉફી બનાવતી હોય છે. દીકરી રિસાઈને, ઉદાસ ચહેરે બેઠેલી છે. મા કહે છે કે, જો, હું નોકરીએ જવા સ્હેજ વહેલી નીકળીશ તો લીજીના ઘરે એના પપ્પા પાસેથી તારા પ્રશ્નનો જવાબ જાણી લઈશું, હોં.

એ સાંભળતાં જ દીકરીની આંખમાં ચમક આવી જાય છે.

લેખક જાણે છે કે, લીજીના પપ્પા, પેલા પ્રોફેસર શું કહેવાના છે. સ્કૂલ-યુનિફૉર્મવાળી નાનકી છોકરીના ચહેરા પર ઉત્સુકતા હશે ત્યારે એ કહેતા હશે - 'પેલો લૂંટારો કવિ બન્યો એનું કારણ એક સ્ત્રી છે - એની પોતાની જ પત્ની.' સ્ત્રીને ઇતિહાસનાં પૃષ્ઠો પરથી ભૂંસી નાખવામાં આવી છે. કેવું મહાન રૂપક !

લેખકને એય ખબર છે કે, પ્રોફેસર શું કહી રહ્યા છે એની આ છોકરીને કશી જ ગમ નહીં પડે. પણ આપણે શું કરીએ ? કૉલેજના વિદ્વાનો આ રીતે જ વાત કરી શકતા હોય છે - ભલે ને નાના બાળક આગળ કહેતા હોય.*

---

*'રામાયણ'ના સર્જક અને ઋષિ વાલ્મીકિનું મૂળ નામ રત્નકરણ હતું. આ આદિકવિ એમની યુવાન વયે એક નાસમજ શિકારી અને લૂંટારો હતા. એકવાર એ લૂંટારાએ દેવર્ષિ નારદને રસ્તે રોક્યા ને એમને લૂંટવા માંડ્યા. નારદે રત્નકરણને પૂછ્યું, 'ભાઈ, તું શા માટે આવા ભયાનક અપરાધ કરે છે ?' રત્નકરણ કહે, 'મારા કુટુંબને પોષવા.' નારદ કહે, 'તું એક વાર ઘરે જા, ઘરનાંને પૂછ કે તારાં આ પાપોમાં એમની ભાગીદારી છે કે ?' પરંતુ રત્નકરણનાં પરિવારજનોએ કહ્યું કે, 'ના, પાપોની જવાબદારી તો એના કરનારની જ ગણાય.' આ સાંભળી રત્નકરણની આંખો ખૂલી, એનું માનસપરિવર્તન થઈ ગયું અને નારદે એને એકધ્યાને બેસીને રામનામનું રટણ કરવાની સલાહ આપી. રત્નકરણ જાપ કરતાં કરતાં ઊંડી સમાધિમાં ઊતરી ગયો. ને એની આસપાસ કીડીઓનો રાફડો થઈ ગયો. છેવટે નારદે એનાં પાપોનું પ્રક્ષાલન કર્યું અને એને બ્રહ્મર્ષિની ઉચ્ચ પદવી આપી - એ વિદ્વાન ઋષિ ને કવિ બન્યો. વલ્મીક-રાફડા-માંથી નીકળ્યો હોવાને કારણે રત્નકરણ હવે વાલ્મીકિ કહેવાયો.

❑

## આસ્વાદ

# સારલ્યનું સૌંદર્ય સિદ્ધ કરતી કૃતિ...

■ રાધેશ્યામ શર્મા ■

### છોડીને આવ તું

તારું કશું ન હોય તો છોડીને આવ તું,
તારું જ બધું હોય તો છોડી બતાવ તું.

અજવાળું જેના ઓરડે તારા જ નામનું,
હું એ જ ઘર છું એ જ ભલેને ન આવ તું.

પહેર્યું છે એય તું જ છે ઓઢ્યું એય તું;
મારો દરેક શબ્દ તું મારો સ્વભાવ તું.

સાકરની જેમ ઓગળી જઈશ હુંય પણ,
છલકાતો કટોરો ભલેને મોકલાવ તું.

મિસ્કીન સાત દરિયા કરી પાર એ મળે,
એ રેખા હથેળીમાં નથી તો પડાવ તું.

-- રાજેશ વ્યાસ 'મિસ્કીન'

'આપણી કવિતાસમૃદ્ધિ(ઉત્તરાર્ધ)'માં સંપાદક ચન્દ્રકાન્ત ટોપીવાળાએ, કવિશ્રી રાજેશ વ્યાસ 'મિસ્કીન'ની આ માત્ર એક જ રચના પસંદ કરી છે ! એનો પુનર્ પાઠ કરતાં રચનાનો મહિમા, ડબલ્યુ. એચ. ઑડેનના એક પ્રસિદ્ધ કથન તરફ દોરી ગયો :

'ઈન પોએટ્રી યુ હેવ અ ફૉર્મ બુકિંગ ફૉર અ સબ્જેક્ટ એન્ડ અ સબ્જેક્ટ બુકિંગ ફૉર અ ફૉર્મ. વ્હેન ધે કમ ટુગેધર સકસેસફુલી યુ હૅવ અ પોએમ.'

- આ રીતિએ વિષયવસ્તુ અને સ્વરૂપનો સમાગમ-સમન્વય સફળ થાય એટલે કવિતાની પ્રાપ્તિ સંભવે. 'છોડીને આવ તું' - એવી કૃતિ છે. સર્વસ્વ છોડીને આવવાનું જેને પ્રાંજલ નિમંત્રણ છે તે 'તું' છે. અહીં પૂરી રચનામાં 'હું' 'તું'માં એકરૂપ થઈ રહ્યો છે, માત્ર એકબે વાર 'સાકરની જેમ ઓગળી જઈશ હું' તેમજ 'હું એ જ ઘર છું' પંક્તિઓમાં 'હું' પ્રગટ થયો છે. પરંતુ 'તું' કૃતિની શિરાએ શિરામાં લગભગ સાત વાર પ્રસર્યો છે.

પ્રારંભની પંક્તિ-શેરમાંનો 'તું' આદેશાત્મક નથી, આત્મીય છે :

**'તારું કશું ન હોય તો છોડીને આવ તું
તારું જ બધું હોય તો છોડી બતાવ તું.'**



નાયકની પ્રિયા 'છોડી' હોઈ શકે ! એટલે સાધિકાર સ્નેહથી બધી છૂટછાટ મૂકી કહી દે છે, તારું સકલ કંઈ જ ન હોય; યા ઘણુંબધું હોય તોય આવી જા. આ તો સ્ટેટમેન્ટ છે, કાવ્યત્વ બીજા શ્લોકમાં ઝળહળ્યું છે :

**'અજવાળું જેના ઓરડે, તારા જ નામનું,
હું એ જ ઘર છું એ જ ભલેને ન આવ તું'**

'ભલે ન આવ તું'માં નાયકે આપેલી મુક્તિની દ્યુતિ છે, પ્રેમતત્ત્વની ઉદારતા છે - 'હું એ જ ઘર છું'માં. (ચારેક વાર આવતો 'જ' - શબ્દ ભારવાચક હોવાનો ભ્રમ ઊભો કરે પણ ખરેખર પદાવલિમાં એવો બંધબેસતો છે કે સુજ્ઞને નિર્ભાર લાગે.)

પ્રિયતમાના નામનું અજવાળું નાયકના ગૃહરાજ્યમાં નામોજ્વલતાનું પ્રચ્છન્ન પ્રતીક છે. પોતાના ઓરડે નાયક નથી કહેતો. 'જેના ઓરડે' કથે છે ત્યાં વસ્તુલક્ષિતા છે, આત્મલક્ષી અહમ્કાર નથી.

વિરોધ, કૉન્ટ્રાસ્ટમાં સાંભરે વર્જિનીયા વુલ્ફનું સર્જન 'પોતાનો ઓરડો', જેમાં સૂક્ષ્મ અહમ્-સ્વમાનના અંચળા પાછળ ડોકિયું કરી જાય ! અહીં એવું નથી.

**'પહેર્યું છે એય તું જ છે, ઓઢ્યું એય તું
મારો દરેક શબ્દ તું, મારો સ્વભાવ તું'**

આગળ નાયકે ઘર (સ્વીટ હોમ), સ્પેસનું વર્ણન પોતાના પદાર્થરૂપની જિક્ર પૂરતું કર્યું, હવે એથી વધીને પોતાનું પહેર્યું-ઓઢ્યું પણ સ્કીનડીપ પ્રેમિકા-નાયિકા હોવાનો સંકેત સૂચવે છે. નાયકે ભલે ચીનાંશુક કે વલ્કલવસ્ત્ર પરિધાન કર્યું હોય પણ સર્વ કાંઈ તું-હી-તું હૈ ! નાયકનો તો શબ્દ તેમજ સ્વભાવ પણ નાયિકાના 'તું'માં સમાવેશ પામીને લગભગ અ-દ્વૈત નિકટ ઠર્યો છે !

**'સાકરની જેમ ઓગળી જઈશ હુંય પણ
છલકાતો કટોરો ભલેને મોકલાવ તું'**

પારસીઓ અહીં પહેલવહેલા આવ્યા ત્યારે દૂધના કટોરામાં સાકરની જેમ ઓગળી એક થઈ જવાની કથા પ્રચલિત છે. એનો વિનિયોગ સાર્થક છે.

રચનાના અન્તે, ઓરડો, ઘર, પરિધાન, કટોરાના સૌ સંદર્ભો પાછળ મૂકી મિસ્કીન સાત દરિયાપારનો પ્રવાસ ભાવકને દર્શાવે છે :

**'મિસ્કીન સાત દરિયા કરી પાર એ મળે
એ રેખા હથેળીમાં નથી તો પડાવ તું'**

સાત સમંદર પાર કરી, આત્મસંબોધન કરતા હોય તેમ નઝૂમી બની ગઝલકાર સહેજ આદેશના આવેશમાં લખી દે છે : **એ રેખા હથેળીમાં નથી તો પડાવ તું.**

પ્રસ્તુત રચના, આધુનિક કાવ્યવિશ્વની જટિલ અભિવ્યક્તિઓથી પર રહી ભાષાશૈલીના સારલ્ય વડે સ-રસતાનું ઉદાહરણ સિદ્ધ કરે છે. રાજેશ વ્યાસ, 'મિસ્કીન' ઉપનામ હોવા છતાં અભિનંદનીય છે.

❑

# નાઝીર મનસુરીકૃત 'ફિરંગી' વાર્તામાં પ્રગટતું પશ્ચિમ ભારતનું ગામડું અને સમાજના પ્રશ્નો

ડૉ. મનોજ માહ્યાવંશી

ભારતના પશ્ચિમ ગુજરાતના દીવના દરિયાકાંઠાનો વિસ્તાર એક અલાયદી લાક્ષણિકતા ધરાવે છે. આ દરિયાકાંઠાનાં ગામડાંઓનાં ભૌગોલિક, પ્રાકૃતિક, કૌટુંબિક-સામાજિક, આર્થિક, રાજકીય અને ધાર્મિક પાસાંની સમજ ખરા કલાકાર-સર્જકને જ પડે એમ છે. દરિયાઈ પરિવેશને સમર્થતાપૂર્વક આલેખતા વાર્તાકાર-નવલકથાકાર નાઝીર મનસુરી સમકાલીન ભારતીય કથાસાહિત્યજગતમાં દરિયાઈપરિવેશને આલેખતા ભારતના અગ્રણી સર્જક છે. તેમનો વાર્તાસંગ્રહ 'ઢાલકાચબો' ઑગસ્ટ ૨૦૦૨માં પ્રગટ થયેલો છે. ત્યારબાદ નવલકથા 'ચંડાળચકરાવો' અને 'વેશપલટો' પ્રગટ થયેલ છે. દીવના કાંઠાનાં ગામોના પરિવેશને સમર્થતાથી આલેખતા નાઝીર મનસુરીની 'ફિરંગી' વાર્તાની ચર્ચા અહી અભિપ્રેત છે.

ગુજરાત પાસે ૧૬૦૦ કિમી દરિયાકિનારો છે. અને આ દરિયાકિનારાઓનાં ગામડાંઓનું વાસ્તવ સાહિત્યજગતમાં મોટે ભાગે અપ્રગટ રહ્યું છે તેવા સમયે દીવના કાંઠાના ભાઠ-કોટડા, વેલણ, માઢવાડ જેવાં ગામોના પરિવેશને નાઝીર મનસુરી સર્જક તરીકેની નિસબત- સંવેદનશીલતાથી પોતાની વાર્તાઓમાં આલેખે છે. ગામડાંની સ્થિતિ, હિન્દુ-માછીમાર, મુસ્લિમ-માછીમાર અને પરદેશી પ્રજા વચ્ચેનો સંઘર્ષ તેમજ સામાજિક રીતરિવાજ, આંતરજ્ઞાતીય-આંતરધર્મીય સંબંધ આ બધું જે-તે વિસ્તારની સ્થાનિક મૂળ બોલીમાં આલેખીને નાઝીર મનસુરીએ ગુજરાતના પ્રથમ કક્ષાના વાર્તાકાર-નવલકથાકાર તરીકે નામના મેળવી છે. તેમની 'ફિરંગી' વાર્તામાં પણ દરિયાઈ પરિવેશનું ગામડું કલાત્મક રીતે પ્રગટ થાય છે. દીવ ટાપુના વિસ્તારમાં ૧૫૩૫થી ૧૯૬૧ સુધી પોર્ટુગીઝોનું શાસન રહ્યું હતું અને એ સમય દરમિયાન આ વિસ્તારના સ્થાનિક લોકો સાથેના પોર્ટુગીઝોના અંતરંગ સંબંધો એ વાસ્તવિકતા છે. શાસન કરતી પ્રજા અનેક રીતે જે તે વિસ્તાર ઉપર અસર છોડે છે.

'ફિરંગી' વાર્તાની કથામાં મુખ્ય પાત્ર છે આઠમ ફિરંગી. વર્ષો પહેલાં એનો પોર્ટુગીઝ બાપ આલ્ફાન્ઝો એને છોડીને વતન લીસ્બોન ચાલી ગયેલો. આઠમનો ઉછેર પાની મોટીએ કરેલો જે આઠમની સગી ફોઈ થતી હતી. અહીં આઠમ ફિરંગીના મુખ્ય પાત્ર સાથે પાની મોટી, શાંતા, મુગતા, ભનું જેવા દરિયાઈ વિસ્તારનાં ગામડાંઓનાં સ્ત્રીપાત્રો નિરૂપાયેલાં છે. દીવકાંઠેનાં ગામડાંઓમાં પોર્ટુગીઝોની લડાઈના ઇતિહાસની



પૃષ્ઠભૂમિમાં આ વાર્તાની કથા વિકસે છે. લડાઈના ભયને લીધે થઈ રહેલી ગામલોકોની હિજરતના વાતાવરણમાં આ વાર્તાની ઘટનાઓ નિરૂપાયેલી છે. આઠમ ફિરંગી પાની ફોઈને દરેક કામમાં જીવના જોખમે મદદ કરે છે. તે પોતાના બાપ વિશે પાની મોટીને પૂછતો રહે છે પણ પાની કોઈ જવાબ આપતી નથી. પોતાની મા વિશે પણ તેને ઝાઝી માહિતી મળતી નથી. તેના ફિરંગી પિતા આલ્ફાન્ઝોને લખમી સાથે પ્રેમસંબંધ બંધાતા આઠમનો જન્મ થયેલો. વળી પાની મોટીને પણ આલ્ફાન્ઝો સાથે સંબંધ હતો. પાનીના કાવાદાવાને લીધે લખમીના દાગીના પડાવી લેવાની વૃત્તિના લીધે જ લખમીનું કમોત થયેલું એટલે આલ્ફાન્ઝો પાનીને પણ છોડી ગયેલો. પોર્ટુગીઝ આલ્ફાન્ઝોએ પોતાના દીકરાને શોધવાની મથામણો કરેલી પણ પાનીએ બાપદીકરાને ભેગા થવા દીધા નહોતા.

વર્તમાનકાળમાં આઠમ પાની મોટીને બધી રીતે મદદરૂપ બને છે. ભનું નામની સ્ત્રી પાની સાથે ધંધો કરતી હતી તે આઠમને મેળવવા ચાહે છે, તે જ રીતે શાંતા-મુગતા જે બંને ભાભી નણંદ છે તેઓ પણ આઠમને મેળવવાના પ્રયત્નો કરતી રહે છે. પણ આઠમને તો શાંતા ગમે છે. આખું ગામ લડાઈના ભયથી ગામ છોડીને ચાલી જઈ રહ્યું છે એવા સમયે પણ આઠમ કશે જવા માંગતો નથી. ભનું આઠમને મેળવી લે છે પણ આઠમ ખુશ નથી અને જ્યારે શાંતા ગામ છોડીને ચાલી જાય છે ત્યારે પોતે પણ કપટી ભનુંના સકંજામાંથી છૂટવાનું તે વિચારી લે છે. એક રીતે એના પિતા સાથે જે થયેલું તે જ આઠમ સાથે પણ થાય છે. અહીં પોતાની ઓળખ શોધતો - પ્રેમ માટે મથામણ કરતો આઠમ વેદનશીલતાને પામે છે.

આ વાર્તાનું ગામડું લડાઈના વાતાવરણના ભયથી ત્રસ્ત ગામડું છે. જુઓ - 'આજે તો ગામ પોણા ભાગનું ખાલી થઈ ગયું, ગાડાં, ખટારા, ખટારિયું વગેરે ભરાઈ ભરાઈ માછીમારો ગામ છોડી જતા'તા. કેટલાક હોડીઓ, પડીઓ, પીલાણી લઈને એમાં ઘરવખરી ભરીને ગામ છોડી દરિયાવાટે અડખેપડખે બંદરોએ ભાગી છૂટ્યા'તા. કાળાં ડિબાંગ રંગના પોરતુંગીસ લશ્કરી વહાણો દીવ ટાપુની અડખેપડખે લાંગરેલાં જોવા મળે. એકાદ આરમર લાંગરેલી. એ જોઈને તો ગામ થથરી ગયું. દીવ ટાપુ પર સિપાહીઓ વધી પડેલા. આ તરફ કાંઠાળ ગામડાંઓની ધારે ધારે દેશી સિપાહીઓ ડેરાતંબુ નાખી પડેલા. નાકાબંધીનો કડક અમલ તોય માણસો ગામ છોડીને ભાગી છૂંટતા રાતમધરાત. ઘણાંક વખતથી લડાઈના ભણકારા વાગતા'તા. ઘણાંક વરસથી નાકાબંધી લદાયેલી. જરૂરી ચીજવસ્તુઓની કારમી અછત ને ભાવ વધી પડેલાં. ગોળનાં માટલાં, ખાંડ, મરીમસાલો જેવો તેજાનો વગેરે કાળાબજારમાં મળતાં ત્રણેક ઘણાં વધારે ભાવે." (ઢાલકાચબો, નાઝીર મન્સુરી, આર. આર. શેઠની કંપની, પ્ર.આ. ૨૦૦૨, પૃ.૧૨૧). અન્ય એક વર્ણન - "બારામાં, દીવ ટાપુની ચોફરતે પોરતુંગીસ સિપાહીઓ રોન મારતા રાતના. લડાઈની ઘડી આવી પહોંચી હતી. નાકાબંધી કડક થઈ ગયેલી. રાતના મશીનવાળી હોડી લઈ આંટા મારતા બારામાં. નાકું ઓળંગતાં પકડાતાં એને નાગો કરીને હોડીના સથ્થા પર સુવડાવી ચાબુકથી ફટકારતા. પછી લોહીઝાણ થઈ જાય

એટલે વાંસા પર ધગધગતું ખારું પાણી રેડતા. વાંહાની ચામડી તતડીને ફાટી જતી. ગડદાપાટું-નેતરની સોટીનો મુંઢમાર ગાંઠાગડબા કરી નાંખતો. ક્યારેક માછીમાર મરી પણ જતો. પણ આઠમ બચી ગયેલો.' (એજન પૃષ્ઠ ૧૧૯).

આવા અછતના સમયે પાની મોટીનો મહુડાના દારૂનો ધંધો પણ વધી પડે છે પોર્ટુગીઝોના લીધે યુદ્ધના ડરથી ગામના લોકો ઘર છોડીને ચાલી ગયા છે એવા લોકોનાં બંધ પડેલાં ઘરમાંથી મરઘાં-કૂકડા ને બીજી વસ્તુઓની ચોરી કરવામાં આવે છે. પાની મોટી આઠમ સાથે મળી ગોળના અને તેજાનાનાં માટલાં મજબામાં-હોડીમાં ચડાવી સિપાહીઓથી ચોરીછૂપી લઈ જવાના પ્રયત્નો કરે છે. ફિરંગી આઠમ આ જ ગામડામાં મોટો થઈને પાની, મુગતા, શાંતા, ભનું સાથે હળ્યોમળ્યો-જીવ્યો છતાં પોતાની માતાનું મોત કે પિતા વિષેની જાણકારી તે મેળવી શકતો નથી. પોતાનો બાપ ચાલી ગયેલો તે જ રીતે તે પણ ચાલી જવાનું વિચારે ત્યાં કૃતિ પૂરી થાય છે. અહીં આઠમને શાંતા પસંદ છે પણ શાંતા તેને કહ્યા વિના જ ગામ છોડી જાય છે. શાંતા અને મુગતા બંને આઠમને પસંદ કરનારી સ્ત્રીઓમાં મુગતા વિધવા છે અને શાંતાનો પતિ ખલાસી તરીકે દરિયામાં ગયેલો તે ઈરાન-બસરા બાજુ ડૂબી ગયેલો. બંનેને વર્તમાનમાં આઠમ ગમે છે પણ મરતી વખતે પાની મોટી સાથે વાત કરીને ભનું આઠમને મેળવી લે છે, જે રીતે ભૂતકાળમાં પાનીએ આલ્ફાન્ઝોને મેળવેલો.

ભૂતકાળમાં લખમીના કમોત માટે પાની જ જવાબદાર છે તે જાણીને પોર્ટુગીઝ આલ્ફાન્ઝો પાનીને છોડીને ગોવા ભાગી જાય અને ત્યાથી પોતાના વતન લીસબોન જતાં પહેલાં પોતાના છોકરા આઠમને શોધવા ઘણા પ્રયત્નો કરેલા આલ્ફાન્ઝોને દીવમાં વાઘરીવેશે પણ આઠમ મળેલો નહીં. વર્તમાનમાં આઠમ પોતાના બાપને શોધે છે પણ મળતો નથી. એકબીજા પ્રત્યેની વેરઝેર-ઈર્ષ્યાની ભાવના સર્જકે કળાકીય સ્તરે આલેખી છે અને પોતાને પ્રિય એવી શાંતા ગામ છોડી જાય ત્યારે આઠમને બધું નકામું લાગવા માંડે છે. કારણ કે ભનું પાસે નીલમ-માણેકનાં ઘરેણાંનો ડબ્બો જોતાં જ આઠમ ભનુંનું કપટ પામી જાય છે. પોતાનાથી પંદર વર્ષ મોટી ભનું પહેલેથી જ આઠમ સાથે પરણવાની વાત પાનીને કરતી આવી હતી અને આખરે ભનું તેને મેળવે છે.

અહીં આઠમને પામવા માટે સ્ત્રીપાત્રો જે રીતે નિરૂપિત થાય છે તે ગ્રામીણ વાસ્તવને દર્શાવે છે. અહીં સિપાહીઓ સાથેની દીવકાંઠાની ગામડાની સ્ત્રીઓના સંબંધ અને લગ્નેતર સંબંધો જેવા સામાજિક પ્રશ્નોની કળાત્મક રજૂઆત જોઈ શકાય છે. ફિરંગી એટલે પોર્ટુગીઝ અને વાર્તામાં બધાં સ્ત્રીપાત્રો સાથે મહત્ત્વની ભૂમિકાએ આ પોર્ટુગીઝ પાત્રો છે. ભૂતકાળમાં આલ્ફાન્ઝો અને વર્તમાનમાં આઠમ જે ફિરંગીના હુલામણા નામે જાણીતો છે. ગામનો પટેલ આઠમને નાત બહાર મૂકે છે એ છે આ ગામનો સમાજ. નાતમાં બોલાવીને આઠમને ગોવાળાની સોટીથી મારવામાં પણ આવે છે અને એટલે જ - 'આઠમ દારૂ ઢીંચી જતો પછી રડવા બેઠતો. પટેલને, ગામને, પોરતુગીસ ગાળો ભાંડતો. દારૂના તોરમાં બબડતો, 'લાઆ બાપાઆઆ... નાતબારો મુયકોસ તી ઉયે



કોઈનો ગુનો કયરોસ...? ઉં કોય સોલટો સોર સપાટી સે...? મારો બાપ સ હાહુનો પોરતુગીસ રેતો તી ઉં કાંવ કરું...? બીઝો બાપ ઉસીનો લીયાવું કાંવ...?' (એજન, પૃ.૧૨૩). દીવ કાંઠામાં ગામડાંનું વર્ણન - બોલી - કહેવત - રૂઢિપ્રયોગ - ગાળો વગેરે આ વાર્તાનું અભિનંદનીય પાસું છે. આ વાર્તામાં દીવકાંઠાનું ગામડું તેના ખરા વાસ્તવ સાથે ઊભરી આવ્યું છે. દીવકાંઠાની બોલી અહીં સબળતાથી ખપમાં લેવાયેલી છે. સર્જક પોતે નોંધે છે - 'બોલી પાત્રના ઋતને, કાળજામાં ધરબાયેલી વેદનશીલતા પ્રગટ કરે એ જ સ્વાભાવિક ને સહજ હોય. જીવતરને જોરપૂર્વક જીવતા હોય ને એને વ્યક્ત કરે તો પોતીકી બોલીમાં જ વ્યક્ત કરે.' ('શબ્દસૃષ્ટિ', ટૂંકી વાર્તા અને હું વિશેષાંક, ઑક્ટોબર-નવેમ્બર ૨૦૦૯, પૃ.૧૦૦). અહીં મુસ્લિમ બોલી, માછીમારી બોલી, તળપદી સૌરાષ્ટ્રી બોલી એમ વિવિધ બોલીનો સર્જનાત્મક વિનિયોગ થયેલો છે એટલે સર્જકની બોલી વિશેની ઉપરોક્ત કેફિયતમાં ખરેખરો દમ છે.

આ વાર્તાનાં ગામડાંમાં સમયે સમયે અલગ અલગ પંખીઓ આવે છે જેમ કે આસો મહિનો પૂરો થતાં સાઈબેરિયન કુંજડીઓ આવે છે. દેશી આમલી અને સરગવાનાં ઝાડવાંઓના ઝૂમખામાં ઘરો લપાયેલાં છે. કારતકમાં કૃષ્ણ પક્ષમાં ટાઢ વધે છે અને પાંચ ડગલાંથી આગળ કશું જ દેખાતું નથી. ટાઢનો વાવડો સુસવાતો રહે છે. ઘરમાં ફાનસ ઝીણી વાટે સળગે છે. માગશર મહિનાની રાત ઝાકળ-પડળમાં ધૂંધળી થઈ જાય છે. અહીં દરિયાનો ગોરંભો, અરણીના ફૂલનો પમરાટ છે. કેવડાનાં ફૂલ છે. બોરડી કંથારાનાં ઝાડ છે. નારિયેળી-તાડીયા છે. ભરતીનાં પાણી છે. વાડી છે. હોડી છે. વિવિધ જાતનાં માછલાં અને કૂતરાં, શિયાળ, ઝરખ છે. દીવકાંઠાના માછીઓ વેપાર અર્થે ઈરાન-મોઝામ્બિક, મેંગ્લોર, કાલીકટ, કોચીન જેવાં સ્થળોએ આવન-જાવન કરે, પાછા ન આવે તો પત્ની અને ઘરના લોકોની રાહ જોવાની સ્થિતિ, સ્થાનિક સિપાહી તેમજ મુસ્લિમ પીંજારા-ખારવા અને કોળી વચ્ચેના આંતરિક સંબંધો... આ બધાંમાં સમાજના રીતિ-રિવાજ, માન્યતા, રહેણીકરણી અને સુખદુઃખ - આ બધું આ વાર્તામાં પામી શકાય છે. પુરુષ અને સ્ત્રીઓ દારૂ પીવે છે. ગાળો બોલે છે અને ભૂંડી ભખરી મશ્કરી કરે છે. ૧૯૬૨નું આ ગામડું સિનેમેટોગ્રાફીની ટેક્નિકથી નિરૂપાયું છે. Visualityને લીધે જીવંત ગામડું ખડું થાય છે.

સર્જક દરિયાઈ ગામડાના પરિવેશના ખરા જ્ઞાતા છે. એક ઈંટરવ્યૂમાં સર્જકને પ્રશ્ન પુછાયો - 'એવું કયું સ્થળ જયાં ગયા વગર જીવન અધૂરું લાગે ?' સર્જકનો જવાબ - 'દીવકાંઠાના નાઘેર પંથકનું મારું ગામ એ સમગ્ર પંથક જેનાથી હું સ્થૂળ પણ કમોત લાવનારો વિચ્છેદ પામ્યો છું.' દીવકાંઠાના નાઘેર પંથકનાએ એ ખૂબસૂરત દરિયાકાંઠાને સાક્ષાત્ એ ખૂબસૂરત દરિયો જે મારા માટે પૂજ્ય દેવતા છે... એના વગર અધૂરું.' (ગુજરાતમિત્ર, દર્પણપૂર્તિ, ૮ ઑગસ્ટ ૨૦૧૨, પૃષ્ઠ ૧૬). અત્રે એ વાત નોંધવી ઉચિત માનું છું કે આ સર્જકને ૧૯૯૭માં કથા એવૉર્ડ, ૧૯૯૯માં સંસ્કૃતિ એવૉર્ડ (ગુજરાતી લેખકને સૌપ્રથમ વાર) મળી ચૂક્યા છે. બેસ્ટ ઑફ નાઈન્ટીઝ એવૉર્ડમાં તેમની 'ભૂથર'

વાર્તાને એવૉર્ડ આપનારા નિર્ણાયકો હતા - ગોવિંદ નિહલાની, ગુલઝાર, અદૂર ગોપાલક્રિશ્નન, ઋતુપર્ણ ઘોષ, શર્મિલા ટાગોર.

આવા સક્ષમ વાર્તાકારની 'ફિરંગી' વાર્તામાંથી પ્રગટતું દીવકાંઠાનું દરિયાકાંઠાનું ગામડું એ પશ્ચિમ ભારતીય ગામડું બની રહે એવી સક્ષમતા અને ગંભીરતા - કળાકીય ગુણવત્તાપૂર્વક કુશળતાથી આલેખાયું છે. વાર્તામાં જે પ્રકારનું ગામડું છે એવું ગામડું ગુજરાતી સાહિત્યમાં પ્રથમ વાર આલેખાયું છે. પાત્રોની વેદનશીલતા અને સામાજિક-કૌટુંબિક સમસ્યા, દીવકાંઠાના પ્રાકૃતિક પરિવેશને લીધે 'ફિરંગી' ભારતભરમાં ગુજરાતી સાહિત્યનું પ્રતિનિધિત્વ કરી શકે એવી કૃતિ છે.

સંદર્ભ :


૧. ઢાલકાચબો, નાઝીર મન્સુરી, આર. આર. શેઠની કંપની, પ્ર.આ.૨૦૦૨
૨. શબ્દસૃષ્ટિ, 'ટૂંકી વાર્તા અને હું' વિશેષાંક, ઑક્ટોબર-નવેમ્બર, ૨૦૦૯
૩. ગુજરાતમિત્ર, દર્પણપૂર્તિ, ૮ ઑગસ્ટ, ૨૦૧૨
૪. Museindia.com


❑

## સાભાર સ્વીકાર

(૬૩) માધ્યમ દર્શન : યાસીન દલાલ, ૨૦૧૫, રન્નાદે પ્રકાશન, અમદાવાદ. પૃ. ૮+૨૨૦, રૂ. ૨૦૦/- (૬૪) બાળવિકાસની સાચી સમજણ : મધુરી દેસાઈ, પુનર્મુદ્રણ-૨૦૧૬, આર.આર. શેઠ એન્ડ કું મુંબઈ/અમદાવાદ. પૃ.૧૬૮, રૂ. ૧૫૦/- (૬૫) Masterસ્ટ્રોક : હેતલ સોંદરવા, ૨૦૧૬, આર.આર. શેઠ એન્ડ કંપની પ્રા.લિ. મુંબઈ/અમદાવાદ, પૃ.૧૨૦, રૂ. ૯૯/-



## નવલકથાના અંશો

# રચાતી નવલકથાના અંશો : સોનાની દ્વારિકા

■ હર્ષદ ત્રિવેદી ■

ગ્રામપંચાયતની ચૂંટણીના પડઘમ વાગવા શરૂ થયા. સખપરનો તો કાયમનો વણલખેલો નિયમ કે સરપંચ તો ગંભીરસિંહ જ હોય. કોઈને બીજો વિચાર જ આવે નહીં ! બાપુ કહે તે સભ્યો ને બાપુ કહે તે કારોબારી. ક્યાંય કોઈ વિરોધ નહીં, અવિશ્વાસ નહીં કે નહીં અસંતોષ. પણ એક વાત ખરી કે બાપુ મોટામાસ્તરને પૂછ્યા વિના ડગલુંય ન ભરે. સભ્યો ખરા, પણ બધા કાગળ ઉપર. જ્યાં કહો ત્યાં સહી કરી આપે. બીજી કોઈ લપ્પનછપ્પનમાં પડે નહીં !

સવારે દસ - સાડા દસના સુમારે જીપ આવી. ધૂળિયા રસ્તા તે કોઈ પણ વાહન આવે તે પહેલાં જ એનો વંટોળ ગામમાં આવી જાય. દૂરથી જીપ જોઈને જ ગામલોકો ઓળખી જાય, 'અરે આ તો અનોપચંદભઈની જીપડી...' નિશાળની સામે જ પંચાયત ઑફિસની ઓરડી. એટલી નાની જગ્યામાં તો બધા સમાય નહીં ને અનોપચંદભાઈની એવી ટેવ કે ભાગોળના પીપળાના ઓટલે બેસીને જ ચા-પાણી કરતાં કરતાં બધા સાથે ખુલ્લી ચર્ચા કરે. કોઈ ગંદું-ખંધું રાજકારણ નહીં, મારા-તમારાનો ભેદ નહીં. બધું એટલે બધું જ ખુલ્લું. ક્યારેક કોઈ વાત સમયથી પહેલાં જાહેર કરવાની ન હોય ને અમુકને કહેવું જરૂરી હોય તો એક બાજુ લઈ જઈને ઇશારામાં સમજાવી દે !

અનોપચંદભાઈ એટલે આખા તાલુકાનો પ્રાણ. પ્રમાણમાં મધ્યમ કાઠી. વાન થોડો શ્યામ. ખાદીનાં વસ્ત્રો એમને શોભે એવાં બીજાને કદાચ ઓછાં શોભે. સફેદ ઝભ્ભો, ધોતિયું અને બંડી. અણીદાર નાક સાથે સ્પર્ધા કરે એવી જ અણીદાર ચાંચવાળી ટોપી. ટોપી કાઢે ત્યારે ટાલમાં પૂનમનો ચંદ્ર ચમકી ઊઠે ! ઊભા હોય કે બેઠા હોય, એ હોય ત્યારે આખું વાતાવરણ એમની પરકમ્મા કરે. ધીરેથી બોલે પણ સ્વર મક્કમ. મોટેભાગે તો ઉપરપડતી એમની આંખો જ બોલે. ડોકું ધુણાવવાથી કામ થતું હોય તો શબ્દ ન ઉચ્ચારે ને એક શબ્દથી પતતું હોય તો આખું વેણ ન બોલે. આ વખતે એમની ઇચ્છા એવી ખરી કે પહેલી વાર, પછાતવર્ગમાંથી કોઈ સરપંચ થાય તો સારું, પણ કોઈ જાતની બળજબરી નહીં. વાત સાંભળીને ગમ્ભા થોડા ઓઝપાયા. એમને થયું કે આટલાં વરસથી હું સરપંચ છું. હજી સુધી નહીં કોઈ ચોરીચપાટી, નહીં કોઈ ફરિયાદ, બધું બરાબર તાલોતાલ ચાલે છે અને અનોપભાઈનું એકેય વેણ કોઈ દિ' ઉથાપ્યું નથી તો પછી આમ કેમ ? શું આમ જ અડધે રસ્તે બધું છોડી દેવાનું ? પણ અનોપચંદભાઈ સામે દલીલ

કરવાનું એમનું ગજું નહીં, એટલે કહે કે -

'તમ્યે કયો ઈમ... પણ આ બારામાં મોટામાસ્તરની સલ્લાહ શું પડે સે ઈ જાણવું જોવ્વે !'

અનોપચંદભાઈની આંખ ફરી અને પંચાયતનો પટાવાળો જસુ સીધો જ નિશાળે પહોંચ્યો. જઈને કહે -

'સાયેબ, સાયેબ ! તાલુકાપ્રમુખ અનોપભાઈ આઈવા સે ને તમને બોલાવે સે. અબઘડી હાલો !'

કરુણાશંકર માસ્તરે કહેવડાવ્યું -

'એમને કહેજે કે નિશાળ છૂટે પછી, એટલે કે સાડા બાર પછી માસ્તર આવશે. ત્યાં સુધી વાટ જોવી પડશે.' વળી ઉમેર્યું કે 'આપણા ઘરેથી ચાપાણી લેતો જાજે. તારી બેનને કહેજે એટલે બનાવી આપશે.'

નિશાળની બાજુમાં જ હેડમાસ્તરનું ક્વાર્ટર. એમનાં પત્ની ઉમાબહેનને આખું ગામ 'બેન' કહે. જસુએ ના પાડતાં કહ્યું -

'સાયેબ ! ગમ્ભાબાપુની ડેલીએથી ચાપાણી તો ચ્યારનાંય આવીન્ પતીયે જ્યાં...' જસુ સીધો જ પાછો ગયો.

જઈને એણે માસ્તરે આપેલા સમાચાર આપ્યા, એ સાંભળીને બધા સડક થઈ ગયા, પણ અનોપચંદભાઈ હસી પડ્યા ! એમણે ડાબા હાથની બાંય ઊંચી કરીને ઘડિયાળ જોઈ. હજી બીજો કલાક - દોઢ કલાક થઈ જશે એમ લાગ્યું એટલે જસુને કહે કે -

'માસ્તરને જઈને પૂછ કે પાંચ-દસ મિનિટનું જ કામ છે, તે હું ને ગમ્ભા નિશાળે જ આવી જઈએ તો ?'

જસુએ પાછી હડી કાઢી. માસ્તરનો જવાબ હતો કે -

'નિશાળ બાબતે કંઈ કામકાજ કે પૂછગાછ હોય તો જરૂર આવો !'

જવાબ સાંભળીને અનોપભાઈએ મોં મલકાવ્યું અને નિરાંતની પલાંઠી વાળી ! પછી જસુને કહે કે -

'જા...ઈ એકના બે નહીં થાય ! તું માસ્તરના જ ઘરે જા.. ત્યાંથી બીજી ચા લઈ આવ ! બેનને કે'જે કે અનોપભાઈ આવ્યા છે...'

જસુ ગયો એટલે અનોપભાઈએ બધાંનાં ખબરઅંતર પૂછવાં શરૂ કર્યાં. એકેએકને નામ લઈને બોલાવે. આખા તાલુકાના તમામ માણસોને અંગત રીતે ઓળખે. જીપ લઈને ક્યાંક જતા હોય ને રસ્તે જતાં કોઈને દેખે તોય ડ્રાઈવરને કહે કે ફલાણાભાઈને લઈ લે ! ગમ્ભાભાઈએ તળશ્યાની મા રામીની વાત કરી. અનોપભાઈ ખુશ થઈ ગયા. કહે કે,

'તમે અને માસ્તરે એક ઘર બચાવી લીધું એ સારું કર્યું. એ બાબતમાં કંઈ નવું જાગે તો કહેજો !'

નિશાળનો ઘંટ વાગ્યો... બધાં છોકરાં દડબડ દડબડ કરતાં નીકળ્યાં એ પછી થોડી વારે માસ્તર પીપળાવાળા ઓટે આવ્યા. અનોપભાઈએ ઊભા થઈને એમને



આવકાર્યા. બેય હાથ પકડીને પોતાની બાજુમાં બેસાર્યા. બેયની ખાદી સફેદી અંગે એકબીજીની હરીફાઈ કરતી હતી. માસ્તરે ટેવ મુજબ ઢીંચણ ઉપર ટોપી ભરાવી, તો અનોપચંદભાઈથી પણ ન રહેવાયું. એમણે પણ ટોપી ઉતારતાં પોતાના માથે હાથ ફેરવ્યો. વાતાવરણ એકદમ શાંત થઈ ગયું. આમ પણ મોટા માસ્તરની હાજરીમાં કોઈ હોઠ ખોલવાની હિંમત ન કરે, એમાં ઉમેરાયા તાલુકાપ્રમુખ ! એટલે આમન્યાનો ભાર આપોઆપ વધી જાય ! બધાની નજર એ બે ઉપર જ હતી. શું બોલ્યા કે શું બોલશે ? ગંભીરસિંહનું મોઢું થોડું લેવાઈ ગયું હતું એ માસ્તરની નજર બહાર ન રહ્યું. એમણે તરત જ પૂછ્યું -

'અરે ગમ્ભા ! અનોપભૈને ચા-પાણી પાયાં કે નંઈ ?'

ગમ્ભા કહે કે - 'આ હમણે છેલ્લો ચા પીધો ઈ અમારાં બેને જ બનાવીને મોકલ્યો'તો !' અનોપભાઈએ માસ્તરની મજાક કરી -

'તમે મોડું કરાવ્યું ન હોત તો તમારા ઘરની ચા બચી ગઈ હોત ! મેં જ મારાં બેન પાંહેથી મંગાવીને હમણાં જ પીધી !'

મોડું કરાવવાવાળી વાતને સાંભળ્યા વિના જ હળવે રહીને માસ્તરે પૂછ્યું.

'મજામાં છો અનોપભાઈ ? આજે ભલું સખપર યાદ આવ્યું ! અહીં તો બધું બરાબર ચાલે છે. તમારે કેવું છે ?'

'હમણાં મેં રાજ્ય સરકારની એક યોજના ગોતી કાઢી. યોજના તો ઘણા વખતથી છે. પણ કોઈને એનો અમલ કરવાનું કે લાભ લેવા દેવાનું સૂઝ્યું નહોતું. એ યોજનામાં સખપર, રાપર, ગોદાવરી અને દાજીપુરા માટે નિશાળના ચાર ચાર ઓરડા મંજૂર કરાવ્યા. હવે તમે કરો તૈયારી. હું ઓવરસિયર તલસાણિયાને મોકલું છું. પ્લાન - નકશા તમારી મરજી મુજબ થાશે. તમે, ગમ્ભા અને તલાટી મળીને કઈ જગ્યાએ ઓરડા ઉતારવા છે એ નક્કી કરો, પછી મને કહો.'

તલાટી નવીનભાઈએ હકારમાં માથું ધુણાવ્યું એટલે અનોપભાઈ આગળ બોલ્યા,

'મારા હિસાબે તો હાલની નિશાળની સામે જ ચાર ઓરડા કરીએ તો વચ્ચેનું મેદાન મળી રહે. કોરેમોરે તમારે જે બગીચા જેવું કરવું હોય એ પણ થાય. ભવિષ્યમાં માસ્તરના ક્વાર્ટર પાસે ત્રણ ઓરડા બીજા કરીએ તો નિશાળને એક આકાર મળે અને રળિયામણુંયે લાગે. પછી તો તમારી સહુની મરજી. જેમ કહેશો એમ કરી આપશું.'

ગમ્ભાનો ઉત્પાત છાનો ન રહ્યો. નિશાળની વાત પતી એટલે તરત બોલ્યા,

'કદાચ મોટાસાહેબને પંચાયતની ચૂંટણીની ખબર્ય નથી લાગતી.'

વચ્ચેથી જ વાત ઉપાડી લેતાં માસ્તરે અનોપભાઈ સામે જોયું ને કહે,

'આ વખતે તો પંચાયત પછી તરત જ ધારાસભા આવશે, વચ્ચે સમય ઘણો ઓછો રહેશે એવું લાગે છે. તમારી પાસે શું વાવડ છે ?'

'હા, લગભગ એવું જ. માસ્તર તમે ને ગામના આગેવાનો સંમત થતા હો તો મારો એક વિચાર છે કે આપણે સખપરને એવી રીતે આગળ કરીએ કે રાજ્ય માટે પણ દાખલારૂપ બની રહે ! બને તો કોઈ પછાત વર્ગનાને સરપંચપદુ આપીએ તો ગમ્ભાનો

ભારેય હળવો થાય !'

અનોપચંદભાઈ બોલી રહ્યા એટલે માસ્તરે ઊંડો શ્વાસ લીધો અને ધીરેથી બોલ્યા.

'એનો મતલબ હું એમ કાઢું કે તમારું આગળ જવાનું પાકું !'

અનોપભાઈ હળવેથી પણ મર્માળું હસ્યા. ગંભીરસિંહને કંઈ સમજાણું હોય એવું લાગ્યું નહીં એટલે માસ્તરે એમનો હાથ પકડીને શાંત રહેવા સૂચવ્યું અને વાત આગળ ચલાવી.

'પછાત વર્ગમાંથી એટલે તમારા મનમાં કોણ છે ?' માસ્તરે પૂછ્યું.

'એમ છે કે વણકર સમાજમાંથી કોઈ આગળ આવે તો ઠીક રહે. નામ તો તમે આપો એ !' તરત જ લાગલું ઉમેર્યું, 'દાનો કેમ રહે ?'

માસ્તર ઊંડા વિચારમાં પડી ગયા હોય એમ લાગ્યું. જાણે કોઈ મરજીવો ડૂબકી મારીને મુઠ્ઠીમાં મોતી લઈને ઉપર આવે એમ એમણે આંખ ખોલી અને બોલ્યા.

'મારા હિસાબે તો એમ લાગે છે કે તમે જે કરવા ધારો છો તે એક લસરકે જ કરવું જોઈએ, આપણે એથી પણ આગળ જઈએ. કોઈ દલિત યુવાનને આગળ કરીએ. તુલસી ઠીક રહેશે. મેં જ એને ભણાવ્યો છે. કામમાં આળસ નહીં અને સમજદાર પણ ઘણો. વધારામાં આપણે ગમ્ભા અને તલાટી નવીનભાઈ ઉપર પણ આધાર રાખી શકીએ. જોકે નવી ભૂમિકા પ્રમાણે ગમ્ભાય નવરા નહીં પડે, પણ એ તો થઈ રહેશે બધું !'

અનોપચંદભાઈના ચહેરા ઉપર ખુશીની લહેરખી ફરી વળી. ગંભીરસિંહને આ નવી ભૂમિકામાં કંઈક રહસ્ય જણાયું, પણ ચૂપ રહ્યા. અનોપભાઈએ જીપમાં બેસતાં બેસતાં કહ્યું કે 'આ પ્રમાણે આગળ વધીએ છીએ બરાબરને ?' માસ્તરે હકારમાં માથું ધુણાવ્યું અને આવજો કહ્યું. જીપની પાછળ કેટલાંક છોકરાંઓ ક્યાંય સુધી દોડતાં રહ્યાં. જીપની સ્પીડ વધી એટલે બધાં ધૂળ ધૂળ થઈને પાછાં વળી ગયાં.

હજી ગામલોકો વિખરાયા ન હતા. માસ્તરે જ પહેલ કરી. 'જાઓ હવે સહુ સહુનાં કામે વળો'. માસ્તરની પાછળ ગમ્ભા વગર કહ્યે ચાલવા લાગ્યા. નિશાળનો ઝાંપો આવ્યો એટલે બંને ઊભા રહ્યા. ગમ્ભા કંઈ બોલે એ પહેલાં જ માસ્તરે કહ્યું -

'જે થશે એ સારું જ થશે. તમે હમણાં ધીરજ રાખજો. આજે સાંજે આપણે તુલસી સાથે વાત કરી લઈએ. તમે પાંચેક વાગ્યે આવો.'

ગમ્ભા કંઈક ઊંચા જીવે ગયા પણ માસ્તરે કોઈ ફોડ પાડ્યો નહીં !

સાંજે ગમ્ભા આવ્યા ને માસ્તરના ફળિયે ખાટલામાં બેઠા. માસ્તરે પોતાની આરામખુરશી મંગાવી ને બેસતાં બેસતાં જ પૂછ્યું :

'તુલસી કાં ન આવ્યો ?'

'આવે છે હમણાં, મેં એને સમાચાર મોકલ્યા છે...' હજી તો બંને જણ બેસે છે ત્યાં જ તુલસી આવ્યો. માસ્તરના પગ આગળ બેસી ગયો. માસ્તરે અંદરથી ખુરશી મંગાવી અને તુલસીને બેસવા કહ્યું. તુલસી તો આશ્ચર્યમાં પડી ગયો. સાહેબની સામે મારાથી ખુરશીમાં બેસાય ? જમીન પરથી ઊભો ન થયો. 'આંયા ઠીક છે...' એમ કરીને બેઠો રહ્યો. માસ્તરે એને હાથ પકડીને ઊભો કર્યો અને કહે કે,



'જો હવે અમે તારા માટે ખુરશીની વ્યવસ્થા કરી જ દીધી છે. ગમ્ભા, તમે જરા વિગતે વાત કરો એટલે તુલસીને પાકી સમજ પડે !'

હવે ગંભીરસિંહનો છૂટકો નહોતો. માસ્તર એમના મોઢે જ વાત કઢાવવા માગતા હતા. પરિસ્થિતિ સમજી જઈને એમણે વાત શરૂ કરી.

'જો તુલસી ! હવે તારે સરપંચ થાવાનું છે. બધાનો એવો વિચાર છે કે આ વખતે પછાતવર્ગમાંથી જ કો'કને લેવો. મોટાસાયેબનું મન તારા ઉપર ઠર્યું અટલ્યે તને અટાણે બોલાવ્યો ! આવતા અઠવાડિયે ફોરમ ભરવાનું સે...'

ગમ્ભાની વાત સાંભળીને તુલસીનું તો મગજ ભમવા લાગ્યું ! જાણે નવખંડ ધરતી ગોળ ગોળ ફરતી હોય એવું લાગ્યું. એક ક્ષણ તો એને લાગ્યું કે આખા ગામનો ભાર જાણે કોઈકે એના માથે મૂકી દીધો છે ! તરત જ આંખમાં આંસુ આવી ગયાં. ગમ્ભા સામે જોઈને કહે કે -

'બાપુ, શીદને અમ જેવા ગરીબની મશ્કરી કરો છો...? સરપંચ તો તમે જ છો ને તમે જ રે'વાના ! હું તો તમારા જોડાની ધૂળ બરોબરેય નો કહેવાઉં. તમારા ને સાહેબના પ્રતાપે રોટલો મળી રહે એટલું ભણ્યો. બાકી તો લમણે મજૂરી જ હતી ને ?' એ સાચે જ ઊભો થઈ ગયો.

હવે માસ્તરે દોર હાથમાં લીધો. 'જો તુલસી ! ગાંધીજી ઇચ્છતા હતા એવી સાચી લોકશાહી હવે આવશે. બધાં સમાન. સુધારો આપણે નહીં લાવીએ તો કંઈ બહારથી થોડો આવવાનો ? ગમ્ભા જે કહે છે એ ઠીક જ કહે છે. અમે બધા તારા ટેકામાં છીએ. તું તારે આગળ વધ. હિંમત કર. ઉમેદવારી કર. ફૉર્મમાં ગમ્ભા જ પહેલી સહી કરશે.'

ગમ્ભાને થયું કે માસ્તરે મને ખરો કૂવામાં ઉતાર્યો ! પણ ગુરુ આગળ શું બોલી શકાય ? વળી માસ્તરનો કડપ જ એવો કે મનમાં ગોઠવેલું હોય તોય બધું ભૂલી જવાય ! હવે તો તુલસી જ એકનો બે નો થાય કે ખાબધી ના ભણે તો જ કંઈક બને.

તુલસીએ ઊભાં ઊભાં જ માસ્તરને કહ્યું, 'સાહેબ ! તમે કયો તો તમારા વચને હું ઊભો ને ઊભો હળગી જઉં... જીવતર ખારું કરી દઉં, પણ આપડાથી આ રાજકરણનું નંઈ થાય... બાપુ જ સરપંચ ! અન્નદાતાની આમન્યા... હું સરપંચ થઈને ગામમાં કયા મોઢે નીકળું ?' તુલસી જાણે મોટું પાપ થઈ ગયું હોય એમ વલોપાતે ચડી ગયો. 'બાપુ હોય ને હું સરપંચ ? મને તો એવું બોલતાંય જીભે કાંટા વાગે !'

એની વ્યથા અને મૂંઝવણ માસ્તર સમજી ગયા. અવાજ ગંભીર કરીને કહે કે 'એનો મતલબ એમ કે તું ગમ્ભાનું ભલું ઇચ્છતો નથી ! જો તુલસી, તારા માટે આ સમય અમૂંઝણનો છે એ હું જાણું છું. તારા મનની વાત હું ન જાણું તો કોણ જાણે ? પણ, આ આરંભનું ટાણું છે ને એમાં તારી જરૂર છે. ગમ્ભા સરપંચ નહીં થાય તો બીજું કંઈક થાશે. હું બેઠો છું ને !'

હવે ગમ્ભાના કાન ચમક્યા. એમને વાતમાં હવે કંઈક સમજ પડી, પણ કશુંક ઊંડું છે એમ ધારીને મૂંગા રહ્યા. એમણે માસ્તર સામે જોયું ને કશુંક વાંચવાની કોશિશ કરી. માસ્તરને થયું કે હવે બેયને થોડા હળવા કરવા જોઈએ. એટલે ગામના સરપંચ

ગંભીરસિંહનો નહીં, પણ પોતાના વિદ્યાર્થી ગમ્ભાનો હાથ પકડીને કહ્યું કે,

'તમારે તો હવે આખો તાલુકો સંભાળવાનો છે ! અનોપભાઈ તો હવે ધારાસભામાં જવાના. એમની જગ્યાએ તમારે કામ કરવાનું છે. આપણે આપણા ખભા ઉપર જ વિકાસ કરવાનો છે. આપણે બધાં એક સમજણ સાથે કામ ઉપાડી લઈએ તો હજી ઘણું કરવાનું છે. છેલ્લામાં છેલ્લા માણસ સુધી પહોંચવાનો આ એક જ માર્ગ છે. તુલસી એમાં એક નમૂનારૂપ ઉદાહરણ બને એમ ઇચ્છીએ. તમારો અનુભવ, ગામનો સહકાર, તુલસીની મહેનત અને અનોપભાઈની કુનેહનો સંગમ થાય તો ઝાલાવાડ જરૂર બે પાંદડે થાય !'

'અમે આ બધું કરશ્યું તો તમ્યે શું કરશ્યો ? સાયેબ તમારા વિના તો અમે એકડા વિનાનાં મીંઈ...ડાં !' ગમ્ભાના ગળે જાણે ડૂમો ભરાઈ આવ્યો.

'જુઓ હું સીધી રીતે તો ક્યારેય રાજકારણમાં નહીં આવું. મારું એ કામ પણ નથી. મારું કામ તો કેળવવાનું છે. માત્ર વિદ્યાર્થીઓને જ નહીં, સમગ્ર વાતાવરણની કેળવણી મારી ફરજમાં આવે. પણ તમારા ઉપર મારી દેખરેખ રહેશે. તમે જ્યારે ખોટાં કામમાં હાથ નાખશો ત્યારે ધોળે દિવસે બત્તી ધરીશ ! અને તોય નહીં માનો તો લોકમત કેળવીને પાછા ઘરે બેસાડી દઈશ.'

માસ્તરે ઊભા થઈ જઈને જાણે કે વાત પૂરી થઈ ગયાનો સંકેત આપ્યો. સ્વાભાવિક રીતે જ ગમ્ભા વાંકા વળ્યા ને એમનો હાથ માસ્તરના પગ સુધી પહોંચે એ પહેલાં તો તુલસીએ માસ્તરના જમણા પગના અંગૂઠાનો સ્પર્શ કરી લીધો....

* *

પેમામારાજના ઘરથી સીધી પાટીએ જાવ પછી બે શેરી વટાવીને જમણી બાજુ વળો એટલે આવે પગીવાડો. કેટલાંક એને કોળીવાડો પણ કહે. લોકો કહે છે કે પગની છાપ ઉપરથી ચોર પકડી પાડે કે પગેરું કાઢી આપે એવા પગીઓ હવે રહ્યા નથી, અને ચોરી પણ માત્ર પગીઓનો જ ઇજારો રહી નથી. ચોરી કરવાની રીતો પણ બદલાઈ ગઈ છે. કહેવાય પગીવાડો, પણ ત્યાં બીજી ન્યાતનાંય ઘર ખરાં. કાળુ કુંભારનું ઘર પહેલું આવે. ખરો પગીવાડો તો બોથાભાઈના ઘરેથી જ શરૂ થાય ને પાછળના પાદરડા પાસે પૂરો થાય. છેલ્લું ઘર સધરા બાવળિયાનું. સધરાડોહા, ડોહા તો હમણાં થયા, પણ જુવાન હતા ત્યારે હતા રંગીન મિજાજના. વડોદરા બાજુ કમાવા ગયેલા ત્યાંથી કોઈ બાઈને લાવેલા, પણ એ વખતે મોંઘીડોશીએ બરોબરનો પરચો બતાવેલો. ડોહાને ખરેખર સધરામાંથી લઘરા જેવા કરી દીધેલા ને પોતે મોંઘાં થઈને રહેલાં. પેલી બાઈ તો આવી એવી જ નાસી ગઈ !

બોથાપગીની આમ ધાક ઘણી, પણ એમને લગભગ બધાં વહાલથી તુંકારે બોથિયો કહીને બોલાવે. નાનેરાં હોય એ બોથોભઈ કહે. બોથાનો દેહ પડછંદ. છાતી તો બે માણસની. એકદમ ચોખ્ખો વાન. મોટી આંખો ને નાક-નકશી અણિયાળી. મૂછોના આંકડા ચડાવેલા જ રાખે. લેંઘા બનાવવાના કામે લાગે એવું ઊભા પટ્ટાવાળું મિલનું પાંચ મીટર કાપડ લે. ચારેય કોર વાદળી પોપલીનની ગોટ મુકાવે. એને ધોતીની જેમ પહેરે. કાછડીનો એક છેડો ધજાની જેમ ત્રિકોણાકારે હવામાં ફરક્યા કરે. એના ઉપર



લાંબી ચાળનું, આખી બાંયનું કૉલરવાળું. મોટે ભાગે તો આસમાની રંગનું પહેરણ. એના ઉપર કાળી બંડી, એમાં ઘૂઘરી સાંકળીવાળાં ચાંદીનાં બટન. બંડીના ગાજમાં બીજી સાંકળી સાથે લાઇટર. લાઇટર બંડીના ખિસ્સામાં. બોથિયાના માથે, નીચે પહેર્યું હોય એવું જ પટ્ટાવાળું પણ જૂનું-ઘસાયેલું ફાળિયું. ફાળિયું એવી રીતે બાંધે કે જમણો કાન ઢંકાઈ જાય ને વચ્ચોવચ નાનું એવું છોગું નીકળે. હાથમાં કડીયાળી ડાંગ અથવા ધારિયું. નાનાં છોકરાંઓ તો એને જોઈને જ બી જાય ! પગમાં ચઈડવાળા જોડા ને એમાં વળી લાલ મોજાં. કાનમાં અત્તરનો ફાયો તો હોય જ. બોથો શેરીમાંથી પસાર થઈ જાય પછી પણ ફંટાસિયાની સુગંધ ક્યાંય સુધી અટવાતી રહે. કોળી પહેરે એવો આ પોશાક ભૂલી જાવ તો કોઈ એને કોળી માનવા તૈયાર ન થાય. અદ્દલ ગરાસિયો જ જોઈ લો ! બોથાનો બાપ ખોડો પગી ને એની મા ગજરી પગિયાણી મેરુભાના દરબારગઢમાં કામ કરતાં. કહેવાય છે કે પગિયાણી રૂપાળાં બહુ ને કાયમ દરબારનો જ રોટલો ખાધેલો તે ઈનોય કો'ક અંશ તો આવે જ ને ?

તમને થશે કે આ બોથિયામાં એવું તે શું છે કે હું એની વાત માંડી બેઠો ? બોથાભાઈ અમારા ગામના મોટા અભિનેતા. એ જો મુંબઈમાં લાંબું ટકી ગયા હોત ને એ વખતે ફિલ્મલાઇનના કોઈ ધુરંધર મરમી માણસની નજરે ચડ્યા હોત તો દિલીપકુમારને નબળા નકલખોરોને બદલે એક સાચો હરીફ મળ્યો હોત ! બોથોભાઈ નવરાત્રિની નવેય રાત રમે. અંબાજીના ચોકમાં રોજ નવા નવા ખેલ ભજવાય. બૈરાં-છોકરાં સહિત આખું ગામ ગામ ચોકમાં ભેગું થાય. ઠંડીની શરૂઆત થઈ ગઈ હોય ને આખી સીમનાં ખેતરોમાં પાણી પવાયું હોય એટલે આમેય ઠંડો પવન વધુ વાય. ઘરેથી બધાં કંતાનના કોથળા લઈને આવે. પાથરીને બેસે. દાબળા ને પછેડીઓ ઓઢી હૂંફ સાચવવા ઘોઘોમોઘો કરીને બેસે. અમુક બાઈઓ તો ધાવણાં છોકરાંનેય લઈને આવી હોય. વાતાવરણમાં ચારેકોર ઉત્તેજના ફરી વળી હોય. સહુને કુતૂહલ હોય કે આજે કયો ખેલ થશે ?

ચોરામાં આડો પડદો બાંધીને એની પાછળ બધા ખેલ કરનારાઓ શરીર પર બોદારની માટી ચોપડીને તૈયાર થતા હોય. અંદર જવાની મનાઈ હોય. પણ છોકરાંઓની ઉત્સુકતા જબરી. ગમે તેમ કરીને ચોરાના ઊંચા ઓટા ઉપર ચડી જાય. પડદો ઊંચો કરીને કે કલાકારો કંઈ લેવા-મૂકવા આવે ત્યારે અલપઝલપ જોઈ લે. વસ્ત્રો ઉપરથી ખ્યાલ ન આવે કે કોણ કયો પાઠ ભજવશે. પણ અનુમાન કરવાની મજા આવી જાય. બીજું તો કંઈ નહીં, પણ જેણે ઘાઘરો-પોલકું પહેર્યાં હોય એ સ્ત્રીનો પાઠ લેશે એટલું તો નક્કી. છોકરાંઓને એ વાતનું ભારે અચરજ કે ભાયડા તે વળી કેવી રીતે બાયડી બની શકે ? એમાંય જાદવજી મેરાઈનો પરસોત્તમ ઉર્ફે પશ્યો સ્ત્રી બને એની તો બહુ જ નવાઈ. પશ્યો એવો તો શણગાર સજે કે ભલભલાને ભુલાવામાં નાંખી દે ! નકલી વાળનો લાંબો ચોટલો, ચોટલામાં ચાર ચાર ફૂલ, ગાલ ઉપર લાલી, એવા જ લાલ રંગેલા હોઠ, હાથમાં બંગડીઓનો પાર નહીં ! ચાલે ત્યારે પાતળી કમર પર ઘેરદાર ઘાઘરો લચક લે ! પોલકું તો એના બાપા જાદવજી જ સીવી આપે. અંદર ભરવાના દટ્ટા પશ્યો કપાસમાંથી બનાવી લેતો. ઓઢણી માથે ગોઠવીને બંને બાજુ પીન ભરાવે. સાડીની પાટલી એવી લે

કે બૈરાંઓય જોતાં રહી જાય. ગીત ગાય ત્યારે એનો અવાજેય કૂણો થઈ જતો.

કોઈએ એકલી ચોયણી પહેરી હોય, કોઈ ચોયણી ઉપર પોલકું પહેરીને વળગણી ઉપરથી ઘાઘરો ગોતતું હોય, તો કોઈ વળી બધો મેકઅપ થઈ ગયા પછી બીડી પીતું હોય, કોઈને મુગટ જડ્યો હોય પણ માળા કે કુંડળ ન જડતાં હોય ! ચારેકોર લૂગડાં જ લૂગડાં ! નીચે પતરાની ટંકડીઓમાં શણગારની સામગ્રીઓ આમતેમ રડવડતી હોય ! અરીસા માંડ એકાદ - બે ને બધાને એની જરૂર. મજાકમસ્તી ચાલતાં હોય. એક ખૂણામાં તલવાર, ભાલા, ત્રિશૂળ, ગદા, તીરકામઠાં વગેરે હથિયારો પડ્યાં હોય ! કોઈ વળી પોતાના પાઠને પાકો કરતું હોય ! ખેલમાં વ્યવસ્થા લાવતાં પૂર્વે કેટલી બધી અવ્યવસ્થા સર્જવાની !

બોથોભાઈ અભિનયનો બાદશા. મહાદેવ રામચંદ્ર જાગુષ્ટેની સચિત્ર ચોપડીના બધા પાઠ મોઢે. મુખ્ય પાત્ર સિવાયનો કોઈ પાઠ ભજવે કે સ્ત્રીનો વેશ લે તે બોથોભાઈ નહીં ! વચ્ચે વચ્ચે ચોપડીમાં ન હોય એવા એવા સંવાદોય બોલી નાંખે. ક્યારેક સામા પાત્રને મૂંઝવણમાંય મૂકી દે. પણ જો એમ લાગે કે ગૂંચવાય છે તો બધું ઉકેલતાંય આવડે ! આજ જે પાઠ લીધો હોય તેનાથી તદ્દન જુદો પાઠ કાલે લેવાનો. બોથોભાઈ એટલે મેનેજર, દિગ્દર્શક, અભિનેતા, ડિઝાઈનર બધું જ. આબેહૂબ વેશ એ એની ખૂબી. રાણકદેવીના ખેલમાં એ રા'ખેંગાર થાય 'તલવાર મારી ચકચકે રુધિર તારું ચાખવા...' કહીને મ્યાનમાંથી તલવાર ખેંચે ને પડકાર કરતો પટમાં પડે ! તલવાર તો એવી સમણે કે સિદ્ધરાજે જીતવાનું હોવા છતાં એક ક્ષણ તો એનાં હાંજા ગગડી જ જાય !

પશ્યો રાણી ચંગાવતી થયો હોય ને બોથાભાઈ થાય શેઠ શગાળશા. બે ય જણા ખાંડણિયામાં કુંવર ચેલૈયાનું માથું ખાંડતા જાય ને હાલરડું ગાતા જાય - 'મારે હાલરડે પડી હડતાળ કુંવર ચેલૈયા... ચેલૈયા રે કુવર ખમ્મા ખમ્મા તું ને !' એ વખતે જાણે દિશાઓ પણ હીબકે ચડી જતી. 'હરિશ્ચંદ્ર-તારામતી'માં મૃતપુત્ર રોહિતની અંતિમક્રિયા માટે શ્મશાનમાં આવેલી રાણી સામે ખડગ ઉગામતી વખતે પિતાની પીડા, ફરજની મક્કમતા અને સત્યની ચમક ત્રણેય જોવા મળે. 'ભિક્ષા દે ને રે મૈયા પિંગળા...' કરીને પોતના જ મહેલે 'અલખ નિરંજન'નો નાદ દેતી વખતે, એના જેવો જોગી-વીતરાગી ને ગુરુની આજ્ઞાનું પાલન કરનારો સચરાચરમાં બીજો કોઈ નહીં પાક્યો હોય એમ લાગે. બોથો જોગીદાસ ભજવે ત્યારે, બેય આંખો પર હથેળીઓ મૂકીને મરચું ભરે ત્યારે ભલે બંને હાથ ખાલી હોય પણ આખા ગામની આંખોમાં બળતરા થતી. સિસકારા નીકળી જતા. જાણે આખું જગત થંભી જતું ! બોથોભાઈ રામાયણનો રાવણ અને મહાભારતનો કર્ણ.

મારા મનમાં એમનો કોઈ પાઠ છવાઈ ગયો હોય તો તે છે રામદેવપીરનો. પીરનો મુગટ પૂંઠાનો. જરી, સતારા ને ટીલડા-ટીલડીનો તો પાર નહીં. કપાળમાં ને કાન ઉપર લળકતાં મોતી. આખો મુગટ સાવ સોનાનો લાગે. ઢીંચણ સુધી આવતું, કમરમાંથી ઘેરદાર એવું લાલ મખમલનું અંગરખું ને એની નીચે સિલ્કનો ચમકતો સુરવાળ. દસેય આંગળીએ વેઢ. બંને હાથમાં બાજુબંધ ને કાંડિયા તો જાણે નગદ સોનાના. કમર



ઉપર બાંધેલો રૂપેરી લેસવાળો ગુલાબી ખેસ. ખભા ઉપર લીલો લટકતો ઉપરણો. ડોકમાં લાલ-ગુલાબી-લીલાં-કાળાં ને સ્ફટિક જેવાં મોતીઓની માળા. કાનમાં કુંડળ ને પગમાં રાજસ્થાની મોજડી. ડાબા હાથમાં ભાલો ને જમણો હાથ આશીર્વાદની મુદ્રામાં ! બોથોભઈ એટલે સાક્ષાત્ રામોપીર !

દરજી સંકટ જેલમાં પુરાયો છે ને રામદેવપીરને આજીજી કરે છે. રામદેવપીર એને બંધનમુક્ત કરે છે પણ કેવી રીતે ? દરજી જેલમાં, એટલે કે પડમાં વચ્ચોવચ ઘૂંટણિયે પડ્યો છે. ચારે બાજુનાં પ્રેક્ષકો સ્તબ્ધ ! દરજીની આજીજીની અવધિ આવી ગઈ એટલે કહે કે 'હે રણુંજાવાળા, મને નહીં છોડાવો તો તમને ધારશે કોણ ? માનશે કોણ ? તમ્યે તો અશરણના શરણ, મુજ બંદીની આપદા ટાળો !' બરાબર એ જ વખતે રામદેવપીરનો માત્ર ચહેરો દેખાય. બંને બાજુ બે જણ પડદો ધરીને ઊભા હોય. એ પડદો લઈને ક્યારે આવી ગયા હશે એની સરત ન રહે. કેમ કે એ વખતે પ્રેક્ષકો તો દરજીના વિલાપમાં જ ઓતપ્રોત હોય ! ધીરે ધીરે પડદો નીચે ઊતરે ને રામદેવજી પૂર્ણ રૂપે પ્રગટ થાય. રામદેવજીનો જમણો હાથ ઊંચો થાય ને દરજી સામે દૃષ્ટિ કરે, ત્યાં તો ચોકડી પાડીને ઊભેલા બે ભાલાધારીઓ ભાલા સમેત બેભાન થઈને ભોંય પર પડે. સર્વત્ર છવાઈ રહે અધમઉદ્ધારક રામોપીર !

વાણિયો ને વાણિયાણ જાતરાએ નીકળ્યા છે. એમની પાસેનો કીમતી માલ દેખીને ચોરટાઓ પાછળ પડે છે. જાનમાલ બચાવવા વાણિયો રામદેવપીરની ટેક રાખે છે. સોગઠડે રમતાં રામાપીરને કાને એનો અવાજ સંભળાય છે. લીલુડો ઘોડલો ને હાથમાં તીર લઈને રામદેવપીર વાણિયાની વહારે ચડે છે. બોથોભાઈ બુલંદ અવાજે ગાય : 'આંખે કરું આંધળો ને ડિલે કાઢું કોઢ, ત્રણ ભુવનમાંથી ગોતી લાવું ચોર !' એ વખતે બધાનાં રૂંવાડાં ઊભાં થઈ જતાં. કોની મગદૂર છે કે રામદેપીરના ખોફથી બચી શકે ?

આખું ગામ જાણે રામદેવપીરના આખ્યાનના ઘેનમાં હતું. સવારે સાત વાગ્યે વાયરાની જેમ વાત વહી કે બોથાપગીને પકડવા પોલીસ આવી છે. ગામમાં પોલીસ આવી છે એ વાતથી જ કેટલાકની બોલતી બંધ થઈ ગઈ ! આખા વાતાવરણમાં બેબાકળી બીક ફરી વળી. છોકરાંઓ તો ઘરમાં જ ભરાઈ ગયાં ! બધાં ખાનગીખૂણે પૂછ્યા કરે :

'હેં સું થ્યું સે ? બોથ્યાને ઝાલી જાવા કૂલેસપાલટી આવી સે ઈ હાચી વાત ?'

કોઈ વળી કહે કે, 'ગમ્ભા ગામમાં નથ્ય એટલ્યે સું થાહે ઈનું નક્કી નંઈ !'

'ય્મ વળી ગમ્ભા ચ્યાં જ્યા સે ? હજી કાલ્ય રાત્યે ખેલ જોવામાં તો બેઠા'તા વળી !'

'આજ હવારે જ નૂરાભૈની ઘોડાગાડીમાં જાતા જોયા ને ! મૂળીએ જ્યા સે કંઈક કામ હશ્યે તે...'

કોઈ સાચો જવાબ મળતો નહોતો, પણ પોલીસે બોથાભાઈના ઘરનો ખૂણેખૂણો જોઈ લીધો. બરાબરની જડતી લઈ લીધી. ઘરમાંથી તો કંઈ જડ્યું નહીં, થોડાંક તલવાર ધારિયાં ને એવાં હથિયાર મળ્યાં એને આધારે વૉરંટ બજાવ્યું. આ બધું થાતાંમાં બપોરનો એક વાગી ગયો. કહે છે કે લીંબડીમાં કોઈ વાણિયાના ઘરે મહિના પહેલાં ચોરી થયેલી.

એમાં બોથાભાઈનો સાળો સામેલ હતો તે પગેરું ઠેઠ અહીં સુધી આવ્યું ! બોથાભાઈની કોઈ વાત સાંભળી નહીં ને સીધી ધરપકડ !

બોથાભાઈના બેય હાથમાં બેડી. બાવડાં દોરડાથી બાંધેલાં. ભવાઈમાં પેલા સૈનિકો બે ભાલાથી પાડતા એવી પીઠ ઉપર દોરડાની ચોકડી પડે. એક પોલીસ આગળ, બે બાજુ બે ને પાછળ બીજા બે. બોથોભાઈ બધાની વચ્ચે ! અંબાજીનો ચોક આવ્યો ને બોથાભાઈ થંભી ગયા. આ એ જ ચોક કે જેમાં ગઈ રાત્રે જ બોથાભાઈએ રામાપીરના વેશમાં, 'ત્રણ ભુવનમાંથી ગોતી લાવું ચોર' એવો પડકાર કરેલો. એમના મોઢા પરનું પેલું તેજ જાણે ક્યાંક ચાલ્યું ગયું હતું. બોથાભાઈના મ્લાન ચહેરામાં હું પેલો ચમત્કાર શોધતો હતો. મને થાય કે હમણાં કંઈક એવું થાશે કે બેડીઓ તૂટી પડશે ને પોલીસો બધા બેભાન થઈ ઢળી પડશે ! હું ચમત્કારની રાહ જોતો રહ્યો ને પોલીસ એમને એ જ ચોકમાંથી ચલાવીને પાદર સુધી લઈ ગઈ. ત્યાં મિલેટરી રંગની ખટારી તૈયાર જ હતી. બોથાભાઈ ચૂપચાપ ખટારીમાં ચડી ગયા. ગટારીની જાળીના ગોળ કાણામાંથી દેખાતું એ મોઢું બોથાભાઈનું હતું, રામદેવપીરનું હતું કે પેલા ચોરનું ? એમની બદામ જેવડી પણ ફિક્કી પડી ગયેલી આંખોમાં શગાળશાનું સમર્પણ, ભરથરીનો ભેખ, જોગીદાસનું શૌર્ય અને રામાપીરની કરુણા બધું જ જાણે એકસાથે ડૂબી ગયું હતું.

ગામનો આખો દિવસ બેચેનીમાં પસાર થયો. સહુના મોઢે એક જ વાત કે -

'બોથાભઈ વિના ખેલ નો થાય.'

'આજથી નવરાત ભાંગી પડી. માતાજીના પારે નવેનવ રાત કેવા અસલ ખેલ થાતા. આટલાં વરહમાં પેલ્લી વાર ભંગાણ પડ્યું !'

'અરે ! ઈમ તે કાંઈ ખેલ બંધ નો રે ? બીજા બધા સે ને ? ઈ રમશે...'

'નો સું રે ? બંધ જ રે ને ? આજની રાત તો ઓઢા જામની. બોથ્યા વિના કુંણ તારો ભા ઓઢો થાશ્યે ?'

આમ ને આમ વાતમાં ને વલોપાતમાં સાંજ પડી. છોકરાંઓ 'ગરબડિયા ગોરાવો ગરબે જાળીડા મેલાવો જો..' અને 'ઘોઘા ઘોઘા ઘોઘ સલામ નાથીબઈના વીર સલામ...' કરતાં ગરબા અને ઘોઘા લઈને ફરી વળ્યાં. ગામને તો એમ કે આજે તો માતાજીની આરતી ને પાંચ ગરબા ગાઈને ગોદડાં ઓઢીને સૂઈ જ જવાનું છે. પણ આ શું ? અંબાજીના ચોકમાં તો એક પછી એક પેટ્રોમેક્સ ઝળહળવા માંડી ! જાણે કંઈ બન્યું જ નથી એમ રાબેતા મુજબ આરતીયે થઈ ને ગરબાયે થયા. થોડી વારમાં તો ભૂંગળ ને તબલાંય રમરમાટ બોલાવવા માંડ્યાં ! આખું પડ ગાજવા માંડ્યું ! રંગલાય આવ્યો ને રંગલીય આવી, 'વાવડી ખોદે રે ભરમો રામરામ જી રે' અને 'ભલા મોરી રામા ભલા તારી રામા'યે થયું અને બધાંની ઉત્સુકતા વચ્ચે ખેલની જાહેરાત થઈ કે આજે 'ઓઢો જામ' ભજવાશે. દોકડ-પેટી-મંજીરાં અને કાંસીજોડા બધાંએ ગતિ પકડી લીધી. બધાંની નજર બોથાભઈને શોધતી રહી. અચાનક જ -

'કોટે મોર કણકિયાં અને વાદળ ચમકી વીજ...
મારા રુદાને રાણો સાંભર્યો આ તો આવી અષાઢી બીજ !'



'ઢેનટે ટે ણેન... ઢેનટે ટે ણેન.. ઢેનટે ટે ણેન...' થયું ને સામેથી ઓઢો જામ ઉર્ફે બોથોભઈ પટમાં પડ્યો. બધાંની આંખો ચાર થઈ ગઈ... જાણે સ્વપ્ન જોતાં હોય એમ જોનારાં બધાં મીણની મૂર્તિ જેવાં થઈ ગયાં ! બધાંને લાગ્યું કે જાણે સવારની ઘટના બની જ નથી !

બીજે દિવસે સવારે ખબર પડી કે બોથાભાઈને ઝાલી ગયેલી પોલીસ સુરેન્દ્રનગર પહોંચે એ પહેલાં તો મોટામાસ્તરે પીપળાના ઓટે બેઠેલા કેશાબાપાને કહી રાખેલું કે 'ગમ્ભા આવે એવા સીધા જ મારી પાસે મોકલજો !' મૂળીથી આવેલા ગમ્ભા ગામમાં પગ મૂકે ત્યાર પહેલાં સીમમાંથી જ વાવડ મળી ગયેલા કે 'બોથો પુરાણો સંકટ જેલમાં...!' માસ્તર રાહ જોઈને જ બેઠા હતા. ગમ્ભાને કહે કે -

'અત્યારે આ ઘોડાગાડીમાં જ તમે સુરેન્દ્રનગર જાવ. રાતનો ખેલ બંધ ન જ રહેવો જોઈએ. આખા ગામને આઘાત લાગે એવું તે કંઈ થાય ? જાવ.. બોથાને જામીન ઉપર છોડાવી લાવો. એ ગુનેગાર હશે તો કાયદો કાયદાનું કામ કરશે. એમાં આપણે વચ્ચે નહીં પડીએ, પણ જામીનના અભાવે બોથો જેલમાં બાંધ્યો રહે એ બરાબર નહીં. એવું તો ન જ થવા દેવાય... ' આટલું બોલીને એક ઊંડો શ્વાસ લીધો ને પછી ઉમેર્યું,

'ગમે તેમ તોય એ કલાકાર છે. અભિનેતા છે ને પાછો આપણો છે. એ તો આ ગામમાં આવી પડ્યો, બાકી અમદાવાદ કે મુંબઈમાં હોત તો ઉપાડ્યોય ઊપડતો ન હોત ! સમજો ને કે નિયતિ બધા ખેલ કરાવે, પણ કલાકારનું કાળજું કોમળ હોય ! આપણે એને સાચવી લેવો જોઈએ. જરૂર લાગે તો ફોજદાર જુવાનસંગ બાપુને મારું નામ આપજો ને કહેજો કે માસ્તરે કીધું છે કે દિ' આથમ્યા પહેલાં બોથો ગામમાં આવી જાવો જોઈએ !'

❑

**ભૂલસુધાર**

'પરબ' મે-૨૦૧૭ના અંકમાં પાના નં.૩૦ પર શીર્ષક નીચે મુજબ વાંચવા વિનંતી :
"કીડી અને તીતીઘોડો"

વક્તવ્ય

# ધીરુબહેનનો પરિચય

■ નૌશિલ મહેતા ■

શ્રેષ્ઠીઓ અને મિત્રો,

ધીરુબહેનનો પરિચય આપવા માટે હું મહદ્ અંશે નાલાયક છું.

મારી નાલાયકીના ત્રણ પ્રકાર છે :

૧. આવા કાર્યક્રમમાં સાહિત્યકારનો પરિચય એ વ્યક્તિ કરાવે... જે એમની સાથે અંગત રીતે અથવા કાર્યક્ષેત્ર દ્વારા દાયકાઓથી સંકળાયેલી હોય.. અને આપ સહુને એ માહિતી આપી શકે.. જેનો ઉલ્લેખ કરતાં વિવેકી સાહિત્યકારને કદાચ સંકોચ થાય - દા.ત. એમની સિદ્ધિઓ અને લાક્ષણિકતાઓ. - હું છેક ૨૦૦૫માં ધીરુબહેનને પહેલવહેલી વાર મળ્યો - એટલે આમ જુઓ તો બા...૨ વરસ કહેવાય.. પણ તેમ જુઓ તો એમના આયુષ્યનો આઠમો ભાગ. તેમ જોઈએ, તો પહેલી લાયકાતમાં હું નાપાસ.

૨. પરિચય આપનાર સારો વક્તા હોવો જોઈએ. હું રહ્યો બૅક-સ્ટેજનો માણસ. સ્ટેજના પગથિયાં ચડતાં ટાંટિયા ધ્રૂજે. એટલે આપણા રામ ફરી નાપાસ.

૩. અહીં વાત વળી સાહિત્યની. સાહિત્ય માણતાં આવડે, પણ એ વિશે લખતાં કે બોલતાં ના આવડે. નાપાસ.

આમ ત્રિવિધ નાલાયકીનાં શિખરો સિદ્ધ કર્યા બાદ પણ તમારે મારો ધ્રુજતો અવાજ સાંભળવો પડે છે એનું કારણ છે ધીરુબહેન પોતે. એમની ઇચ્છા છે કે એમનો પરિચય હું આપું - આ મારી એકમાત્ર લાયકાત.

*

૨૦૦૩માં સુખ્યાત ચિત્રકાર મિત્ર ભૂપેન ખખ્ખરે વિદાય લીધી. ત્યારબાદ એમના મિત્રો જ્યારે મળે ત્યારે ભૂપેનની હાજરજવાબી વિનોદવૃત્તિને યાદ કરવાનું ન ચૂકે. વિનોદવૃત્તિ જ ભૂપેનનો ચાર્મ હતો, એમની જીવનસંગિની હતી અને એમની તલવાર પણ હતી.

૨૦૦૫માં હું ધીરુબહેનને મળ્યો ત્યારે શંકા તો ગયેલી પણ ૨૦૧૧માં મિત્ર મનોજ શાહે ધીરુબહેનનું નાટક ભજવ્યું ત્યારે ખાતરી થઈ. મનોજનો ફોન આવ્યો. પૂછે, 'દોસ્ત, તને નથી લાગતું, ધીરુબહેન વર્ષો પહેલાં મેળામાં ખોવાઈ ગયેલી ભૂપેનની બહેન છે ?' સહી પહચાના મેરે દોસ્ત !



અર્થાત્ હાજરજવાબી વિનોદવૃત્તિ ધીરુબહેનની પણ ચાર્મ છે, એમની જીવનસંગિની છે અને એમની તલવાર પણ ! - પણ જ્યાં ભૂપેનની રમૂજ ખડખડાટ હસાવે, ત્યાં ધીરુબહેનની રમૂજ કેટલીક વાર તો એટલી સૂક્ષ્મ હોય કે વાત પતી ગયા પછી બે-પાંચ મિનિટે ટેમ્પરામેન્ટલ ટ્યૂબલાઇટની જેમ અચાનક તમને મરકમરક કરી મૂકે...

દાખલો આપું. ૨૦૧૧માં 'અલ્પવિરામ' શ્રેણીમાં વક્તવ્ય આપવાનું નિમંત્રણ આપવા આયોજકો વતી હું ત્રણ વાર, ત્રણ અલગ અલગ તારીખોની વાત લઈને ધીરુબહેનને ઘેર ગયેલો. પહેલી વાર એમણે કહ્યું, 'મને વિચાર કરવા દો; કાલે સવારે ફોન કરીને જવાબ આપીશ.' બીજી સવારે બરાબર આઠ વાગે ફોન આવી ગયો કે આ તારીખ એમને નહીં ફાવે. બીજી વાર પણ એ જ થયું. એટલે ત્રીજી વાર ગયો ત્યારે મેં સામેથી કહ્યું, 'હમણા નહીં કહેતાં, કાલે સવારે કહેજો. તમને ના પાડવી, ફોન પર વધુ ફાવે છે.' ત્યારે ધીરુબહેન ધીમું મલક્યાં અને બીજે દિવસે સવારે બરાબર આઠ વાગે ફોન કરીને કહે, 'શું કરું ? મને હા પાડવી પણ ફોન પર વધુ ફાવે છે !'

બીજો દાખલો. તમે જ વિચાર કરો. ધીરુબહેનની જેમ જો તમારા સાહિત્યક્ષેત્રે અસંખ્ય કવિમિત્રો તેમજ વિવેચકમિત્રો હોય જે મારા કરતાં વધુ સાહિત્ય વિશે વિચારીબોલી જાણતા હોય અને દરેક મારાથી ક્યાંય બહેતર વક્તાઓ હોય; તો તમે મારા જેવા ચિઠ્ઠાધારી બૅકસ્ટેજિયાને કહો ?

નહીં ને ? તમે એવું ના કરો કારણ કે તમે ધીરુબહેન નથી. મારી પાસે ભાષણ કરાવી પોતે સાંભળવા બેસવું એ ધીરુબહેનની વિનોદવૃત્તિનો એક પ્રકાર છે.

*

ધીરેન્દ્રબાળા પટેલનો જન્મ ૨૯ મે ૧૯૨૬ના રોજ ગાંધીરંગથી રંગાયેલા ઘરમાં થયો. ઘર પોદ્દાર સ્કૂલ, સાંતાક્રૂઝના પડોશમાં, હંસરાજ વાડીમાં, જે ૨૦૧૫ સુધી ધીરુબહેનનું મુંબઈનું નિવાસસ્થાન રહ્યું. ઘેરે બે મોટા ભાઈ. એક ચૌદ વરસ મોટો, બીજો દસ. પિતા ગોરધનભાઈ વાઘજીભાઈ પટેલ મૂળ ધર્મજ ગામના, પણ વર્ષોથી મુંબઈમાં સ્થાયી. વ્યવસાયે પત્રકાર. પહેલાં 'બૉમ્બે ક્રૉનિકલ' અને પછી 'મુંબઈ સમાચાર' સાથે સંકળાયેલા. માતા ગંગાબહેન સામાજિક કાર્યકર્તા અને આઝાદીની ચળવળમાં સક્રિય. ૧૯૨૬ના અરસામાં જ ગંગાબહેને સાંતાક્રૂઝ સ્ત્રીમંડળની સ્થાપના કરી - જે સંસ્થા આજે પણ વિવિધ સામાજિક અને શૈક્ષણિક ક્ષેત્રે સક્રિય છે. ગંગાબહેન લેખિકા પણ ખરાં. એમણે ત્રણ ભાગમાં આત્મકથા લખી છે.

માતા-પિતા બંનેને પુત્રી-જન્મનો ખૂબ આનંદ. પિતાએ લાડકડીના કાન વીંધાવવાની ના પાડી. કહ્યું, દીકરી મોટી થઈને નક્કી કરશે. આજે પણ ધીરુબહેનના કાન અનવિદ્ધ છે. આ એ જ ગોરધનભાઈ, જે ગંગાબહેન આઝાદીની ચળવળમાં જેલ ગયાં હોય ત્યારે જરૂર પડે તો પોતાના હાથે રસોઈ રાંધી પત્નીને જેલમાં ડબો આપીને ઑફિસે જવામાં નાનપ ન અનુભવે. કદાચ એટલે જ, આજે ધીરુબહેન પોતાને નારીવાદી લેખિકા લેખવાનું ટાળે છે. ધીરુબહેનને સ્ત્રીમાનસની ઊંડી સૂઝ છે એ તો એમની કોઈ

પણ પુરુષપ્રધાન નવલિકા ઊંચકીને બાર પાનાં ફેરવશો એમાં સમજાઈ જશે... જેમ કે ‘આગંતુક’. તો ધીરુબહેન ખરેખર નારીવાદી લેખિકા છે કે નહીં ?

*

એમણે લખેલા મારા પ્રિય ગીતનો અંશ ચકાસીએ :

રંગલો :

ધુતારી ગોઝારી અને ઠગારી નઠારી નારી
સામે એની જોતાં લાગે પાપનો ન પાર છે !
ખોટાં કામ કરતાં ન પાછું વળી જુએ જરી
તીણા ને તેજીલા તીખા ખાંડાની એ ધાર છે ! (૨)

રંગલી :

ઊછર્યો છે જેના ખોળે પાડ તેનો માને નહીં
ચોરી કરી ચોર કેવો થાય શાહુકાર છે !

રંગલો :

જળ છે ત્યાં સ્થળ અને સ્થળનું કરે તું જળ
શાને કાજે રાખે આવો ખોટેખોટો ખાર છે ?

રંગલી :

અવળી અક્કલ તારી સૂઝે નહીં વાત સાચી
નારી એ તો જગતનો સાચો શણગાર છે ! (૩)

*

હવે આપણે ધીરુબહેન તરફ નજર નાખીએ... દેખાશે કે એ પહેરે છે ખાદી, પણ ક્યારેય પોતાને ગાંધીવાદી નથી કહેતાં. ઊલટું એ તો કહે છે કે ગાંધીવિચારધારામાં એમને રસ પડે છે કારણ કે બાપુ પોતે ક્યારેય ગાંધીવાદી નહોતા.

આમાં સમજવાનું એ કે કોઈ પણ વાદે કંઈ પણ કરે એ ધીરુબહેન નહીં.

ઉમાશંકર જોશી સંપાદિત ‘સંસ્કૃતિ’ના ૧૯૮૪ના વિશેષાંકમાં એ પોતાના બાળપણની ઝલક આપતાં લખે છે, ‘કલ્પનાવિહાર અને વાચન - એ બેમાં મારું બાળપણ વીત્યું. સાઇકલ પર બેસીને જુહુને દરિયે એકલી એકલી ફરવા જાઉં પણ તે સામાન્ય પ્રવાસ ન હોય. કંઈ-કેટલાય કાલ્પનિક પ્રદેશો વટાવવાના હોય, કેટલાંય જોખમોનો સામનો કરવાનો હોય, ને મોજાંઓની અનંત સવારી સામે ધરતી પર બરાબર મજબૂતીથી પગ ટેકવી રાખવાના હોય. તેવે વખતે કોઈ સાથે હોય તો મને ગમે નહીં. હજી, સાથે હોય તો ચલાવી લઉં પણ બોલે તે તો ન જ ચાલે. મારા એકાંતનો ભંગ થાય છે એવો ખ્યાલ નહીં પણ કલ્પનાસૃષ્ટિ વિખરાઈ જાય તેનું બહુ દુઃખ લાગે. અમે રહેતાં તે હંસરાજ વાડીમાં અનેક વૃક્ષો. એમાં એક મોટું વડનું ઝાડ તે મારો પહેલા નંબરનો મહેલ, દક્ષિણ દિશાએ આવેલી ઘટાદાર આમલી તે બીજા નંબરનો મહેલ અને ઘરની તદ્દન પાસે આવેલી નાની ચીકુડી તે ત્રીજા નંબરનો મહેલ. નિશાળેથી આવીને દૂધ પીવાનું, સ્વચ્છતાની અમુક વિધિઓમાંથી પસાર થવાનું. પછી તરત એક ચોપડી લઈને રાજમહેલમાં જતા



રહેવાનું. ઊંચે ચડી, ડાળીઓ પર આરામદાયક રીતે ગોઠવાઈને અંધારું થવા આવે ત્યાં લગી વાંચ્યા કરવાનું...’

જેણે ધીરુબહેનનું એકેય લખાણ વાંચ્યું ન હોય એને પણ આટલું ગદ્ય વાંચીને સમજાય કે પેલી નાનકડી છોકરી મોટી થઈ ત્યારે કેવા મોટા ગજાની લેખિકા બની ગઈ !

*

પોદ્દાર સ્કૂલમાં ભણવાથી અને સાંતાક્રૂઝમાં રહેવાથી, ધીરુબહેનને રામપ્રસાદ બક્ષી, ધનસુખલાલ મહેતા અને ભૃગુરાય અંજારિયા જેવા સાહિત્યશ્રેષ્ઠીઓના સ્નેહ અને સદ્ભાવનો લાભ મળ્યો. પરિણામે, ૧૯૪૩માં એલ્ફિન્સ્ટન કૉલેજમાં ઇન્ટમીડિએટ આર્ટ્સ, બૉમ્બે યુનિવર્સિટીમાં પહેલે નંબરે પાસ થયાં તે પહેલાં ૧૯૪૨ના ‘સંદેશ’ના દીપોત્સવી અંકમાં તેમની પહેલી ટૂંકી વારતા પ્રકાશન પામી હતી. યાદ કરાવું, ત્યારે ધીરુબહેનની ઉમ્મર હતી સોળ વરસની !

૧૯૪૮માં એન્ટાયર ઇંગ્લિશ સાથે એમ.એ. થયાં અને ’૪૯થી ભવન્સ કૉલેજ ચોપાટીમાં લેક્ચરર તરીકે જોડાયાં. ’૫૧માં હિન્દી વિષારદ થયાં અને ’૫૪માં ભવન્સ કૉલેજમાં જ પ્રોફેસર તરીકે નિયુક્ત થયાં. ’૫૫માં ધીરુબહેનનાં પહેલાં પુસ્તકોનું પ્રકાશન થયું. એક વારતાસંગ્રહ, ‘આંધળો કૂવો’ અને એક નાટક, ‘પહેલું ઇનામ’.

કોઈને વિચાર આવી શકે... સાહિત્યકાર અને નાટક ? - તો તો પેલા બધા વંચાવવા માટે લખતા હોય છે ને અષ્ટમપષ્ટમ... એવું કંઈ હશે. તો અહીં મારે સ્પષ્ટતા કરવી છે, નાટકના જીવ તરીકે, કે ધીરુબહેને એકેય ‘સાહિત્યિક નાટક’ નથી લખ્યું... એમણે લખેલી એકેએક કૃતિ વાંચતાંવેંત મંચન માગે એવી છે... આ રીતે લખી શકવું.. બીજાના ઉપયોગ માટેનું લખાણ... અભિનેતાઓ, સેટ ડિઝાઈનર્સ, લાઇટ ડિઝાઈનર્સ, દિગ્દર્શકોને ઉપયોગમાં આવે એવું લખાણ લખવું એ કોઈ કાચાપોચા કલમવીરનું કામ નથી. એ માટે એવી આવડત જોઈએ જેનું નામ સાંભળી ઘણા ‘બુદ્ધિજીવીઓ’ બહારથી ભલે મોં મચકોડે, પણ અંદરઅંદર જલી ઊઠે - એ આવડતનું નામ છે કસબ. It takes CRAFT to create a table is so stable that others can eat at it.

૨૦૧૧માં પંચ્યાસી વર્ષની વયે, મુંબઈ શહેરમાં ધીરુબહેને લખેલાં બે નાટકો ચાલતાં હતાં - બન્ને બાળનાટકો - એક - ‘સૂતરફેણી’ - જે દાયકાઓ પહેલાં લખાયેલું અને બીજું તાજું નાટક - મનોજ શાહ દિગ્દર્શિત ‘મમ્મી, તું આવી કેવી ?’. મજાની વાત એ છે કે એ નાટક પરથી ટૂંક સમય પહેલાં ગુજરાતી ફિલ્મ આવી ગઈ પણ નાટકના પ્રયોગો અટક્યા નથી.

*

ધીરુબહેનના મિત્ર કવિ સુરેશ દલાલે સરસ વાત કહેલી : ધીરુબહેન ઇઝ અ લેડી ઑફ ડિસિસન. એક વાર એ નિર્ણય લે પછી શી’ઝ અનસ્ટૉપ્લેબલ !

કેવી ઇનસાઇટફુલ વાત !

સાઠના દાયકાની શરૂઆતના ઍકેડેમિક જીવનમાં ડૂબેલાં ધીરુબહેન ક્રિટિકલ રાઇટિંગ ખૂબ લખતાં. એ સમયનાં ધીરુબહેનની કલમ માણવી હોય તો સોમૈયા કૉલેજના

ગુજરાતી સાહિત્ય મંડળ દ્વારા પ્રકાશિત, સુરેશ દલાલસંપાદિત ‘સમિધ-૨’માં છપાયેલો લેખ વાંચી શકાય. પાંચ પાનાંમાં પાંચ સર્જકોની પાંચ કૃતિઓનો ઉત્તમ ગદ્યમાં ફેંસલો કરી નાખ્યો છે.

આ જ અરસામાં રામભાઈ બક્ષી ધીરુબહેનને મળી ગયા. કહે, ‘ધીરુબહેન, હવે બસ. આ દિશામાં આગળ વધશો તો અમારી માફક પંડિત કે વિવેચક થઈ જશો. તમારે એ નથી થવાનું. બહુ સભાન થઈ જશો તો સર્જકતા ખોઈ બેસશો. એ ન કરશો !’

૧૯૬૨માં છત્રીસ વર્ષની વયે ધીરુબહેને ભવન્સ કૉલેજની નોકરી છોડી દીધી અને ફુલ ટાઈમ લખવાનો નિર્ણય લીધો. આ અરસામાં કૃષ્ણવીર દીક્ષિતને મળવાનું થયું. એ કહે, બાવન પ્રકરણની નવલકથા આપો. ધીરુબહેને ક્યારેય નવલકથા લખી નહોતી તોય તેઓ ‘વારું’, કહીને આવી ગયાં ઘેર. પછી અઠવાડિયાના છ દિવસ ‘ગાંધીજીનો અક્ષરદેહ’ પુસ્તકનો અનુવાદ કરે અને ગુરુવારે નવલકથાનું એક પ્રકરણ લખે. આ નવલકથા ‘વડવાનલ’ - જેના પ્રકાશનથી ધીરુબહેનની ગણના મહત્ત્વના સાહિત્યકારોમાં થવા લાગી.

૧૯૬૭માં સુરેશ દલાલ ખાર રહેતા અને ઘાટકોપર સોમૈયા કૉલેજમાં ભણાવતા, એ દિવસોની વાત છે. એમને ઘેરે ચર્ચા ચાલતી હતી કે લઘુનવલ કોને કહેવાય. ચર્ચા અધૂરી હતી અને સુરેશભાઈએ કૉલેજ જવા નીકળવાનું હતું એટલે ધીરુબહેન પણ સુરેશભાઈ સાથે વાહનમાં બેસી ગયાં. કૉલેજ પહોંચીનેય ચર્ચા પૂરી નહોતી થઈ. હવે સુરેશભાઈએ ક્લાસ લેવા જવાનું હતું. ધીરુબહેને કહ્યું, ‘તમે મને એક નોટબુક અને પેન આપો અને પછી જ્યાં જવું હોય ત્યાં જાઓ.’

સોમૈયા કૉલેજમાં સુરેશભાઈની કેબિનમાં શરૂ થયેલી લઘુનવલ પાંચ દિવસે પૂરી થઈ, નામ - ‘વાંસનો અંકુર’. જાણે ધીરુબહેન કહેતાં, ‘ચર્ચા છોડો ને, સુરેશભાઈ ! લઘુનવલ એટલે આ !’

*

સચિન તેંદુલકરે જેમ ક્રિકેટ ખેલના દરેક સ્વરૂપમાં સેન્ચુરી મારી છે, જેમ કે ટેસ્ટ મૅચ, વન ડે, કે ટી-ટ્વેન્ટી; તેમ જ ધીરુબહેને સાહિત્યના દરેક સ્વરૂપમાં ઓછામાં ઓછી એક સેન્ચુરી તો નોંધાવી જ છે. અનુવાદ હોય કે મૌલિક લખાણ; ટૂંકી વારતા, નવલિકા, લઘુનવલ, નવલકથા, લલિતનિબંધ, અને ખૂબ અંગત એવા - ધીરુબહેન જ લખી શકે તેવાં - નિબંધ, વિવેચન, સંપાદન. ધીરુબહેને બાર વરસ સૌરાષ્ટ્ર ટ્રસ્ટના ‘સુધા’ સામયિકનું સંપાદન કર્યું છે, એ પણ પગાર લીધા વિના, ઓનરરિ કૅપેસિટીમાં - અને આ બધા તો સાહિત્યના ખેલ થયા - આ ઉપરાંત સચિન બૅટ બનાવવાની ફૅક્ટરી નાખે તેમ, એ પ્રકાશક રહી ચૂક્યાં છે ! એટલું જ નહીં પણ પર્ફોર્મિંગ આર્ટ્સના ક્ષેત્રે - સચિન કથકમાં સેન્ચુરી મારે તેમ - ધીરુબહેને રેડિયોનાટકો અને ટેલિપ્લેઝ લખ્યાં છે, અને સચિન ક્રિકેટ એકૅડેમી ખોલે તેમ, બાળનાટકો અને બાળસાહિત્યની આખી દુનિયા ઊભી કરી છે ! અને આ પૂરતું ન હોય તો હિન્દી ફિલ્મોને વખોડવાને બદલે સચિન બૅટ બાજુ પર મૂકી, ચૂનો ચોપડી, ‘લગાન’માં આમીરનો રોલ ભજવે તેમ; ગુજરાતી ફિલ્મોને વખોડવાને



બદલે ‘ઘેર ઘેર માટીના ચૂલા’, ‘વેરની વસૂલાત’, ‘ભવની ભવાઈ’, ‘હેડાહોડા’ અને ‘હારૂન-હરૂન’ જેવી એવૉર્ડ વિનિંગ ગુજરાતી પટકથાઓ આપી છે…

*

છેલ્લે કવિતા પર આવીએ. કદાચ બહુ ઓછાંને ખબર હશે કે ગુજરાતી કાવ્યસંગ્રહ ‘છોળ અને છાલક’ પહેલાં ધીરુબહેને અંગ્રેજી કાવ્યોનો સંગ્રહ આપ્યો છે, ‘કિચન પોએમ્સ’. ૨૦૧૫માં બૅન્ગલોરનાં અભિનેત્રી પદ્માવતી રાવે એ વાંચીને મારો સંપર્ક કર્યો, એમણે સંગ્રહ તખ્તા પર ભજવવો હતો - એકપાત્રી અભિનય સ્વરૂપે. હું દિગ્દર્શન કરીશ ? ત્યારે નાટ્યલેખન સિવાય તખ્તાના દરેક ખાતાથી રિટાયર થયે મારે એક દાયકો થયેલો. મેં પદ્માવતીને પૂછ્યું, હું કેમ ? તો કહે, તમે ધીરુબહેનને ઓળખો છો, એમના ભાવવિશ્વથી પરિચિત છો… મારે કાવ્યોને ન્યાય કરવો છે.. છે કોઈ બીજો દિગ્દર્શક જે આ કામ તમારાથી ચઢિયાતું કરી શકે ? નામ સૂચવો. એની પાસે જઈશ. આવા ખુલ્લેઆમ મસકા કોઈ રૂપાળી સ્ત્રી મારે, પછી ભલભલા પ્રતિજ્ઞાબદ્ધ ઋષિઓની પણ શું વિસાત છે ? અને હું ગમે તે હોઉં, ઋષિ તો નથી જ ! ૨૦૧૫માં ઓપન થયેલું ‘કિચન પોએમ્સ - પોએટ્રી ઇન પર્ફોર્મન્સ’ આજે પણ બેન્ગલોરના તખ્તાને ઉજાળે છે.

*

પણ આ બધાથીય મારે મન મોટી વાત એ છે કે ધીરુબહેન આજે પણ ભાવક છે. વિસ્મય માટે એમના જીવનમાં આજે પણ અવકાશ છે. એટલે મારા જેવાને, અધૂરું હોય તો અધૂરુંય લખાણ, શાહી સુકાય એ પહેલાં ફોન કરી ધીરુબહેનને સંભળાવવાનું મન થાય છે. અને આનંદની વાત એ પણ ખરી કે આવી રીતે ક્યારેક એમનેય નવું લખાણ કે એનો ટુકડો મને સંભળાવવાનું મન થાય છે.

*

ધીરુબહેનને એટલાં સન્માનો અને એવૉર્ડ્ મળ્યાં છે કે એની યાદી ઉડુપી હોટલના મેનુથીય લાંબી બને. એટલે સંક્ષિપ્તર્મ… ધીરુબહેનને ૧૯૮૧માં રણજિતરામ સુવર્ણચંદ્રક, ૧૯૯૬માં ‘દર્શક’ એવૉર્ડ, ૧૯૯૭માં ‘કનૈયાલાલ મુન્શી સન્માન’, ૨૦૦૧માં ‘આગંતુક’ માટે નૅશનલ સાહિત્ય અકાદમી એવૉર્ડ, ૨૦૦૨માં ગુજરાત સાહિત્ય અકાદમીનો ‘મૂર્ધન્ય સાહિત્યકાર’ એવૉર્ડ, ૨૦૦૩માં નૅશનલ લાઇબ્રેરી કલકત્તાનો સેન્ટિનરી સેલિબ્રેશન્સ લિટરરી એવૉર્ડ, ૨૦૦૫માં મહારાષ્ટ્ર રાજ્ય ગુજરાતી સાહિત્ય અકાદમીનો ‘જીવનગૌરવ પુરસ્કાર’, ૨૦૦૭માં સાને ગુરુજી રાષ્ટ્રીય સ્મારક ટ્રસ્ટનો આંતરભારતીય અનુવાદ એવૉર્ડ, ૨૦૦૮માં સાંતાક્રૂઝ સ્ત્રીમંડળનું સન્માન, ૨૦૦૯માં પદ્મા બિનાની વાત્સલ્યરત્ન પુરસ્કાર, ૨૦૧૦માં પ્રિયદર્શિની એકૅડેમી ગુજરાતી સાહિત્ય એવૉર્ડ, ૨૦૧૧માં રામમોહન ત્રિપાઠી સાહિત્ય પુરસ્કાર અને ‘ધર્મજ રત્ન’, ૨૦૧૧માં મહારાષ્ટ્ર રાજ્ય ગુજરાતી સાહિત્ય અકાદમીનો નર્મદ એવૉર્ડ અને ૨૦૧૫માં દિલ્લી સાહિત્ય અકાદમીનો એમનાં સમગ્ર બાળસાહિત્ય માટે નૅશનલ એવૉર્ડ. (Not sure of the specifics of the last but one awards, please check before publishing.) અને

હા, ૨૦૦૩માં એ ગુજરાતી સાહિત્ય પરિષદના પ્રમુખપદે બિનહરીફ ચૂંટાઈ આવ્યાં હતાં. આજે કૌતુક લાગે, પણ ગુજરાતી સાહિત્યનો એ જમાનો પણ હતો.

*

અંતે, ધીરુબહેને ફોન પર કહેલી નાનકડી કથા મારે કહેવી છે. એક માણસ ટ્રેનમાં બિસ્રાપોટલાં માથે લઈને ચડ્યો. ટ્રેન શરૂ થઈ પણ માણસ માથેથી પોટલાં નીચે મૂકે જ નહીં. આજુબાજુવાળા કહે, નીચે મૂકો ને ભાઈ, ઘણી જગ્યા છે. તો માણસ કહે એ તો કેમ મુકાય ? આમાં તો મારો આખો સંસાર છે ! તો કોઈક કહે કે ભાઈ, પણ જ્યાં ટ્રેન જાય છે ત્યાં જ આપણે બધાએ જવાનું છે. પણ તોય માણસનું મન એન્જિનડ્રાઈવરને ભરોસે પોટલાંને અળગાં કરવાને માનતું નથી... પછી ધીરુબહેન કહે, 'નૌશિલભાઈ, મારાં પોટલાં ઠેઠ હવે અળગાં કરવાની હિમ્મત આવી છે... જોઈએ, એન્જિનડ્રાઈવર ક્યાં લઈ જાય છે...' Bon voyage, Dhiruben !

❑

**સાભાર સ્વીકાર**

(૬૬) લાગણી સભર બાળ ઉછેર : અનુ. સ્વાતિ મેઢ, ૨૦૧૬, આર.આર. શેઠ એન્ડ કું મુંબઈ/અમદાવાદ. પૃ. ૧૭૬, રૂ. ૧૫૦/- (૬૭) કેડીઓ કલરવની : ડૉ. આઈ. કે. વીજળીવાળા, ૨૦૧૬, આર.આર. શેઠ એન્ડ કું મુંબઈ/અમદાવાદ. પૃ.૯૬, રૂ. ૮૦/- (૬૮) અનલિમીટેડ લવ : હર્ષદ પંડ્યા 'શબ્દપ્રીત', ૨૦૧૬, આર.આર. શેઠ એન્ડ કું મુંબઈ/અમદાવાદ. પૃ.૧૪૪, રૂ. ૧૨૫/- (૬૯) Superમેમરી : અનુ. હસમુખ ગજ્જર પુનર્મુદ્રણ, ૨૦૧૬, આર.આર. શેઠ એન્ડ કું મુંબઈ/અમદાવાદ. પૃ. ૧૮૪, રૂ. ૧૨૫/-



**સમીક્ષા / ગ્રંથાવલોકન**

# રાગ અને રંગના ઉત્સવનું ઐશ્વર્ય

■ સેજલ શાહ ■

[**'રાગરંગ'** : અભિજિત વ્યાસ, પ્રકાશક : લજ્જા પબ્લિકેશન, વલ્લભવિદ્યાનગર, આણંદ, જુલાઈ ૨૦૧૪, પૃષ્ઠ : ૧૪૬, કિંમત : રૂ.૧૬૦/- ]

સાહિત્ય સિવાયની અન્ય લાલિત્ય કળાની વાત નીકળે અને અચાનક આપણું વર્તુળ નાનું થઈ જાય, એમાંય ગુજરાતીમાં લખનારા એ અંગેના અભ્યાસુ અને વિવેચકોની સંખ્યા પ્રમાણમાં ઓછી. ફિલ્મ અને સંગીતનાં ૧૯થી વધુ પુસ્તકો અભિજિત વ્યાસનાં પ્રગટ થયાં છે. આ ૧૯ જેટલાં પુસ્તકો પર નજર દોડાવીએ એટલે એમના ફિલ્મ અને સંગીતવિષયક બહોળા જ્ઞાનનો તરત જ ખ્યાલ આવી જાય. રાગ અને રંગ સાથેના એમના ઘનિષ્ઠ નાતાનો પરિચય મળી રહે.

ધ્વનિ, રંગ, લય શબ્દને જુદા પાડીને કોઈ એક ચોકઠામાં મૂકીને માણી શકાતા નથી. એ તો સાયુજ્યમાં વધુ નિખરે છે. અનહદની અનુભૂતિ સુધી લઈ જવાની એની તાકાત ગજબની છે. સૂરને સમજવો અને માણવો એ બે જુદી પ્રક્રિયા હોઈ શકે. માણનાર એની ઊંડી શાસ્ત્રીયતા ન જાણતો હોય એવુંય બને. પ્રસ્તુત પુસ્તકમાં સમાવિષ્ટ ૩૦ લેખો ભલે રાગ અંગેના હોય પરંતુ એની શાસ્ત્રીયતાને બદલે એ રાગનો ઐતિહાસિક પરિચય, એની સાથે જોડાયેલી જાણીતી વાર્તાઓ, એ રાગઆધારિત હિન્દી ફિલ્મી ગીતોનો સંદર્ભ આપી લેખ રસપ્રદ બનાવ્યા છે. આ શુષ્ક માહિતી આપતા લેખો બનવાને બદલે સંવાદશૈલીને કારણે અને આત્મલક્ષીતાને કારણે લોકભોગ્ય બન્યા છે. પ્રેત-યોનિના રાગ તરીકે ઓળખાતા રાગ માલકૌસ સાથે જોડાયેલી કેટલીક સ્મૃતિ મનમાં શંકા જન્માવે છે. રાતના આ રાગમાં ખોવાઈ જવું બહુ સ્વાભાવિક છે પરંતુ જે પ્રસંગો અહીં આલેખાયા છે તે મનમાં કુતૂહલ જન્માવે છે કે સાચે જ આ રાગ વખતે કોઈ સાથે આવીને બેસતું હશે જેમ લેખક સાથે બન્યું. એ રસિક અંધારિયા સાથે બન્યું તેમ, કે પછી આ માત્ર આકસ્મિક ઘટના હશે ? ઘણી વાર કેટલીક સ્મૃતિઓનાં રહસ્ય ગજબનાં હોય છે.

રાગ દરબારીની ગંભીરતા અને રાજસત્તાનો પરિચય કરાવતાં તાનસેનના સમયમાં લઈ જાય છે. રાગ દરબારીને મર્દાના રાગ કહેવાય છે અને પુરુષગાયકોને વધુ

શોભે એવી માન્યતા છે. અહીં માહિતી મળે છે કે ઉસ્તાદ હાફીઝઅલીખાં, ઉસ્તાદ અલીઅકબરખાં કે ઉસ્તાદ અમજાદઅલીખાં સરોદ ઉપર આ રાગની જમાવટ કરે તે સાંભળવું લહાવો છે. ફિલ્મ 'લવ ઇન ટોક્યો'નું લતા મંગેશકરે ગાયેલું કે પછી આવારા ફિલ્મનું મુકેશે ગાયેલું ગીત, 'તેરી દુનિયા મેં જી લગતાં નહીં...' વગેરેનાં ઉદાહરણો મળે. પરંતુ ખૂબ મહત્ત્વની બીજી પણ એક માહિતી આ લેખમાં મળે છે.. ભારતીય રાગની જમાવટ કલાકાર/રજૂકર્તા અને શ્રોતાઓ પર નિર્ભર છે. ભારતીય સંગીતમાં રાગનું બંધારણ જાણતો કલાકાર જે-તે રાગને પોતાની રીતે રજૂ કરતો હોય છે. આમ રજૂઆતની સુશોભનકળા ભારતીય સંગીતમાં શક્ય છે જે પાશ્ચાત્ય બંદિશો ચોક્કસ હોવાને કારણે શક્ય નથી. પાશ્ચાત્ય બંદિશો એક વખત સ્વરબદ્ધ થઈ જાય પછી તેમાં ફેરફાર નથી થતો જ્યારે ભારતીય સંગીતના રાગોનું બંધારણ જાણતો કલાકાર તે રાગને પોતાની રીતે રજૂ કરતો હોય છે એટલે પ્રત્યેક રજૂઆત વિશિષ્ટ બનતી હોય છે. રાગને જીવંત અને સહજ બનાવતા આ લેખો આપણને સંગીતની વધુ નજીક લાવે છે. લયના હિલ્લોળની જેમ લેખમાં આવતી કથા-સંગીત-ઇતિહાસ અને ઉસ્તાદોની હાજરી વાચકને સંગીતમય બનાવે છે.

સાહિત્ય અને સંગીત, ચિત્રકામ કે શિલ્પની વ્યક્ત કરવાની/થવાની રીતિ જુદી છે પરંતુ અનુભૂતિના સ્તર પર કળાનો આનંદ મહત્ત્વનો છે. રાગ મલ્હાર એટલે મેઘનો રાગ. વાતાવરણની ભીનાશનો કેફ ચઢાવે એવા આ રાગ સાથે જોડાયેલી દંતકથાને લેખકે યાદ કરી છે. તાનસેને દીપક રાગ રજૂ કર્યો ત્યારે ઉત્પન્ન થયેલા અગનને ઠારવા તાના-રીરી બે બહેનોએ મલ્હાર રાગ ગાઈને શાતા પહોંચાડી હતી. આવી રસિક કથાઓ રાગ સાથે જોડાયેલી છે જે લેખને રસપ્રદ બનાવે છે. વરસાદમાં સંગીત, વરસાદની ફિલ્મમાં જમાવટ અને વરસાદમાં ગવાયેલાં રૉમૅન્ટિક ગીતો અને કવિતાને અહીં યાદ કર્યાં છે. રાગ માલકૌંસ, મોર્નિંગ રાગ, રાગ તોડી, રાગ બિહાગ, રાગ દરબારી, રાગ મેઘમલ્હાર, રાગ ભૂપ કલ્યાણ, રાગ કેદાર, રાગ માંડ, રદ પહાડી, રાગ શિવરંજની, રાગ દીપક વગેરે રાગ પછી સંગીતને લગતા અન્ય લેખોમાં કેટલીક સાંગીતિક સંજ્ઞાઓની સમજ આપી છે તો કેટલાક લેખોમાં સમય, વાતાવરણ, કેટલાક આ ક્ષેત્રના મહારથીઓની વાત કરી છે. મોટાભાગના લેખોમાં આત્મલક્ષિતાનું તત્ત્વ ભળ્યું છે તેથી અંગત અનુભવો અને પસંદો અભિવ્યક્ત થવા પામ્યાં છે. હોળી સાથે જોડાયેલો ફાગણ અને ફિલ્મમાં હોળીનું આલેખન જેવા લેખો કે પછી અમૃતા પ્રીતમની આત્મકથા અંગેના લેખો કે પછી મુંબઈ અંગેનો નિબંધ આપણી બહુ અપેક્ષાઓને સંતોષતા નથી. આ લેખો પરિચયાત્મક પૂરતા સીમિત રહ્યા છે. અહીં લેખકની અંગત અનુભૂતિ અને વિચારોને વ્યક્ત થવાનો અવકાશ મળ્યો છે. લાગણી પ્રદેશમાં વહી જવાનું સહજ જ તેમનાથી બન્યું છે. કેટલાંક વાચકો એથીય વધુ ઇચ્છતા હોય છે.

પાબ્લો પિકાસોનું ચિત્ર ગર્નિકા આધારિત લેખ રંગોના વિશ્વમાં લઈ જાય છે. ભાષાની અભિવ્યક્તિમાં થતી ગરબડ ઉપજાવતાં કેવો અર્થનો અનર્થ સર્જાય છે તે માટે બ્રિટનમાં વાંચેલાં કેટલાંક વાક્યો આપી આખું પ્રકરણ એ વિશે આપેલું છે : 'ગરબડ છે



ભાઈ ગરબડ છે !' મૃત્યુ, ધરતીકંપ, જેવાં પ્રકરણો ફરી પાછા અંગત અનુભૂતિનાં બની જાય પણ એ સમૂહથી જરાય વેગળાં નથી. 'સ્મૃતિમાં રણઝણતા સ્વરો' કલાકારોની ઉદારતા અને જામનગરના મહારાણી દ્વારા થયેલી કલાકારની કદરની અનોખી અનુભૂતિ આપી જાય છે. સંવેદનશીલ કલાકાર ઝાફરખાન સાહેબ જ્યારે લાગણીમય બની જીલ્લા કાફી રાગના જાલા વગાડે છે જે આજે પણ લેખકને યાદ છે અને તેની સ્મૃતિ તે ભાવક સુધી પહોંચાડી શક્યા છે. અભિજિત વ્યાસની લેખનશૈલીમાં સરળતા, સહજતા હોવા છતાં કળાસ્વરૂપને નખશિખ પ્રસ્તુત કરી શકે છે. અહી થયેલી કલાની અનુભૂતિ, રાગની અનુભૂતિ, તેનું સૌંદર્ય મનમાં એક ચિત્ર અંકિત કરી જાય છે. રાગ, ઋતુ, સમય આ બધું જ એક સૂક્ષ્મ રીતે જોડતું જાય અને એનો એક સૌંદર્યઆકાર નિર્માણ થાય છે. એક તરફ પરિચિત ઉદાહરણો આપતાં જાય તો બીજી તરફ એની સંરચનાને પણ સહજ બની સમજાવી દીધી હોય જેની સાથે ભાવક પોતે ગૂંથાઈ ગયો હોય. અને એ જ આ નિબંધોની મઝા છે. કલાના અનુભવની અભિવ્યક્તિ શબ્દસ્થ ક્યાં શક્ય છે પણ એના આનંદની ક્ષણોની વહેંચણી શક્ય છે. અહીં રાગ સાથે કે ભાવ સાથે જે પોતીકાપણું અનુભવાય છે તેમાં લેખકની શૈલીની વિશેષતા છે અને તેમાંના આંતરિક વિશ્વની અનુભૂતિ તો શબ્દમાંથી મળે જ છે. વાચકને આ રાગ અને રંગના ઉત્સવનું ઐશ્વર્ય માણવું ગમશે.

## 'એકાન્તમાં ઊડતાં રહેતાં નક્ષત્રોની આનંદલીલા...' | ડૉ. સિલાસ પટેલિયા

[**'એકાન્તમાં ઊડેલાં નક્ષત્રો' :** રાધેશ્યામ શર્મા, પ્રકાશક : રન્નાદે, અમદાવાદ, પ્ર.આ. ૨૦૧૫, કિંમત : રૂ.૧૨૦/- ]

'એકાન્તમાં ઊડેલાં નક્ષત્રો' રાધેશ્યામ શર્માનો કાવ્યસંચય છે. અછાંદસ રચનાઓની વિલક્ષણતા એ છે કે આ બધી જ કાવ્યકૃતિઓ સીધા સોટા જેવી છે. સીધું આકાશ તરફ જતું કોઈ વૃક્ષ હોય ને પાછું એ ઘેઘૂર પણ હોય, એ જોવું ગમતું હોય છે. વળી એ કલશોરથી ભરેલું હોય કે સન્નાટાની છાયામાં ઘેરાયેલું હોય ત્યારેય ગમે જ છે ને વર્ષામાં પલળતું જાણે સીધો જ વરસાદ ઝીલતું એ દીસે ! આ રચનાઓય આવી જ છે જેમ પેલું સીધા થડે ઊભેલું વૃક્ષ અનેક સંવેદનોમાં આપણને લઈ જાય છે એમ આ કાવ્યસૃષ્ટિ પણ અનેકવિધ સંવેદનોથી ભાવકચિત્તને ઘેરી લે છે.

આ રચનાઓમાં પંખીઓના સંદર્ભો જે રીતે ગૂંથાયા છે એ આનંદજન્ય છે. કેટલાંક ઉદાહરણો :

વીજતારપે/ ઝળૂંબ્યું/ અન્ધતમિસ્ર / ચીબરીની હસતી ધસતી ચીંચીઈઈ
ઉલુકની / જલતી આંખમાં દિવાસળી ચાંપે
નવરા નિશાચરો / જંતર વગાડે ('સૂરજને' પૃ.૧૭)

આ રચનામાં પંખી ત્રણ રૂપોમાં પ્રત્યક્ષ થયાં છે. વીજતાર વડે સ્થળ પ્રગટ થાય છે તો એના પર ઝળૂંબાઈને અવાજ કરતી ચીબરી જોઈ શકાય છે. હસતી ધસતીમાં દૃશ્ય કલ્પન છે તો એના અવાજમાં શ્રાવ્ય કલ્પન છે. તરત ઉલુકનું ચિત્ર. એની જલતી આંખ અને દિવાસળી ચાંપવાની ઘટના ! અંધત્વનો સંદર્ભ અહીં સાકાર થયો છે. ત્રીજા ચિત્રમાં પણ દૃશ્યશ્રાવ્ય કલ્પન છે. 'નવરા'માં રમૂજ છે. 'જંતર' વગાડવાની ક્રિયામાં લીલયા છે. આમ, ત્રણેય ચિત્રોમાં પંખી છે. દૃશ્યશ્રાવ્ય કલ્પનની લીલા વડે એ આબેહૂબ થયાં છે તો માનવીય ભાવસંદર્ભે પ્રતીકાત્મક અર્થ પણ લેવો હોય તો લઈ શકાય એવી આમાં ગુંજાઈશ તો છે જ.

સૂરગાન અર્થે / કોયલને ટહુકવું છે
('કાચિંડા મજબૂર નથી ?')

ગગને ચીરતી / થુવેરિયાની ટોચ પર /
કૂદાકૂદ કરતો કાગડો ('સારંગડો')
અભણ કાબર વચાળ પડ્યો ઝઘડો ('સારંગડો')
કાંઠે તેતરજી તાણતાં ત્યાં ત્રગડો ('સારંગડો')

આ બંને રચનામાં પણ ચારેક પંખીઓની લીલા છે. કોયલને ટહુકવું છે પણ કશુંક રોકે છે. એ બાબત સમગ્ર કાવ્યમાં છે. 'સારંગડો' કાવ્યમાં ત્રણ પંખીઓ મુક્ત છે. એમની આનંદક્રિયા એમની તરલતા-ચંચલતા વડે પ્રગટ થઈ છે. એ દૃશ્યો પણ ગતિશીલ છે. દૃશ્યકલ્પન સુંદર થયાં છે. પંખીઓની આ સૃષ્ટિ સ્વયં આનંદદાયી બની છે.

પંખીઓની જેમ પશુઓની અનેક પ્રકારની ચેષ્ટાઓ અને ગતિવિધિની લીલા પણ આ સંચયની ઘણી રચનાઓમાં રૂપબદ્ધ થઈ છે. એની પણ મજા માણવા યોગ્ય છે. જેમ કે -

કીડી મણ આરોગી ગઈ / હાથી કણના કળણમાં / ફસાઈને ચિંઘાડ નાંખે છે.

આમાં કણ અને મણનો પ્રાસ તો છે જ સાથે સાથે હાથી જેવા મહાકાય પશુને કણના કળણમાં ફસાવાની કરુણતા પણ અહીં છે. 'કણ' આમ ક્ષુલ્લક લાગે પરંતુ 'કળણ'નો અર્થ-સંદર્ભ તો ગજબનો છે. કળણમાંથી નીકળવું દુષ્કર હોય છે. માટે જ કણની પડખે કળણનું હોવું જબ્બર વિરોધાભાસ રચે છે અને એક નવો જ અર્થ પ્રગટાવે છે. કીડીને મણની શી જરૂર ? ને હાથીને કણથી શું થાય ? પરંતુ એમાં જ એને ફસાવાનું બન્યું છે. Absurdityનો એક અર્થ પણ આખીય આ પ્રપંચલીલાને માનવજીવન સાથે સાંકળે છે. 'વેઈટિંગ' કાવ્યમાં નોળિયો-સાપ આદિના સંદર્ભો છે.

પ્રત્યેક કોળિયો / મને /નેળિયામાં
વિચરતા / નોળિયાની યાદ આપે...
ખતમ કરવી છે / બુભુક્ષાની સર્પિણીને.

નેળિયું અને નોળિયામાં અનાયાસ સામ્ય દીસે ને 'ન' 'ળ' 'ય' જેવા વર્ણોનું આવર્તન પ્રસન્ન કરી દે છે તો સીમ અને સન્નાટોય મૂર્ત થઈ રહે છે. ભૂખનો સંદર્ભ માનવીની ભવાઈને પણ સ્પષ્ટ કરે છે. 'પ્યાસ' રચનાની આ પંક્તિઓ વાંચો -

લાગે છે / ઘણી વાર / આગ



એક નાગ છે / સહસ્ર ફેણા
ફૂંફવતો / ગગન ગાજતો હાથીડો.

આગ અને નાગનો પ્રાસ તો છે જ. એક સુંદર ને પ્રભાવક દૃશ્યશ્રાવ્ય કલ્પન પણ અહીં છે. આગ અને નાગની લીલા ! એની સાથે તરત ગગનગાજતો હાથીડો ! ત્રણેય ગતિશીલ તરલચંચલ ચિત્રો રસાળ બન્યાં છે. આરંભની પંક્તિઓ પછીની બધી જ પંક્તિઓમાં જે પૌરાણિક સંદર્ભો છે, એ સનાતન માનવીય નિયતિને ઈંગિત કરે છે. ને તેથી કરીને આગ અને નાગ પ્રતીકાત્મક સંદર્ભ સાથે માનવીય ભાવ રજૂ કરે છે. 'ખાઉં ખાઉં કરતાં' કાવ્યમાં વૃષભ, નંદી આદિ સંદર્ભો છે. 'સાગર' કાવ્યમાં મગરનો સંદર્ભ છે. આવા નાનામોટા અનેક સંદર્ભોમાં પશુજગત વણાયું છે જે અર્થગંભીર વાત લઈને આવે છે. એની મજા છે.

કેટલીક રચનાઓમાં માનવસંબંધ ધબકતો પ્રતીત થાય છે. વિશેષતઃ દામ્પત્યસંબંધ હોય એવીય પ્રતીતિ થાય છે. દા.ત. 'બૉમ્બ', 'અસહાય', 'સંગતિ', 'અબોલ', 'સુગંધ', 'વખડો', 'ડોકિયું', 'પ્યાસ', 'ઘર', 'નારી બારી પણ ખરી ?', 'પ્રણય' આદિ. સીધી રીતે નારીસહજ ભાવ પ્રગટ ના થતા હોય એવું લાગે પરંતુ ખૂબ જ મોઘમમાં અને કલાત્મકતાથી એ અંતે જતાં માનવસંબંધને તાકતા જણાય છે. ખૂબ ધ્યાનથી સરવા કાને એ રચનાનું પઠન સાંભળીએ તો એનાં મૂળ એ ઘર, કુટુંબ, નરનારીનું હૈયું ને એ ઘરેલુ અસબાબમાં આપણને જડે છે.

બુરખો ઓઢીને કો'ક / ઊભું કલ્પનામાં (અનિવાર્ય)
ગ્રીષ્મ / તાપ / નવદંપતીની / શય્યા / પર...
ભૂલથી / નાઈટ લૅમ્પની / સ્વિચ /
પર પંજો - / જાણે / હીરોશીમા / પર
બૉમ્બ.... (બૉમ્બ)
રાતાચોળ ઓષ્ઠ ઊઘડ્યા / પણ કશું
બોલી શક્યા નહીં / નેત્રો નાચ્યાં /
પણ નેહને તોળી શક્યાં નહિ..
બારી બંધ છે / બારણામાં ઊભેલાંની /
સુગંધ છે / કિચૂડાટના હીંચકા
અહીં નથી..
(સુગંધ)
એક રક્તકમલ / ઓષ્ઠ / હરણીના હેતભીના હોઠ તરફ ઝૂક્યો.. (બત્રીસીવાવ)

આ અને આવાં અનેક પંક્તિવલયો અહીં છે. સુંદરતમ ચિત્રાવલિઓ એ રચે છે ને એમાં પેલો સંબંધ ધબકતો સંભળાય છે. એ એટલી નજાકતથી પ્રત્યક્ષ થાય છે કે તાજ્જુબ થઈ જવાય છે ને એની જ તો મજા છે.

નગર સંસ્કૃતિના ફળ રૂપે જે કેટલીક વિડંબના આવી અને એમાંથી જે માનવવ્યથા જન્મી એ આ સંચયની થોડીક રચનાઓમાં શબ્દસ્થ થઈ છે. 'અમદાવાદ-૧૯૯૮'

‘અમદાવાદ-૨૦૧૦’ ,‘ઘર’ ,‘ફૂટપ્રિન્ટ્સ’, ‘હૂરતની મૂરત’ આદિ કાવ્યો આ કોટિનાં છે. આ રચનાઓમાં નગરચેતનાનાં વિધવિધ રૂપો છે. એમાં વ્યંગકટાક્ષ પણ છે. એમાં માનવનિયતિની કરુણતા પણ છે. એમાં બધિરતાનો સૂર પણ છે. જેમ કે -

સૂમસામ સાબરમતી / કેડેથી કૃશ થતી થતી...

કાગડાઓ / માઇક્રોફોન / ઝાલી વિમાસે છે...

કેટ કેટલા કેટલા કેવા કેવા અદૃશ્ય / કોટ પહેરી ઊભું છે / રાજકોટ....

વડોદરા અને સૂરત અંગેનાં કાવ્યો એક સમયની એની જાહોજલાલીને ચિત્રિત કરતાં સુંદર કાવ્યો છે.

કેટલાક શબ્દો - ‘અન્ધતમિસ્ર’ ‘દીવાવિહોણા’ ‘ચિનાર છાયાની નીચે’ ‘એક રક્તકમલ ઓષ્ઠ’ ‘બત્રીસી કોઠાની વાવ’ ‘પાનખરનો અજગર’ ‘હરિયાળા હાલરડાના હિંડોળે’ - આવા આવા તો અનેક શબ્દગુચ્છ અહીં છે. એવા શબ્દો યા શબ્દાવલિઓની મજા એ છે કે સમગ્ર કાવ્યમાં ભાવ સંદર્ભે એ એકદમ યોગ્ય હોય છે. એમાં નાવીન્યનો પુટ હોવાથી એ તરત ગમી જાય છે. લયાન્વિત પદાવલિ રચવામાંય આ તરીકો કારગત નીવડે જ છે.

આમ, કવિના એકાન્તમાં ઊડેલાં નક્ષત્રોના અજવાળે એ ધન્ય થયા જ હશે, તો જ આવી રચનાઓ રચાતી આવે ને ! ભાવકની ચેતનામાં પણ એકાન્ત રચાય છે અને એમાં ઊઘડતા આવે છે અનેક નક્ષત્રો, જેની સુંદર અજવાસભાતને મનોમન માણવાનો આનંદ ધન્ય બનાવે છે.

## કૃતિકેન્દ્રી લખાણો : ‘કૃતિગત’ | કલ્પના દવે

[**‘કૃતિગત’** (વિવેચન) : વિજય શાસ્ત્રી, આદર્શ પ્રકાશન,અમદાવાદ, પ્ર.આ. ૨૦૧૪, પૃ.૧૫૮, કિંમત : રૂ.૧૫૦/- ]

‘કૃતિગત’ વિજય શાસ્ત્રીનો ૧૧મો વિવેચનસંગ્રહ છે. તેની સામગ્રી પાંચ પેટા ખંડોમાં વિભાજિત થઈ છે. ‘વિવેચન’ વિભાગમાં વિવેચનાત્મક કૃતિઓ, નવલકથા વિભાગમાં ચાર નવલકથાઓ, ત્રીજા ખંડમાં ટૂંકીવાર્તા, ચોથામાં પુસ્તકાવલોકનો અને પાંચમામાં અનુવાદપ્રક્રિયાવિષયક સામગ્રી છે.

૧૯૪૬માં પ્રકાશિત સુન્દરમ્‌ના ગ્રન્થ ‘અર્વાચીન કવિતા’નું વિગતે નિરીક્ષણ-પરીક્ષણ થયું છે તો ઉમાશંકરના ‘સમયરંગ’ વિશેના સુદીર્ઘ લેખમાં સર્જક અને તંત્રી તરીકેની ઉમાશંકરની પ્રતિભાનું ચિત્ર સંપડાવ્યું છે. ઈ.૧૯૭૮ના અરસામાં પશ્ચિમમાં Ecocriticism, Ecopolitics, Green [Culture] Studies, environmental studies જેવાં વિવિધ નામે ઓળખાતી જે પ્રવૃત્તિ શરૂ થઈ તેનો પરિચય માઇકલ મેડેવેલ અને વિલિયમ રુકેટના તદ્‌વિષયક અભ્યાસને આધારે અપાયો છે.

સૂરત ખાતે યોજાયેલા ગુજરાતી સાહિત્ય પરિષદના ૨૭મા જ્ઞાનસત્રમાં રજૂ



થયેલા જયંત પાઠક વિશેના અભ્યાસપત્રમાં લેખકે વિવેચક જયંત પાઠકની વિવિધ મુદ્રાઓ ઉપસાવી આપી છે. ઉમાશંકરની ‘પારકાં જણ્યાં’ અને જૉસેફ મૅકવાનની ‘આંગળિયાત’ નવલકથાના સઘન વાચન બાદ થયેલી સમીક્ષા કૃતિસમીક્ષાનું સશક્ત ઉદાહરણ બની રહે છે. માય ડિયર જયુની ‘ઝુરાપાકાંડ’ રચનાને સુરેશ જોષીધારાની બળવાન કૃતિ તરીકે ઓળખાવાઈ Lyrical Novel તરીકે સમીક્ષા થઈ છે. વાર્તાવિભાગમાં ઉમાશંકરની ‘શ્રાવણી મેળો’થી આરંભ થાય છે. વાર્તાકાર બ્રોકર, પન્નાલાલની પાત્રસૃષ્ટિ જેવા લેખોમાં પરમ્પરાની વાર્તારચનાઓની રચનાદૃષ્ટિએ સમીક્ષા થઈ છે તો સુરેશ જોશીની લાંબીટૂંકી વાર્તા ‘વિદુલા’ અને સુમન શાહની ‘દોરડું લઈને કૂવામાં’ જેવી પરમ્પરાને ચાતરીને ચાલતી કૃતિઓનું નવ્ય રસશાસ્ત્ર તપાસાયું છે.

પુસ્તકાવલોકનોના વિભાગમાં જયદેવ શુક્લના ‘ખંડકાવ્ય’ વિશેના પુસ્તકની સહૃદયી સમીક્ષા થઈ છે અને વીનેશ અંતાણીકૃત ‘બીજે ક્યાંક’ નવલકથાના ઘટના-સંવિધાનને પાત્રાલેખન જોડે મૂકી તપાસાયું છે.

પાંચ ખંડ અને ૨૭ લખાણોમાં વિભાજિત ‘કૃતિગત’ માટે સમગ્રતયા એમ કહી શકાય કે લેખકની સાતત્યપૂર્ણ અભ્યાસનિષ્ઠા, સમદર્શિતા અને તુલનાત્મક દૃષ્ટિકોણ એમાં ઠેર ઠેર અનુભવાય છે. પ્રત્યેક લેખને છેડે આપેલી સંદર્ભસૂચિ પણ ઉપયોગી બને તેવી છે.

❑

### સાભાર સ્વીકાર

(૭૦) તીરે તીરે નર્મદા : અમૃતલાલ વેગડ, પુનર્મુદ્રણ-૨૦૧૬, આર.આર. શેઠ એન્ડ કું મુંબઈ/અમદાવાદ. પૃ.૨૧૦, રૂ. ૧૭૫/- (૭૧) વનમિનિટ મેનેજર : સ્પેન્સર જોહનસન : પુનર્મુદ્રણ-૨૦૧૬, આર.આર. શેઠ એન્ડ કું મુંબઈ/અમદાવાદ. પૃ.૧૧૨, રૂ. ૯૯/- (૭૨) કોલંબસ અને વાસ્કોદ ગામા ભારતમાં કેમ ન પાક્યા : સ્વામી સચ્ચિદાનંદ, ૨૦૧૬, ગૂર્જર પ્રકાશન, અમદાવાદ, પૃ. ૧૪+૧૨૨, રૂ. ૮૦/- (૭૩) લક્ષદ્વીપ પ્રવાસ : સ્વામી સચ્ચિદાનંદ, ૨૦૧૬, ગૂર્જર પ્રકાશન અમદાવાદ, પૃ. ૧૨+૭૬, રૂ.૫૦/- (૭૪) જિંદગીની ટેલિસ્કોપી : ડૉ. ચંદ્રકાન્ત મહેતા, ૨૦૧૬, ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય, અમદાવાદ, પૃ. ૧૦+૬૬, રૂ. ૧૮૦/-

# આપણી વાત

■ સંકલન : પ્રફુલ્લ રાવલ ■

- તા.૨૭-૨-૨૦૧૭ના રોજ ગુજરાતી સાહિત્ય પરિષદ અને એસ.એન.ડી.ટી. આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, મુંબઈના ઉપક્રમે તારાબેન મંગળદાસ વ્યાખ્યાનમાળા અંતર્ગત શ્રી સેજલ શાહે 'સાહિત્યસંશોધનની પ્રક્રિયા અને લોકસાહિત્યના સંશોધનક્ષેત્રે ઝવેરચંદ મેઘાણીનું પ્રદાન' વિષય પર મુંબઈ ખાતે વ્યાખ્યાન આપ્યું હતું.
- તા.૧-૩-૨૦૧૭ના રોજ ગુજરાતી સાહિત્ય પરિષદ અને ગુજરાતી ભાષા-સાહિત્યભવન સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટના ઉપક્રમે શ્રી કે. બી. વ્યાસ વ્યાખ્યાનમાળા અંતર્ગત શ્રી બિપીન આશરે 'ભાષાઅધ્યયનની પરંપરા - ગુજરાતી ભાષા સંદર્ભે' વિષય પર રાજકોટ ખાતે વ્યાખ્યાન આપ્યું હતું.
- તા.૯-૩-૨૦૧૭ના રોજ ગુજરાતી સાહિત્ય પરિષદ અને પુરુષાર્થ શિક્ષણ સંકુલ, ભાણવડના સંયુક્ત ઉપક્રમે શ્રી પી. જે. ઉદાણી લોકસાહિત્ય વ્યાખ્યાનમાળા અંતર્ગત શ્રી શાંતિલાલ રાણિંગાએ 'લોકસાહિત્યના ત્રણ મહાન સ્તંભ' વિષય પર વક્તવ્ય આપ્યું હતું.
- તા.૧૦-૩-૨૦૧૭ના રોજ સુધા દેસાઈ વ્યાખ્યાનમાળા અંતર્ગત શ્રી મહેન્દ્રસિંહ પરમારે 'લાભશંકર ઠાકરનાં નાટકો' વિષય પર અહિરછત્ર સંસ્કાર કેન્દ્ર, ભાવનગર ખાતે વ્યાખ્યાન આપ્યું હતું.
- તા. ૧૪-૩-૨૦૧૭ના રોજ ગુજરાતી સાહિત્ય પરિષદ અને શેઠ એસ. ડી. શેઠિયા કૉલેજ ઑફ એજ્યુકેશન, મુંદ્રા ખાતે શ્રી વિશ્વનાથ મગનલાલ ભટ્ટ વ્યાખ્યાનમાળા અંતર્ગત શ્રી દર્શના ધોળકિયાએ 'ધીરેન્દ્ર મહેતાની વિવેચક પ્રતિભા' વિષય પર વ્યાખ્યાન આપ્યું હતું.
- તા.૨૪-૬-૨૦૧૭ના રોજ શ્રી ચંદ્રકાન્ત શેઠપ્રેરિત બાલમિત્ર વ્યાખ્યાનમાળા અંતર્ગત શ્રી પુષ્પા અંતાણીએ 'બાલવાર્તા અને હું' વિષય પર રોટરી હૉલ, હૉસ્પિટલ રોડ, ભુજ-કચ્છમાં વક્તવ્ય આપ્યું હતું.
- તા.૨૭-૬-૨૦૧૭ના રોજ ગુજરાતી સાહિત્ય પરિષદ અને મહિલા કૉલેજ ભારતીય વિદ્યાભવન જામનગર-એકમના ઉપક્રમે વાર્તાકાર જનક ત્રિવેદી વ્યાખ્યાનમાળા અંતર્ગત શ્રી મુનિકુમાર પંડ્યાએ 'મલયાનિલ'ના વાર્તાસંગ્રહ 'ગોવાલણી અને બીજી વાતો' - શતાબ્દીવર્ષ સંદર્ભે જામનગર ખાતે વક્તવ્ય આપ્યું હતું.



**અભિનંદન**

સત્ત્વશીલ સાહિત્યસર્જન દ્વારા પ્રજાજનોમાં મૂલ્યનિષ્ઠાનું સંવર્ધન-સંગોપન કરનારા મૂર્ધન્ય સર્જકને ગુજરાતી સાહિત્ય પરિષદ દ્વારા પચ્ચીસ હજાર રૂપિયા, સ્મૃતિચિહ્ન તથા શાલ અર્પણ કરીને 'સચ્ચિદાનંદ સન્માન' દ્વારા સન્માનિત કરવામાં આવે છે.

**૨૦૧૩ : શ્રી ગુલામમોહમંદ શેખ**
**૨૦૧૪ : શ્રી ધ્રુવ ભટ્ટ**
**૨૦૧૫ : શ્રી હિમાંશી શેલત**
**૨૦૧૬ : શ્રી મોહન પરમાર**

આ ચારેય સર્જકોને અભિનંદન. શ્રી હિમાંશી શેલતે સૈદ્ધાંતિક રીતે આ સન્માન સ્વીકારવાની અનિચ્છા દર્શાવી છે.

## આમંત્રણ

સચ્ચિદાનંદ સન્માન તથા ગુજરાતી સાહિત્ય પરિષદનાં વર્ષ ૨૦૧૪-૨૦૧૫નાં પારિતોષિક વિતરણનો સમારંભ તા. ૨૨-૭-૧૭ ને શનિવારે યોજવામાં આવ્યો છે. રસ ધરાવતા સહુને આ કાર્યક્રમમમાં ઉપસ્થિત રહેવા હાર્દિક આમંત્રણ છે.

**તારીખ :** ૨૨-૭-૨૦૧૭ શનિવાર
**સમય :** બપોરે ૩.૦૦
**સ્થળ :** રા. વિ.પાઠક સભાગૃહ, ગુજરાતી સાહિત્ય પરિષદ, ગોવર્ધન ભવન, આશ્રમ રોડ, અમદાવાદ-૯.

❖

## પરિષદના કાર્યક્રમો

ગુજરાતી સાહિત્ય પરિષદ, અમદાવાદ તથા ગુજરાતી ભાષાસાહિત્ય ભવન, ગુજરાત યુનિવર્સિટીના સંયુક્ત ઉપક્રમે શ્રી વિશ્વનાથ મગનલાલ ભટ્ટ વ્યાખ્યાનમાળા અંતર્ગત ડૉ. વિજય પંડ્યા 'સંસ્કૃત સાહિત્યના વિવેચક (અને અનુવાદક) શ્રી ઉમાશંકર જોશી' વિષય પર વક્તવ્ય આપશે.

**તારીખ :** ૨૧-૭-૨૦૧૭ ને શુક્રવારે બપોરે ૧૨.૦૦ કલાકે
**સ્થળ :** ઉમાશંકર જોષી હોલ, ગુજરાતી ભાષાસાહિત્ય ભવન, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ.

**તારીખ :** ૨૯-૭-૨૦૧૭ને શનિવારે પુરસ્કાર-મીમાંસા એક દિવસીય પરિસંવાદ.
**સ્થળ :** રા. વિ.પાઠક સભાગૃહ, ગુજરાતી સાહિત્ય પરિષદ, ગોવર્ધન ભવન, આશ્રમ રોડ, અમદાવાદ-૯.

- જીવનસંઘર્ષ વ્યાખ્યાનશ્રેણી અંતર્ગત સમાજશાસ્ત્ર વિષયના પ્રા.ખેવના દેસાઈએ ‘સામાજિક મૂલ્યો અને તત્કાલીન સમાજ’ વિશે વિશ્વકોશભવનમાં તા.૩૧-૫-૨૦૧૭ના રોજ વક્તવ્ય આપ્યું હતું.
- ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટની વિદ્યા-દીપક વ્યાખ્યાનશ્રેણી અંતર્ગત શ્રી કૃષ્ણકાંત ઉનડકટે ‘જિંદગી અને સફળતા’ વિષય પર વિશ્વકોશભવનમાં તા.૨૪-૫-૨૦૧૭ના રોજ વક્તવ્ય આપ્યું હતું.
- ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટની ભદ્રંકરવિદ્યાદીપક જ્ઞાનવિજ્ઞાન વ્યાખ્યાનશ્રેણી અંતર્ગત શ્રી કાનજી પટેલે ‘આદિવાસી ભાષા અને સાહિત્યના વિશેષો’ વિષય પર વિશ્વકોશભવનમાં તા.૨૪-૫-૨૦૧૭ના રોજ વક્તવ્ય આપ્યું હતું.
- તા.૨૮-૫-૨૦૧૭ની સાંજે હૈદરાબાદના રવીન્દ્ર ભારતી સભાગૃહમાં એન.ટી.આર. વિજ્ઞાન ટ્રસ્ટનો અગિયારમો અખિલ ભારતીય પુરસ્કાર (એન.ટી.આર. એવૉર્ડ ૨૦૧૭) ગુજરાતી સર્જક ડૉ. રઘુવીર ચૌધરીને અર્પણ થયો. જેમાં મેનેજિંગ કમિટીના અધ્યક્ષ અને તેલંગણા રાજ્યના સલાહકાર ડૉ. સી.વી. રમણ સમારંભના પ્રમુખ હતા. આ પ્રસંગે જસ્ટિસ નરસિંહ રેડ્ડી, જસ્ટિસ શિવશંકર વગેરેએ વક્તવ્યો આપ્યાં હતાં.
- સાહિત્ય શિક્ષણ અને ગ્રામપુનરુત્થાન ક્ષેત્રે વિશિષ્ટ પ્રદાન કરનાર પ્રતિભાઓ કે સંસ્થાઓને પુરસ્કારવાના હેતુથી રચાયેલ શ્રી મનુભાઈ પંચોળી-દર્શક ફાઉન્ડેશનનો ૨૦૧૬નો એવૉર્ડ અર્પણ કાર્યક્રમ ફાઉન્ડેશનના પ્રમુખ શ્રી મધુકરભાઈ પારેખના અધ્યક્ષસ્થાને તા.૨૯-૬-૨૦૧૭ના રોજ ‘લોકનિકેતન-રતનપુર’ના પ્રાંગણમાં યોજવામાં આવ્યો હતો. આ પ્રસંગે શ્રી અનિલ ગુપ્તા અતિથિવિશેષ તરીકે ઉપસ્થિત રહ્યા હતા. શિક્ષણક્ષેત્રે નમૂનેદાર અને વિશિષ્ટ પ્રદાન કરનાર સ્વ.હરિસિંહભાઈ ચાવડાની સંસ્થા ‘લોકનિકેતન રતનપુર’ અને ‘શૈશવ’ સંસ્થા, ભાવનગરને ‘દર્શક ફાઉન્ડેશન’નો શિક્ષણ એવૉર્ડ એનાયત કરવામાં આવ્યો હતો.
- ગાંધીનગર સાહિત્યસભાના પ્રમુખ તરીકે નટવર હેડાઉની વરણી કરવામાં આવી છે. તેમને અભિનંદનવ્
- ગુજરાતીમાં ઉત્કૃષ્ટ પ્રદાન કરવા માટે અપાતો ‘કાવ્યમુદ્રા’ વિનોદ નિઓટિઆ એવૉર્ડ : ૨૦૧૭ જાણીતાં લેખિકા શ્રી ધીરુબહેન પટેલને તા. ૨૦-૫-૨૦૧૭ના રોજ સાંજે ૬-૦૦ કલાકે ગુજરાત વિશ્વકોશભવનમાં અર્પણ કરવામાં આવ્યો હતો.



## પત્રસેતુ

૧૦મી મે, ૨૦૧૭

પ્રતિ
આદરણીય તંત્રીશ્રી : ‘પરબ’

માનનીય સાહેબ,

સવિનય વિનંતી કે નીચે મુજબનો ખુલાસો વહેલી તકે ‘પરબ’માં પ્રસિદ્ધ કરશો.

શ્રીમતી નીલાબહેનનો પત્ર વાંચ્યો : એમની રજૂઆતના સંદર્ભમાં મારે સ્પષ્ટતા કરવાની કે...

(૧) જાન્યુઆરી, ’૧૭, વિદેશી સાહિત્ય ‘નવલકથાકાર લોરેન્સ’ એ પરિચય - લેખ છે, સંશોધનલેખ તરીકે લખ્યો નથી.
(૨) લેખકનાં મૂળ નવલકથાવાક્યોની પ્રસ્તુતિ વાજબી છે. કારણ કે લેખકની વિચારસરણીનો સૌ સુજ્ઞવાચકોને પ્રત્યક્ષ પરિચય થાય.
(૩) પ્રાચીન લેખકો તેમજ અન્ય ભાષાના લેખકો વિશે લખવાની હજુ સુધી કોઈએ પણ, કોઈ રીતે મનાઈ ફરમાવી નથી.
(૪) આજૉદિન સુધી શેકસ્પિયર અને લોરેન્સ ઇત્યાદિ સંદર્ભે અભ્યાસલેખો લખાય છે, છપાય છે એ હકીકત છે.

આ પ્રકારની ગેરસમજ દૂર થાય એ જરૂરી છે.

લિ. સુરેશ શુક્લ

## સાભાર સ્વીકાર

(૭૫) સમાજની સોનોગ્રાફી : ડૉ. ચંદ્રકાન્ત મહેતા, ૨૦૧૬, ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય, અમદાવાદ, પૃ. ૧૦ +૧૭૦, રૂ. ૧૮૦/- (૭૬) સુભાષિત-સૌરભ : કુલીનચંદ્ર યાજ્ઞિક, ૨૦૧૫, ગૂર્જર પ્રકાશન, અમદાવાદ, પૃ. ૧૦+૧૯૮, રૂ. ૩૦૦/- (૭૭) આપણું અત્તર આપણી સુવાસ : ચંદ્રકાન્ત શેઠ, ૨૦૧૬, આર. આર. શેઠ ઍન્ડ કંપની પ્રા. લિ. મુંબઈ/અમદાવાદ, પૃ.૧૨૦, રૂ. ૯૯/-

## આ અંકના લેખકો

| | |
|---|---|
| કરસનદાસ લુહાર | : ૩૯, 'કલ્પવૃક્ષ', શ્રીજીનગર, મહુવા-૩૬૪૨૯૦ |
| કલ્પના દવે | : એ-૫૧/૫૨, શ્રાવસ્તિ કોમ્પલેક્સ, યુગધર્મ ટાવર સામે, લિંક રોડ, ગોરેગાંવ, મુલુડ, મલાડ (વે) મુંબઈ-૬૪. |
| ચન્દ્રકાન્ત ટોપીવાળા | : ડી/૬, પૂર્ણેશ્વર ફ્લૅટ, ગુલબાઈ ટેકરા, અમદાવાદ-૩૮૦૦૧૫ |
| દક્ષા વ્યાસ | : કોટ, વ્યારા-૩૯૪૬૫૦ |
| દિવાન ઠાકોર | : ૫૨, અંબિકા ટેનામેન્ટ, નિકોલ રોડ, પો.ઠક્કરબાપાનગર, અમદાવાદ-૩૮૨૩૫૦ |
| ધરમાભાઈ શ્રીમાળી | : એમ-૨, સરકારી વસાહત (જૂની), લાલબંગલા પાસે, પાલનપુર, જિ. બનાસકાંઠા-૩૮૫૦૦૧ |
| નિરંજન ભગત | : ઈ/૨૩, જલદર્શન ફ્લૅટ, આશ્રમરોડ, અમદાવાદ-૩૮૦૦૦૯ |
| નૌશિલ મહેતા | : નંદનવન, બીજે માળે, તેજપાલ સ્કીમ, મેઇન રોડ, વિલેપાર્લે (ઇસ્ટ) મુંબઈ-૫૭. |
| પરેશ નાયક | : ૨/૪, મૃદુલ પાર્ક, ગુલબાઈ ટેકરા, પોલિટેકનીક રોડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૧૫. |
| પ્રફુલ્લ રાવલ | : ૩, રાજમહેલ ફ્લૅટ, આઈઓસી કૉલોની રોડ, વીરમગામ-૩૮૨૧૫૦ |
| ભગીરથ બ્રહ્મભટ્ટ | : ગ્રેસ બંગલો, પ્લૉટ-૮૬૪, એલિકોન ગાર્ડન પાસે, મહાદેવ વિસ્તાર, વલ્લભવિદ્યાનગર-૩૮૮૧૨૦ |
| મણિલાલ હ. પટેલ | : સહજ, બંગલો, શાસ્ત્રી માર્ગ, શાંતાબા પાર્ક પાસે, વલ્લભવિદ્યાનગર-૩૮૮૧૨૦ |
| મનોજ માહ્યાવંશી | : આસિ. પ્રોફેસર, ગુજરાતી વિભાગ, સિલવાસા કૉલેજ, નરોલી, યુટીઓફ દાદરા એન્ડ નગર હવેલી-૩૯૬૨૩૫ |
| મનોહર ત્રિવેદી | : ૧૪, પ્રકૃતિ હોમ્સ, શેલાગામ રોડ, કલબ ૦૭ની પાસે, બોપલ, સરખેજ રિંગરોડ, અમદાવાદ-૩૮૦૦૫૮ |
| યોગેશ જોષી | : બી/૩૦૩, અર્જુન ગ્રીન્સ, વિશ્વેશ્વર ફ્લેટ પાસે, નીલકંઠ મહાદેવ પાસે, રન્નાપાર્ક, અમદાવાદ-૩૮૦૦૬૧ |
| રઘુવીર ચૌધરી | : એ/૬, પૂર્ણેશ્વર ફ્લેટ, ગુલબાઈ ટેકરા, અમદાવાદ-૩૮૦૦૧૫ |
| રમણ સોની | : ૧૮, હેમદીપ સોસાયટી, દિવાળીપુરા, જૂના પાદરા રોડ, વડોદરા-૩૯૦૦૧૫ |
| રાધેશ્યામ શર્મા | : ૨૫, ભુલાભાઈ પાર્ક, ગીતામંદિર રોડ, અમદાવાદ-૩૮૦૦૨૨ |
| વિજય રાજ્યગુરુ | : ૪૦, ગૌતમેશ્વરનગર, રાજકોટ રોડ, પુલ પાસે, સિહોર, જિ. ભાવનગર-૩૬૪૨૪૦ |
| વિષ્ણુ પંડ્યા | : ૩૬, સાકેત રો હાઉસ, મેમનગર, અમદાવાદ-૫૨ |
| સંસ્કૃતિરાણી દેસાઈ | : ૨/સી, નાનિક નિવાસ, વૉર્ડન રોડ, મુંબઈ-૪૦૦૦૨૬ |
| સિતાંશુ યશશ્ચન્દ્ર | : બી/૨, ચમેલી બાગ, યુનિવર્સિટી ગેસ્ટ હાઉસ પાસે, વડોદરા-૩૯૦૦૦૧. |
| સિલાસ પટેલિયા | : ૨૧, સેફટોન ક્લાસિક, એસબીએસ કૉલોની, ડીલક્ષ ચાર રસ્તા, નિઝામપુરા, વડોદરા-૩૯૦૦૦૨ |
| સુરેશ શુક્લ | : ૬/બી, ચંદ્રજ્યોત સોસાયટી, વેજલપુર રોડ, અમદાવાદ-૩૮૦૦૫૧ |
| સેજલ શાહ | : ૧૦/બી, અંબિકાનગર, લોખંડવાળા કૉમ્પલેક્સ, આકલી રોડ, કાંદિવલી (ઈસ્ટ), મુંબઈ-૪૦૦૧૦૧ |
| હર્ષદ ત્રિવેદી | : 'સુરતા', એ/૧૧, નેમીશ્વર પાર્ક, તપોવન પાસે, મુ. અમિયાપુર, જિ. ગાંધીનગર-૩૮૨૪૨૪ |



'ધૂમકેતુ' જન્મ સવાશતાબ્દી અભિવાદન

**ગુજરાતી હોવાનું ગૌરવ ફરી એક વખત**

'ગૂર્જર' દ્વારા 'ધૂમકેતુ'ના જન્મની શતાબ્દી વખતે તેમનાં પુસ્તકોનું પ્રકાશન કર્યું હતું. હવે તેમના જન્મની સવાશતાબ્દી પ્રસંગે તેમની ચૌલુક્ય ગ્રંથાવલિ અને ગુપ્તયુગ ગ્રંથાવલિની કુલ ૨૯ નવલકથાઓનું એક સાથે પ્રકાશન કરવામાં આવ્યું છે. આ ઉપરાંત 'ધૂમકેતુ'ની શિરમોર વાર્તાઓ 'તણખામંડળ'ના તમામ ખંડોની સંયુક્ત આવૃત્તિ નવી સજાવટ સાથે પ્રકાશિત કરી છે.

આટલી ઓછી કિંમતે આ પુસ્તકો હવે ફરીથી નહિ મળે !

**ચૌલુક્યયુગ નવલકથાવલિ**

| | |
|---|---|
| પરાધીન ગુજરાત | ₹ 350 |
| ગુર્જરપતિ મૂલરાજદેવ - 1 | ₹ 225 |
| ગુર્જરપતિ મૂલરાજદેવ - 2 | ₹ 225 |
| વાચિનીદેવી | ₹ 225 |
| અજિત ભીમદેવ | ₹ 250 |
| ચૌલાદેવી | ₹ 250 |
| રાજસંન્યાસી | ₹ 250 |
| કર્ણાવતી | ₹ 260 |
| રાજકન્યા | ₹ 250 |
| બર્બરકજિષ્ણુ જયસિંહ સિદ્ધરાજ | ₹ 250 |
| ત્રિભુવનગંડ જયસિંહ સિદ્ધરાજ | ₹ 250 |
| અવંતીનાથ જયસિંહ સિદ્ધરાજ | ₹ 250 |
| ગુર્જરેશ્વર કુમારપાલ | ₹ 250 |
| રાજર્ષિ કુમારપાલ | ₹ 225 |
| નાયિકાદેવી | ₹ 240 |
| રાય કરણ ઘેલો | ₹ 250 |

**ગુપ્તયુગ નવલકથાવલિ**

| | |
|---|---|
| આમ્રપાલી | ₹ 250 |
| નગરી વૈશાલી | ₹ 250 |
| મગધપતિ | ₹ 250 |
| મહાઅમાત્ય ચાણક્ય | ₹ 240 |
| ચંદ્રગુપ્ત મૌર્ય | ₹ 240 |
| સમ્રાટ ચંદ્રગુપ્ત | ₹ 240 |
| પ્રિયદર્શી અશોક | ₹ 250 |
| પ્રિયદર્શી સમ્રાટ અશોક | ₹ 250 |
| મગધ સેનાપતિ પુષ્યમિત્ર | ₹ 225 |
| મહારાણી કુમારદેવી | ₹ 250 |
| ભારતસમ્રાટ સમુદ્રગુપ્ત - 1 | ₹ 250 |
| ભારતસમ્રાટ સમુદ્રગુપ્ત - 2 | ₹ 240 |
| ધ્રુવદેવી | ₹ 135 |

**ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય**

રતનપોળનાકા સામે, ગાંધીમાર્ગ, અમદાવાદ-380001

■ ફોન : 22144663, 22149660 ફૅક્સ : 22144663

■ ઇ-મેઇલ : *goorjar@yahoo.com*

**ગૂર્જર સાહિત્ય પ્રકાશન** : 102, લેન્ડમાર્ક બિલ્ડિંગ, ટાઇટેનિયમ સિટીસેન્ટર પાસે, સીમા હૉલની સામે, 100 ફૂટ રોડ, પ્રહ્લાદનગર, અમદાવાદ-15.
ફોન : 26934340, મો. 9825268759 ઇમેલ : gurjarprakashan@gmail.com

## રંગદ્વાર પ્રકાશન

G-15, યુનિવર્સિટી પ્લાઝા, દાદાસાહેબનાં પગલાં, નવરંગપુરા, અમદાવાદ-૩૮૦૦૦૯
ફોન નંબર : 079-27913344, વેબસાઇટ : http://www.rangdwar.com

### નવાં પ્રકાશનો

| | | | |
|---|---|---|---|
| આજની નારી | દિવ્યાશા દોશી | ચરિત્રલેખો | 250 |
| વણજોયું મહુરત | અનુ. દક્ષા પટેલ | વાર્તાસંગ્રહ | 180 |
| એકલવીર સનત મહેતા | ડંકેશ ઓઝા | ચરિત્ર | 200 |
| મન માટીમાં | ઘનશ્યામ પટેલ | કાવ્યસંગ્રહ | 120 |
| ધુમાડા વિનાની ધૂણી | અનુપમ બુચ | સંસ્મરણો | 180 |
| દશ પાશ્ચાત્ય નવલિકાઓ | અનુ. રેમંડ પરમાર | વાર્તાસંગ્રહ | 200 |
| રણની વચ્ચે | વીનેશ અંતાણી | વાર્તાસંગ્રહ | 100 |
| *बिन्दु से सिन्धु की ओर* | *सं. नियाझ पठान* | *विवेचन* | 350 |
| વિજય બાહુબલી | રઘુવીર ચૌધરી | નવલકથા | 120 |
| એક મુઠ્ઠી આસમાન | અનુ. રેમંડ પરમાર | નવલકથા | 200 |
| લોકલીલા | રઘુવીર ચૌધરી | નવલકથા | 160 |
| રસવૈભવ | નીતિન ત્રિવેદી | વાર્તાસંગ્રહ | 200 |
| સોક્રેટીસથી માર્ક્સ | મનુભાઈ પંચોળી | ચિંતન | 130 |
| શ્રાવણનો પાઠ | હિતેષ પંડ્યા | નિબંધ | 80 |
| વિસામા વિનાની વાટ | સં. રમેશ ર. દવે ર. ચૌધરીની વાર્તાઓ | | 180 |
| સોમતીર્થ | રઘુવીર ચૌધરી | નવલકથા | 200 |
| આજની ઘડી તે... | કંદર્પ ર. દેસાઈ | નવલકથા | 160 |
| આવરણ | રઘુવીર ચૌધરી | નવલકથા | 140 |
| Steps towards Mastering Gujarati | રેમંડ પરમાર | શિક્ષણ | 400 |



## કવિ શ્રી સુન્દરમ્‌ના નવા કાવ્યસંગ્રહો

| | | | | |
|---|---|---|---|---|
| ૧. | પલ્લવિતા | ૧૯૯૫ | ૮+૩૫૬ | રૂ. ૧૬૦ |
| ૨. | મહાનદ | ૧૯૯૫ | ૭+૧૯૩ | રૂ. ૮૦ |
| ૩. | પ્રભુ-પદ | ૧૯૯૭ | ૧૩+૪૪૧ | રૂ. ૨૨૫ |
| ૪. | અગમ નિગમા | ૧૯૯૭ | ૧૧+૨૯૨ | રૂ. ૧૫૦ |
| ૫. | પ્રિયાંકા | ૧૯૯૭ | ૧૧+૩૬૭ | રૂ. ૧૫૦ |
| ૬. | નિત્યશ્લોક | ૧૯૯૭ | ૧૨+૧૮૮ | રૂ. ૧૦૦ |
| ૭. | નયા પૈસા | ૧૯૯૮ | ૧૩+૩૩૩ | રૂ. ૧૭૫ |
| ૮. | વરદા | ૧૯૯૮ | ૧૯+૫૨૯ | રૂ. ૨૫૦ |
| ૯. | ચક્રદૂત | ૧૯૯૯ | ૯+૨૫૯ | રૂ. ૧૨૫ |
| ૧૦. | લોકલીલા | ૨૦૦૦ | ૧૩+૨૫૨ | રૂ. ૧૦૦ |
| ૧૧. | દક્ષિણા-૧ | ૨૦૦૨ | ૧૭+૩૨૩ | રૂ. ૫૦ |
| ૧૨. | મનની મર્મર | ૨૦૦૩ | ૧૦+૩૮૭ | રૂ. ૫૦ |
| ૧૩. | ધ્રુવયાત્રા | ૨૦૦૩ | ૧૨+૩૪૫ | રૂ. ૫૦ |
| ૧૪. | ધ્રુવચિત્ત | ૨૦૦૪ | ૧૭+૨૭૪ | રૂ. ૫૦ |
| ૧૫. | ધ્રુવપદે | ૨૦૦૪ | ૧૧+૨૫૩ | રૂ. ૫૦ |
| ૧૬. | શ્રીમાતાજીના સાન્નિધ્યમાં-૧ | ૨૦૦૫ | ૧૬+૩૨૦ | રૂ. ૨૦૦ |
| ૧૭. | શ્રીમાતાજીના સાન્નિધ્યમાં-૨ | ૨૦૦૫ | ૧૬+૩૭૦ | રૂ. ૨૦૦ |
| ૧૮. | શ્રીમાતાજીના સાન્નિધ્યમાં-૩ | ૨૦૦૬ | ૩૨+૩૧૭ | રૂ. ૨૫૦ |
| ૧૯. | મંગળા-માંગલિકા | ૨૦૦૭ | ૨૮+૨૩૮ | રૂ. ૧૫૦ |
| ૨૦. | તું ક્યાં... હું ક્યાં !? | ૨૦૦૮ | ૨૮+૩૦૫ | રૂ. ૨૫૦ |
| ૨૧. | સ્વાગતમ્ ગીતવાહીને | ૨૦૦૯ | ૧૬+૨૦૭ | રૂ. ૧૫૦ |
| ૨૨. | 'સાવિત્રી'ના કાવ્યખંડો (અનુવાદ : શ્રી અરવિન્દના મહાકાવ્ય Savitriમાંથી. મૂળ અંગ્રેજી સાથે) | ૧૯૯૫ | ૨૪+૪૭૩ | રૂ. ૩૦૦ |
| ૨૩. | દક્ષિણા-૨ (અનુવાદ : શ્રી અરવિન્દના Last Poems, More Poems, Collected Poems, મૂળ અંગ્રેજી સાથે) | ૨૦૦૨ | ૧૮+૬૭૬ | રૂ. ૫૦ |

**આ તમામ સંગ્રહોનાં પ્રાપ્તિસ્થાન :**

૧. ગ્રંથવિહાર, ગુજરાતી સાહિત્ય પરિષદ, ટાઇમ્સ ઑફ ઇન્ડિયા પાછળ, આશ્રમમાર્ગ, અમદાવાદ-૩૮૦૦૦૯
૨. ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય, રતનપોળનાકા સામે, ગાંધી માર્ગ, અમદાવાદ-૩૮૦ ૦૦૧

**ધ્યેયની સ્પષ્ટતા ગતિને સાર્થક કરે છે**

આપણે કાંઈ ને કાંઈ પુરુષાર્થ તો રોજ કરતા જ રહીએ છીએ, પણ એ પુરુષાર્થની સફળતાની આધારશિલા છે : ધ્યેયની સ્પષ્ટતા.

આપણું ધ્યેય સ્પષ્ટ હોય તો જ, તેને સામે રાખીને કરેલી ગતિ સાર્થક બને છે; એ ગતિ પ્રગતિમાં રૂપાંતર પામે છે. ધ્યેયની સ્પષ્ટતા અને તે પછી, તે માટેના પુરુષાર્થનું સાતત્ય જરૂરી છે. આ સરળ નથી. તેમાં વિઘ્ન આવે તોપણ તે ધ્યેયનો વિકલ્પ ન સ્વીકારવો. ધ્યેયપ્રાપ્તિની તીવ્રતા એ વિઘ્નોને વિખેરી નાખે છેઃ ઓળંગી જવાનું બળ આપે છે.

માટે, ધ્યેય સિદ્ધ ન થાય ત્યાં સુધી અવિરામપણે મંડ્યા રહેવું તે સિદ્ધિની પૂર્વશરત છે.

ગામ જવા નીકળ્યા, પણ થોડું ચાલીને જો બીજી દિશાના ગામે જવા વિચાર્યું. એટલે વિઘ્ન શરૂ ! તેથી ધ્યેયની સ્પષ્ટતાની જેમ નિશ્ચલતા પણ તેટલી જ જરૂરી છે. તેમાં ચંચળતા ન ચાલે. નિર્ણય લેતાં પહેલાં 'આ કે તે' વિકલ્પ ભલે શોધ્યા કરીએ - એ ચાલે. પણ પછી નહીં.

તે નિર્ણય પછી તબક્કો ગતિનો આવે છે. ગતિ જ પ્રગતિનું રૂપ લે છે અને ધાર્યા ગામ અને ઠામ પહોંચાય છે. માત્ર ચાલવાથી ગામ નથી પહોંચાતું. પણ જે ગામ જવું છે તે ગામની દિશામાં ચાલવાથી તે ગામ પહોંચાય છે - જરૂર પહોંચાય છે.

ધ્યેયની સ્પષ્ટતા ગતિને સાર્થક કરે છે.

(પાઠશાળા) - પ્રદ્યુમ્નસૂરિ


સ્થાનસમર્પિત

નિમેષભાઈ ડગલી

**એમ.બી. ટ્રેડિશનલ પ્રિન્ટ્સ પ્રા. લિમિટેડ**

૩/એ, અલકાપુરી સોસાયટી, ઉસ્માનપુરા ચાર રસ્તા પાસે,

આશ્રમ રોડ, અમદાવાદ-૩૮૦૦૧૩. ફોન : ૩૨૯૦૬૬૫૫




સાહિત્યકૃતિ કે ગ્રંથના આસ્વાદન-અર્થઘટન-મૂલ્યાંકન સુધીનો વ્યાપ પ્રત્યક્ષ વિવેચનનો છે, કૃતિવર્ણન કે કૃતિ વિશ્લેષણ, કૃતિ વિશે સ્વતંત્ર, કેન્દ્રીભૂત પ્રતિભાવ આપવો. એટલે કૃતિ કે ગ્રંથને કેન્દ્રમાં રાખતાં વિવેચનોને આપણે પ્રત્યક્ષ વિવેચનના એક મહત્ત્વના ને મૂળભૂત ક્ષેત્રે ચર્ચી શકીએ. કેમ કે આખરે તો સાહિત્યકૃતિ જ સર્વ વિવેચનના કેન્દ્રમાં છે.

**- રમણ સોની**

મને ગમતી કૃતિની વિશેષતા તારવવાનું મને ગમે છે. સંસ્કૃત કાવ્યશાસ્ત્ર અને પાશ્ચાત્ય સાહિત્યશાસ્ત્રનો અભ્યાસ હોવા છતાં હું મારી રીતે કૃતિ પાસે જાઉં છું. વિવેચનમાં જો સૌથી વધારે ને લોકપ્રિય અને સર્જનને લાભકર્તા હોય તો તે આસ્વાદમૂલક વિવેચન છે.

**- મોહન પરમાર**

પુસ્તકનો સઘન અભ્યાસ કરી પુસ્તકમાંનાં રસસ્થાનો ચીંધી બતાવવાનો મારો પ્રયત્ન રહ્યો છે. મને હંમેશા કૃતિકેન્દ્રી આસ્વાદલક્ષી અભિગમ ગમ્યો છે.

**- રતિલાલ બોરીસાગર**

સંપાદન વિવેચનનો જ એક પ્રકાર છે. સંપાદક ચયન કરે છે ત્યારે સઘન વાંચન કરી મૂલ્યાંકન પણ કરતો હોય છે. અત્યંત પરિશ્રમ અને ધીરજપૂર્વકના ચયનનું ફળ એટલે સંપાદન.

**- ઈલા નાયક**

વિષય તરીકે ગમે તે ભાષાનો અધ્યાપક સૌપ્રથમ સાહિત્યનો અધ્યાપક છે. આસ્વાદમૂલ્યાંકનની પ્રવૃત્તિ દ્વારા નાનુંમોટું વિવેચનકાર્ય આપણે કરતા આવ્યા છીએ. કેટલાક મિત્રોની આ પ્રવૃત્તિ વર્ગ પૂરતી સીમિત રહી નથી અને એમની વિવેચનની ગંભીર ઉપાસનાનાં સફળ પણ આપણને મળ્યાં છે. ગુજરાતી ભાષાસાહિત્યના અધ્યાપન સાથે સંકળાયેલાઓનાં વિવેચનકાર્યને બાજુ પર રાખતાં બાકી શું રહે એનો હિસાબ માંડવા જેવો છે.

**- રમણલાલ જોશી**

પુસ્તક શું કરી શકે એ વાંચવાની ટેવ ન હોય એને કઇ રીતે સમજાવી શકાય ? કોઈ ઔષધ કે મનોચિકિત્સક, મિત્ર કે ગુરુ કરતાં વધુ અસર પુસ્તક કરી શકે છે એ મારો તો વ્યક્તિગત અનુભવ છે.

**- શરીફા વીજળીવાળા**


સ્થાનસમર્પિત

**ડૉ. અરુણ જે. કક્કડ**

એસોસિએટ પ્રોફેસર, હેડ ઑફ ગુજરાતી ડિપાર્ટમેન્ટ,

દેવમણિ કૉલેજ, વિસાવદર

## આપણાં સુખ-દુઃખ તુલનાનાં !

વિચાર કરતાં એમ લાગે કે આ તુલનાશક્તિની તો કેવી ખૂબી છે !

મનમાં એક વિચાર ચાલતો હતો, મોં મલકાતું હતું. પોતાની જાતને મોટી સમજતો હતો, સુખી માનતો હતો. અચાનક જ કાંઈ યાદ આવ્યું; તેની સાથે સરખામણી થવી શરૂ થઈ. મોં પડી ગયું ! સુખ રાખ થઈ ઊડી ગયું. દુઃખના વિચારોથી મન હવે કડવું થઈ ગયું. મનમાં પીડા ઊપડી. અજંપો થયો. દેહમાં વેદના થઈ આવી... એવામાં બીજું કંઈ યાદ આવ્યું. કોઈકે આવી વધુ દુઃખી માણસની વાત કરી. એ સાંભળી મનને સારું લાગ્યું ! પેલી વેદના ઓસરવા લાગી.

શું છે આ ? તુલનાની આ તે કેવી તાકાત ?

મેળામાં મહાલવા એક માણસ જતો હતો. મસ્તીભરી ચાલ હતી અને ગળામાંથી ગીતોના સૂર રેલાતા હતા. એવામાં રસ્તે ઉતાવળે ચાલતા માણસોના પગ પર નજર પડી. અનેક નર-નારીને એ જાત જાતનાં પગરખાં પહેરીને જતાં જોયાં. રે નસીબ ! મસ્તીનાં ગીતો વરાળ થઈ ઊડી ગયાં ! હાય રે ! મારા પગમાં કાંઈ નહીં ? હું ઉઘાડપગો ! અટકી ગયો. મોળો પડી ગયો. દુઃખી દુઃખી થઈ ગયો ! આગળ વધતાં, ચકડોળ પાસે એક ઠેલણગાડીમાં સૂતેલો માણસ જોયો. આને તો પગ જ ન હતા ! તેને જોયો અને થયું : હાશ ! મને પગ તો છે ! મલકાયો. મનને ઘેરી વળેલો વિષાદ દૂર થયો.

આપણે, આપણાં સુખ-દુઃખને કશીયે સરખામણી વિના તેના સ્વરૂપને પામીએ અને સ્વીકારીએ તો કેવું સારું ? જ્યારે તુલના કરીએ છીએ ત્યારે જ ઉપાધિ આવે છે ! આમ, આપણાં સુખ-દુઃખ વાસ્તવિક છે જ નહીં. કશી તુલના વિના જ જો સુખ-દુઃખનો વિચાર કરીએ તો કેવું સારું. અરે ! આપણે કોઈને સારા કે ખોટા કહીએ છીએ એ પણ અન્યની સરખામણીએ જ ને ?

હવે, તુલનાના કશા વળગણ વિના વિચારવાની ટેવ પાડવા જેવી છે.

તુલના બધે ખપની નથી.

(પાઠશાળા) - પ્રદ્યુમ્નસૂરિ


સ્થાનસમર્પિત

**વસન્ત આત્મા ચેરિટેબલ ટ્રસ્ટ**

ગુજરાત સ્ટીલ ડિસ્ટ્રિબ્યૂટર

અમદાવાદ




## અમેરિકા નિવાસી મધુસૂદન કાપડિયા કાવ્યાસ્વાદનો રસપ્રદ કાર્યક્રમ કરી રહ્યા છે.

**આ માસના કાવ્યાસ્વાદો :**

- ગોપી તારાં નેપુર રણઝણ વાજતાં રે - નરસિંહ મહેતા
- કસુંબીનો રંગ - ઝવેરચંદ મેઘાણી
- જૂનું ઘર ખાલી કરતાં - બાલમુકુન્દ દવે
- સોનચમ્પો - બાલમુકુન્દ દવે
- વડોદરા નગરી - બાલમુકુન્દ દવે

**પૂર્વ થયેલા કાવ્યાસ્વાદોની ઝલક :**

- નરસિંહ મહેતા - જળકમળ છાંડી જા ને...
- બ. ક. ઠા. - ભણકારા
- નરસિંહરાવ દિવેટિયા - મંગલ મંદિર ખોલો
- હરિહર ભટ્ટ - એક જ દે ચિનગારી
- શ્રીધરાણી - ભરતી
- સુન્દરમ્ - મેરે પિયા
- ઉમાશંકર - ગયાં વર્ષો, રહ્યાં વર્ષો તેમાં
- જયન્ત પાઠક - થોડો વગડાનો શ્વાસ
- ઉશનસ્ - વળાવી બા આવી
- પ્રહ્લાદ પારેખ - આજ અંધાર ખૂશ્બોભર્યો લાગતો
- રાજેન્દ્ર શાહ - આયુષ્યના અવશેષે
- નિરંજન ભગત - મુંબઈ નગરી
- રઘુવીર ચૌધરી - ફૂટપાથ અને શેઢો

અને બીજા અનેક.

આ અને આગામી કાવ્યાસ્વાદો તમારું ઈમેઈલ એડ્રેસ મધુસૂદનભાઈને madhu.kapadia38@gmail.com ઉપર મોકલશો તો તમને નિયમિત મળશે.


**રન્નાદે પ્રકાશન**

૫૮/૨, બીજે માળે, દેરાસર સામે, ગાંધી રોડ, અમદાવાદ-૩૮૦૦૦૧

ફોન : ૨૨૧૧૦૦૮૧-૨૨૧૧૦૦૬૪

## દરેક શાળાઓ, કોલેજો, ગ્રંથાલયો, વિદ્યાર્થીઓ તથા વાલીઓએ વસાવવાલાયક તથા ભેટ આપવાલાયક પુસ્તક

ગુજરાતી બેસ્ટસેલર




૫૦,૦૦૦ ઉપરાંત નકલો વેચાઈ ચૂકી છે.

# એક અભિપ્રાય

'શિક્ષક એટલે વર્ગમાં ભણાવે અને વિદ્યાર્થી એટલે માત્ર શિક્ષકે શીખવેલું સાંભળ્યા કરે' એ ન્યાયે આપણું આખુંય શિક્ષણનું માળખું ચાલતું હોય, ત્યારે શિક્ષકના કાર્યક્ષેત્રમાં માત્ર ભણાવવા ઉપરાંત વિદ્યાર્થીને અંગત માર્ગદર્શનનો સમાવેશ કરવાનો વિચાર આવવો અને આ વિચારનો અમલ કરવો, એ બંને બાબતો માટે ડૉ. પંચાલનો અભિગમ સાચે જ અભિનંદનીય છે. વધુમાં, આ નવા વિસ્તરેલા કાર્યક્ષેત્રના અનુભવોનો નિચોડ પુસ્તક પ્રગટ કરી અન્ય શિક્ષકોને તેમના સાચા ધર્મ તરફ ઇશારો કરવાની ડૉ. પંચાલની હિંમત પણ દાદ માંગી લે છે. ડૉ. પંચાલે લખેલા આ પુસ્તકનું નામ પણ આખીય વિદ્યાર્થીઆલમની અકળામણ વ્યક્ત કરે છે. 'અમારે માત્ર સાંભળવાનું જ નહિ, ઘણું બધું કહેવાનું પણ હોય છે, સાહેબ. તમે નહિ સાંભળો તો બીજું કોણ સાંભળશે ?' વિદ્યાર્થી અને શિક્ષકનો આ નવો સંબંધ માત્ર આધુનિકતા જ નહિ પણ એક તાતી જરૂરિયાત છે, એ વાત તરફ આખાય શિક્ષણજગતનું ધ્યાન ખેંચવામાં આ પુસ્તક સફળ નીવડે તેવી શુભેચ્છા.

**- ડૉ. પ્રતીક્ષા હરેન્દ્ર રાવલ**

**(પુસ્તકની પ્રસ્તાવનામાંથી)**



**રન્નાદે પ્રકાશન**

૫૮/૨, બીજે માળે, દેરાસર સામે, ગાંધી રોડ, અમદાવાદ-૩૮૦૦૦૧

ફોન : ૨૨૧૧૦૦૮૧-૨૨૧૧૦૦૬૪

**માધ્યમિક-ઉચ્ચતર માધ્યમિક તથા કૉલેજો માટે ઉપયોગી કેટલાંક વિવેચન**

| પુસ્તકનું નામ | લેખકનું નામ | કિંમત રૂ. |
|---|---|---|
| (ભાવન - આહ્‌લાદ - રંગવિહાર | કૃષ્ણવીર દીક્ષિત | ૧૬૧.૦૦ |
| કથાદીપ - લહર (પુ.૫) (વિવેચન) | | |
| સરસ્વતીચંદ્ર : વીસરાયેલા વિવેચનો | સંપા. : જયંત કોઠારી/ | |
| (વિવેચન) | કાંતીભાઈ શાહ | ૪૬.૫૦ |
| પડછાયાનો ઘોંઘાટ : કવિતા | ચિનુ મોદી | ૨૮૫.૦૦ |
| (કવિતા અંગેના લેખોનું ચયન) | | |
| સૂત્રબદ્ધ (વિવેચન) (એજન્સી) | રાજેન્દ્ર પટેલ | ૨૧૦.૦૦ |
| વિનેશ અંતાણીની વાર્તાસૃષ્ટિ : | મનોજ પરમાર | ૧૪૦.૦૦ |
| એક અધ્યયન(વિવેચન) (એજન્સી) | | |
| યોર્કશાયર, યુ. કે.માં ગુજરાતી | અહમદ ગુલ | ૫૦.૦૦ |
| ભાષાસાહિત્યનો આલેખ (વિવેચન) (એજન્સી) | | |
| પ્રૂફરીડિંગ (વિવેચન) (એજન્સી) | જિતુ ત્રિવેદી | ૭૦.૦૦ |
| કૃતિ પ્રસાદ (વિવેચન) (એજન્સી) | દિનેશ દેસાઈ | ૮૫.૦૦ |
| ગ્રંથગોષ્ઠિ (વિવેચન) (એજન્સી) | બાબુ દાવલપુરા | ૧૨૫.૦૦ |
| ગુજરાતી ટૂંકી વાર્તામાં ઘટનાતત્ત્વનો હ્રાસ (વિવેચન) (એજન્સી) | દિગ્વિજયસિંહ રાઠોડ | ૨૨૫.૦૦ |
| અવલોકનીય (વિવેચન) (એજન્સી) | દિનેશ દેસાઈ | ૧૩૫.૦૦ |
| બાળસાહિત્ય વિમર્શ (વિવેચન) (એજન્સી) | સોમાભાઈ પટેલ | ૭૦.૦૦ |
| અર્વાચીન ગુજરાતી ગીત વિશે (વિવેચન) (એજન્સી) | ભગીરથ બ્રહ્મભટ્ટ | ૯૦.૦૦ |
| મથવું ન મિથ્યા (વિવેચન) (એજન્સી) | રમણ સોની | ૧૫૦.૦૦ |
| સમીક્ષા કેનવાસે (વિવેચન) (એજન્સી) | ડૉ. લવકુમાર દેસાઈ | ૧૨૦.૦૦ |
| અવનવી દિશા (વિવેચન) (એજન્સી) | સુરેશ શુક્લ | ૨૧૫.૦૦ |
| લઘુકથા વિમર્શ (વિવેચન) (એજન્સી) | રમેશ ત્રિવેદી | ૮૫.૦૦ |
| અર્વાચીન ગુજરાતી ગીત વિશે (વિવેચન) (એજન્સી) | ભગીરથ બ્રહ્મભટ્ટ | ૯૦.૦૦ |

## વિવેચનલેખસૂચિ ક્ષેત્રે અનોખી પહેલ




પ્રસ્તુત પુસ્તકમાં ટૂંકી વાર્તા આસ્વાદ, ટૂંકી વાર્તા સમીક્ષા, ટૂંકી વાર્તા સ્વરૂપ, ટૂંકી વાર્તા સંશોધન, ટૂંકી વાર્તા સંપાદન, બાળવાર્તા, લઘુકથા, ઈત્યાદિનો સમાવેશ કરેલ છે. ૧૯૨૪થી ૨૦૧૫ સુધીના સમયગાળાને આવરી લેતું ૧૬૮ પાનાનું આ પુસ્તક ૨૧૨૯ અધિકરણો, ૩૫૦ વિવેચકો, ૫૨૦ વિવેચનગ્રંથો, ૯૧૭ કૃતિઓ અને ૩૫૩ કૃતિના સર્જકોનો રસથાળ આપણને પીરસે છે.




પ્રસ્તુત પુસ્તકમાં નવલકથા આસ્વાદ, નવલકથા સમીક્ષા, નવલકથા સ્વરૂપ, નવલકથા સંશોધન, લઘુનવલ આસ્વાદ, લઘુનવલ સમીક્ષા, લઘુનવલ સ્વરૂપ અને લઘુનવલ સંશોધનનો સમાવેશ કરેલ છે. ૧૯૩૪-૨૦૧૫ સુધીના સમયગાળાને આવરી લેતું ૨૮૦ પાનાનું આ પુસ્તક ૩૦૧૫ અધિકરણો, ૪૫૦ વિવેચકો, ૫૫૬ વિવેચનગ્રંથો, ૧૦૪૬ કૃતિઓ અને ૫૨૩ કૃતિના સર્જકોની વિગત આપણી સમક્ષ રજૂ કરે છે.

**ગુજરાતી સાહિત્યના અધ્યાપકો, ગ્રંથપાલ, સંશોધકો, વગેરે માટે**
**અત્યંત ઉપયોગી સંદર્ભગ્રંથની ગરજ સારતાં પુસ્તકો**

**પ્રાપ્તિસ્થાન : ગ્રંથવિહાર**
ગુજરાતી સાહિત્ય પરિષદ, ટાઈમ્સ પાછળ, નદી કિનારે, આશ્રમ માર્ગ,
અમદાવાદ-૩૮૦૦૦૯ • ફોન : ૨૬૫૮ ૭૯૪૯